छोटालाल सहस्री.

રચનાર

છોટાલાલ સેવકરામ,
કચ્છદેશાધિપતિ શ્રીમન્મહારાજાના સેક્રેટરી.

Blessings be with them—and eternal praise,
Who gave us nobler loves, and nobler cares—
The *poets*—who on earth have made us heirs
Of truth and pure delight by heavenly lays.

धर्मार्थकाममोक्षेषु वैचक्षण्यं कलासु च ।
करोतिकीर्तिं प्रीतिं च साधुकाव्यनिषेवणम् ॥

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ.

સંવત ૧૯૫૬. ઈ. સ. ૧૮૯૯.

મૂલ્ય આઠ આના.

છોટાલાલ સહસ્રી.

રચનાર

છોટાલાલ સેવકરામ,

કચ્છદેશાધિપતિ શ્રીમન્મહારાજાના સેક્રેટરી.

Blessings be with them—and eternal praise,
Who gave us nobler loves, and nobler cares,
The *poets*—who on earth have made us heirs
Of truth and pure delight by heavenly lays.

धर्मार्थकाममोक्षेषु वैचक्षण्यं कलासु च ।
करोति कीर्तिं प्रीतिं च साधुकाव्यनिषेवणम् ॥

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ.

સંવત્ ૧૯૫૩. ઈ. સ. ૧૮૯૬.

મૂલ્ય આઠ આના.

શ્રીમન્ મહારાજાધિરાજ મિરઝા મહારાઓ

શ્રી બેંગારજી સવાઈ બહાદુર,

જી. સી. આઇ. ઇ.

(મનહર છંદ)

ન્યાય અને નીતિ વિષે અચળ અમળ મતિ,
સત્ત્વગુણી, સત્યશીળ, ધૈર્યના ભંડારજી,
પ્રભુ-પરાયણ સદા, વિચાર ઉદાર ઉર,
જ્ઞાનના આગાર, સદાચારના શૃંગારજી;
પવિત્ર ચરિત્ર ચારુ પ્રજામાં પ્રસિદ્ધિ પામ્યાં,
ગ્રંથમાં ગૂંથાઈ તે ગવાય દ્વાર દ્વારજી;
રાગદ્વેષ બંધનમાં બંધાયા છે ભલા ભલા,
કર્યા તે વિકાર પરા નૃપ શ્રી ખેંગારજી! ૧

એ આદિ અનેક ગુણ સહસ્રીમાં વર્ણવ્યા
એવા ગુણગણ વસે આપમાં શ્રીકારજી,
નિરાકાર છતાં એ તો આપના આચાર વિષે
પ્રત્યક્ષ પ્રમાણરૂપ શોભે છે સાકારજી;
જુગતે જુગતા એવા જોગનો અલભ્ય લાભ
પેખી આ પ્રસંગે મન મુદિત અપારજી;
અરપું અનન્ય ભાવે ગ્રંથ તેથી આપને આ
ધારો કરકમળમાં નૃપ શ્રી ખેંગારજી! ૨

छोटाल ल स सै.

પ્રભુસ્તુતિ.

(દોહરા.)

સદા શ્રેયકર શારદા, આપો માત પ્રસાદ;
ચિંતા નાસે ચિત્તની, ઉર વાધે આહ્લાદ. ૧

અકળ ઈશ પ્રભુ એક છો, વિશ્વંભર સુખકાર;
નમીં નમીં શિર વંદન કરૂં, કૃપા કરો કરતાર. ૨

આશ ધરી ઉરમાં અધિક, શ્રદ્ધા પૂર્ણ સહિત;
નિરાશ કરશો નહિ કદી, હરિ કરજો મમ હિત. ૩

કર્તા હર્તા હરિ તમે, પ્રાણી સાધન-ભૂત;
મિથ્યા ગર્વ કરી મરે અજ્ઞાની અદ્ભુત. ૪

પ્રભુ આશ્રય સત્ય છે.

ઓથ અવરની નામની, જો પ્રભુની નહિ હોય;
અવલંબન હરિનું ગ્રહો મોદ ધરી સહુ કોય. ૫

પાલવ પકડે પ્રભુતણો, તેને શી પછી ન્યૂન ?
મનસ્વી થઈ વરતે સદા, હરિ ચરણમાં લુન્ય. ૬

પ્રભુ વિષે.

વિશ્વ રૂપી નાટકતણો સૂત્રધાર સર્વેશ;
પાત્ર ભાગ નિજ ભજવશે યથાવિધિ આદેશ. ૭

રાત દિવસ રક્ષે તને, હે માનવી મતિમાન !
રક્ષક પશુ પક્ષીતણો એનો એ ભગવાન. ૮

પવન વિષે પણ આપ છો, પાણીમાં પણ આપ;
અવની ને આકાશમાં આપ આપને આપ. ૯

આપ ભ્રમર, આપજ કમળ, આપજ રંગ સુવાસ,
આપ વાસનાગ્રાહી છો, આપ પ્રગટ સૌ પાસ. ૧૦

લાખો ઘટમાં પ્રગટ જે, રવિ–પ્રતિબિંબ જણાય;
ઘટઘટમાં વ્યાપી રહ્યો પ્રભુ પોતે પેખાય. ૧૧

ગળપણ જ્યમ શેલડીવિષે, તલમાં જેમ ચીકાશ,
સુગંધી જેમ સુમન વિષે, ચૈતન દેહ પ્રકાશ. ૧૨

જુઓ સર્વેકો જીવનો આદિ સનાતન બ્રહ્મ;
જ્યમ મૃતિકાના ઘટ વિષે મૃતિકા વસ્તુ રમ્ય. ૧૩

વ્યાપક રૂપ પ્રભુ આપનું, નિરાકાર પણ આપ;
ભેદ મતિથી જો ભજે, એ તો અતિ ભૂલથાપ. ૧૪

વાંસળીમાં પણ આપ છો, સપ્ત સુરમાં આપ,
વગાડનારા આપ છો, મોહિત જન પણ આપ. ૧૫

બીજમાં આપ બિરાજતા, ડાળ પાનમાં આપ,
ફળ ફૂલમાં પણ આપ છો, રસમાં રાજે આપ. ૧૬

આર્યતણો પણ એક ને મુસલમાનનો એક,
ખ્રિસ્તીનો નથી જૂજવો, એક એક ને એક. ૧૭

માયા જળ–લહરી તરલ, રવિ રૂપે પ્રભુ એક;
પામી તે પ્રતિબિંબને નાચે લહરી અનેક. ૧૮

નભ નિર્મળ વિસ્તારમાં સ્વચ્છ સૂર્ય વર્તાય;
તેમજ નિર્મળ હૃદયમાં પ્રભુ પ્રતિમા પેખાય. ૧૯

પર્વતમાં પ્રભુ જ્યમ વસે, રાજે રજકણમાંહ્ય;
વસ્તી કાં વેરાનમાં વ્યાપક વિભુ જ્યાં ત્યાંય. ૨૦

પ્રભુએ સર્જ્યું સર્વ છે સહિત ઉચિત ઉદ્દેશ;
દુઃખ ઉલટા ઉપયોગથી; નહિ સંશય લવલેશ. ૨૧

પ્રભુમહિમા.

રચના રચી જે વિશ્વમાં હિતકર અપરંપાર,
ઇશ્વરના અનુગ્રહતણો અદ્ભુત એ ઉપકાર. ૨૨

પવનતત્ત્વ વિણ પ્રાણીના ટકત ન પ્રાણ લગાર;
વણ સવિતા જન તિમિરમાં ગોથાં ખાત અપાર. ૨૩

ઉપયોગી છે એ રીતે તત્ત્વ સર્વ સુખકાર;
રચવા તુજમાં શક્તિ શું એકે પણ આ વાર? ૨૪

તુજ બળકળની બાંધી છે અમુક અમુક મર્યાદ;
થાય ઉલંઘન તે નહિ, વાત વદું નિર્વાદ. ૨૫

અદ્ભુત શક્તિ હરિતણી, વર્ણી તે નવ જાય;
ગતિ ગૂઢ ગોવિંદની, કળી ન કોથી કળાય. ૨૬

અલ્પ શક્તિ માનવીતણી, પ્રભુની અકળ અમાપ;
માનવી તું શું કરી શકે, જો પ્રભુ મારે થાપ! ૨૭

જગત રૂપી આ તંત્રની ગતિ તંત્રીને હાથ;
રંકથકી શું નીપજે, જે કરશે ક્ષિતિનાથ? ૨૮

સર્વ હરિને હાથ છે, સાચો સમર્થ દેવ;
મિથ્યા માનવી કરી મરે, અજ્ઞાની, અહમેવ. ૨૯

માનવી! તારૂં માપ શું? વિગતે તુજ વિચાર;
શ્વાસ રુંધે ઘડી એક તો જોતાં જીવ જનાર. ૩૦

ન્હાનું સરખું પ્રાણી પણ સહજ ઘડે તુજ ઘાત,
તો પછી નિજ બળકળતણો ગર્વ ધરે શી વાત? ૩૧

ગહન ગતિ ગોવિંદની કળશે શું કળનાર?
માતુસ્તનમાં પય ધરે બાળ જન્મતાં વાર. ૩૨

પ્રતિપાલક છો પ્રાણીના, વિશ્વંભર વિશ્વેશ!
ભવતારણ સુખકરણ છો, હરણ ક્લેશ આવેશ. ૩૩

પ્રભુ પર પ્રેમ.

ખાટચો જગમાં તે ખરો, પ્રભુ શું જોડી પ્રીત;
પ્રભુ ચરણને પામવા અવર ન એકે રીત. ૩૪

મનુજ પ્રેમ પ્રભુ પ્રેમનો છે સીમાડો પાસ;
એક રજોગુણ યુક્ત છે, બીજો સત્ત્વ વિલાસ. ૩૫

જેને મન મંદિર વસે સચરાચરના શ્યામ,
ભૂપતણા પણ ભૂપથી પછી શું તેને કામ? ૩૬

અદ્‌ભુત રસ પ્રભુ પ્રેમનો હરિજન મન ભરપૂર;
પામર જન શી પેરથી લહે પાર કદી ઉર? ૩૭

એક ચિત્ત હરિ ચરણમાં પ્રોવે પ્રેમ સહિત,
ખટક અટક તેને નહિ, સુખ દુખ નહિ કો રીત. ૩૮

પ્રભુ પ્રત્યે આર્જવ.

દયાનિધે! કરુણાનિધે! અનાથ જનના નાથ!
સત્ય પળાવો સર્વદા, મસ્તક મૂકો હાથ. ૩૯

નિરાકાર નિર્ગુણ પ્રભુ, નિર્ગુણી હું પણ નેટ;
નિર્ગુણીને ગુણી નહિ કરો, પદ નહિ પામે શ્રેષ્ઠ. ૪૦

અધમ પાપી તાર્યા પ્રભુ, પતિત પાવન આપ;
ત્રાતા શું નહિ તારશો? કર્યું ન તેવું પાપ. ૪૧

ભવસાગરમાં ભયતણો સહ્યો ન જાયે તાપ;
પદપંકજ શરણે પડ્યો, પ્રભુ કષ્ટ મમ કાપ. ૪૨

મંત્ર તંત્ર જાણું નહિ, નહિ ભક્તિ નવવિધ,
હરિ ઇચ્છા અનુસરણની સત્ય સંપદા સિદ્ધ. ૪૩

નેતિ નેતિ કહી નિગમ પણ શક્યા ન પ્રીછી પાર;
શરણ પડ્યો તુજ ચરણમાં, પ્રભુ તું પાર ઉતાર. ૪૪

પરમ દયાળુ નાથ છો, શિશુ શરણાગત આજ;
અંતરગત ગતિ જાણુ છો, શીઘ્ર સુધારો કાજ. ૪૫

તુલસીદાસનો ટેક તેં રાખ્યો પ્રભુ અમાપ,
તેવો છોટાલાલનો નાથ નિભાવો આપ. ૪૬

નમું નમું શિર નામીને, ભજું ભજું ભાવ સહિત,
ચિત્ત લીન તમ ચરણમાં, હરિ ઉર ધરજો હિત. ૪૭

મુક્ત કરો નહિ નાથ જો, ઉર અભિલાષા જેહ,
ભલે બાંધ તુજ બંધને, વિભુ વર આપો એહ. ૪૮

ધરી આશ પ્રભુ પ્રીતિમાં, હરિ ન પૂરીશ તેહ,
ઝૂરી ઝૂરી પછી ક્યાં જવું, તજી તમારો સ્નેહ? ૪૯

યોગી યતિ હરિજન સદા ધ્યાન ધરી ગુણ ગાય,
તેજ પ્રભુ; પ્રભુ ચરણમાં મમ મતિ સ્થિર સદાય. ૫૦

હરિ ભક્તિ.

ભવસાગર તરી ઊતરવા અંતર જો અભિલાષ,
સજ નૌકા હરિ નામની, સફળ થશે સૌ આશ. ૫૧

સ્મરણ સદા શ્રીહરિતણું મંગળમય સુખરૂપ,
વિઘ્નવિદારણ વિશ્વમાં, તારણ તરણ અનુપ. ૫૨

ભવતારણ ભગવાનનું નામ રટણ નિત્ય સેવ,
સાખ્ય શિરોમણિ ભક્તની મળે, ટળે અહમેવ. ૫૩

ચુંબકનું જ્યમ લોહને આકર્ષણ અદ્ભુત,
ભક્તતણું ભગવાનમાં ઘટ આકર્ષણસૂત્ર. ૫૪

હરિ કથા અમ્રતતણું કીધું ન કિંચિત પાન,
જન્મ ધર્યો વા નવ ધર્યો, એ તો ઉભય સમાન. ૫૫

ભજ્યા નહિ ભગવાનને, સજ્યા ન શુભ ગુણ સાર,
પાર નાવ ક્યમ ઊતરશે? ભર્યો ગર્વનો ભાર. ૫૬

નૃસિંહ મ્હેતાને મળ્યો સાચો સામળ શેઠ,
આરત ભાગી ભક્તની સ્વામી એક જ શ્રેષ્ઠ. ૫૭

ભક્તિ ભૂધરની ભલી જો ન ઠરી ઉર ઠામ,
અવર નહિ અવસાનમાં સંપતિ આવે કામ. ૫૮

ચિંતામણિ, પારસ મણિ, નવ ઇચ્છું ઉર એહ;
હાર હરિના નામનો, મુજ મનરંજન તેહ. ૫૯

હરિ ચરણમાં લોટતાં સુખ સાગર રેલાય,
નિર્ભય પદને પામતાં જીવ શિવમાં મળી જાય. ૬૦

તન મનથી પ્રભુને ભજો, તજો તુચ્છ મતિ ટેવ,
સજો હરિ આરાધના, તો પામો પદ દેવ. ૬૧

ચઢતાં ચઢતાં પગથિયું ગિરિવર શિખર પમાય,
તેમ જ જીવ પદમાં વધી પ્રભુ સમીપે જાય. ૬૨

જીવ તથા શિવનો પછી ભાગી જાશે ભેદ;
જળ જૂદાં જળમાં ભળે એક સ્વરૂપ અભેદ. ૬૩

દાસપણું પ્રભુ એકનું રાખ્ય હૃદય મોઝાર;
દીનપણું તું દાખવે, કોણ દાઝ ધરનાર? ૬૪

રંગ એક પ્રભુ શું રહો, અવર રંગ છે ધૂળ;
યુગ યુગ ટકશે એ ખરો, જશે અવર નિર્મૂળ. ૬૫

વૃથા જન્મ ઉત્તમ કુળે, ભજ્યા ન જો ભગવાન;
ભલે નીચ ઘર અવતર્યો, ભજાય જો ભગવાન. ૬૬

સ્વપ્ને પણ સંસારમાં મળવું દુર્ઘટ જેહ,
ભગવદ્ ભક્તિથી મળે, વાત વિના સંદેહ. ૬૭

પાપતણે પંથે રજે ભર્યું ન ડગ કો વાર,
સમરયા શ્રીહરિ સર્વદા, ભયનો ક્યાં ભણકાર? ૬૮

સમૂહ તીરથ સર્વનો પ્રભુ પદમાં નિર્ધાર;
પૂજ્ય ચરણને પામતાં સનમુખ મુક્તિ દ્વાર. ૬૯

આદિ અંત સમ મધ્યમાં જે પ્રભુ સ્વયંપ્રકાશ,
તત્પદ પંકજ પૂજવા એક જ ઉર અભિલાષ. ૭૦

મન, તું શ્રીહરિ ચરણમાં પૂરણ ધરે ન પ્રેમ;
જનન મરણ કયમ છૂટશે, શી વિધ થાશે ક્ષેમ? ૭૧
ચરણાંબુજ મકરંદમાં મન મધુકર લપટાય;
સુખસાગરની લ્હેરમાં અનુભવ અદ્‌ભુત થાય. ૭૨
હરિ પૂજન હરિ ભજનમાં તત્પર જે દિનરાત,
સત્ય સંપદા તેહની, સત્ય જીવન સાક્ષાત. ૭૩
રૂપ દર્શન, હરિ ગુણ શ્રવણ, રસનામાં હરિનામ,
અનન્ય ભાવે મન રમે, ચરણ કમળ અભિરામ. ૭૪
જુઓ પંચ ભૂત એકઠાં, જીવ બ્રહ્મમાં લીન,
પૃથક રૂપમાં પારખે પ્રભુના લાલ પ્રવીણ. ૭૫
ભક્ત ભલા ભગવાનના વદે ન મિથ્યા વેણ,
હરિની માયા છે બધી, કથશે એવાં કહેણ. ૭૬
શ્રીહરિના સેવક સૂધા, વિચરે સીધી વાટ;
રથ વિચરે જયમ રેલનો સરલ પંથ સુસવાટ. ૭૭
લગની લાગી પ્રભુથકી પૂર્ણ પ્રેમની જ્યાંય,
સુખ દુ:ખની બાધા ટળે, રહે ન ચિંતા ક્યાંય. ૭૮
અનુરાગી સદ્‌ભાગી તે લોચન નિશ્ચે જાણ,
હરખી હરખી નિરખશે હરિ છબિ અમ્રત પ્માણ. ૭૯
અનન્ય ભાવે જો ભજીશ પ્રભુપદ પંકજ સાર,
દુર્જય આ સંસારનો દુર્ગ જીતીશ ઝટવાર. ૮૦
પ્રભુ પ્રેમનું સ્થાન છે, અદ્‌ભુત મૂળ આનંદ;
પ્રભુ ચરણમાં જે પડે, ફસે ન ફોકટ ફંદ. ૮૧
અધમ ઉધારણ નામનું સ્મરણ કરીશ નિશદિન,
દીન દશા દેખીશ નહિ, રહીશ જગતથી ભિન્ન. ૮૨

સુબોધ.

દિનચર્ચા દેખી જુઓ દિનથી માંડી રાત,
ધાર્યું આપણું કેટલું પાર પડે ભલી ભાત? ૮૩

સંસ્કારી જીવને મળે સહજ શાસ્ત્રનો બોધ,
ચઢતાં ઊજળા પાત્ર પર ઢોળ વિષે નવ રોધ. ૮૪

માનવિ ! તું મૃત લોકમાં અવતરી કર એ કામ,
નામ વધે, આશિષ વધે જેથી આ જગ ઠામ. ૮૫

રંક રંક કહી રખડતાં સરે ન તારો અર્થ;
રંક જાણી રંજાડશે દુર્જન નિર્દય વ્યર્થ. ૮૬

માઠું ઇચ્છે અવરનું, માઠું તેનું હોય;
માટે થાજે સર્વના શુભ ચિંતક સૌ કોય. ૮૭

નિષ્કારણ પણ નીપજે શત્રુનું શિર સાલ;
જંગલના જીવોતણો પારધી કાળ કરાળ. ૮૮

ઓળખ બાંધી લાખ તેં, ઓળગ કરી અસંખ્ય,
ઓળખ હરિ શું નવ કરી, શંખતણો તું શંખ. ૮૯

ધર્મ નીતિના જ્ઞાનનો જો ન મળે ઉપદેશ,
તો નરતનના નામનું, ભાન ન આવે લેશ. ૯૦

બાહ્ય સુઘડતા બહુ ધરી, ધરી ન અંતર માંહ્ય,
રમાનાથ કયમ રીઝશે, ગુપ્ત ન જેથી કાંય ? ૯૧

અંતર શુદ્ધિ જ્યાં હશે, શ્રીહરિ ત્યાં સંનિધ;
દર્પણ સ્વચ્છ ન હોય, તો જુઓ વદન શી વિધ ? ૯૨

બાહ્યાભાસથી જે કરો, તે ન સાચું અનુમાન,
મેઘ બિંદુ તરુપત્ર પર શોભે મોતી સમાન. ૯૩

પ્રતીતિ તું પરમેશમાં અધૂરી કરે અનાથ,
ફળ પણ તે પરમાણમાં દેશે ત્રિભુવન નાથ. ૯૪

જેવો જીવ પોતાતણો વ્હાલો સૌનો જાણ,
તો પછી જીવહિંસા કરી શું લેવું છે લ્હાણ ? ૯૫

વાસર ચાર નિવાસના, માનવી, તુજ આંહિં માન્ય;
પાપ પોટલા કયમ ભરે ભૂલી ધર્મનું ભાન ? ૯૬

સદાચારનો જેહને હૃદયે રંચ ન રંગ,
જન એવા આ જગતમાં પામે પાપ–પ્રસંગ. ૯૭

પાર વિના પૂર્વજ ગયા, રહ્યા ન એકે આજ,
જાય ઊઠી નિત્ય નવ નવા, સુધારી લે તુજ કાજ. ૯૮

આજ કાલ ઊગ્યો હજુ તરુણપણાનો વેષ,
પીધું વિષ તેં વિષયનું, થશે ન ધોળા કેશ. ૯૯

વાસ પૂર્યો જંગલ વિષે, મનમાં મોહની જાળ,
મંગળ તારૂં ક્યમ થશે, વૃદ્ધ મટી જ્યમ બાળ ? ૧૦૦

નીસાસો નિર્બળતણો વિષથી પણ વિકરાળ;
વિષ શમશે ઔષધ વડે, નહિ નિઃશ્વાસ વરાળ. ૧૦૧

આવી ઊભું દ્વારમાં મૃત્યુ આપો આપ,
તોપણ જીવ જંજાળમાં પડયો ધરે પરિતાપ! ૧૦૨

મંકોડો મધુ લાળમાં લપટાયો જે વાર,
રચ્યો પચ્યો તેમાં રહે, સૂઝે ન મુક્તિ દ્વાર. ૧૦૩

અંતરમાં ઉપદેશનો હેતુ જો ભલી ભાત,
પ્રથમ બોધજો આપને, પછી માને સૌ વાત. ૧૦૪

જ્ઞાન લહ્યું નહિ ધર્મનું, ધર્યું ન પ્રભુનું ધ્યાન,
દાન ન દીધું દીનને, કેમ થશે કલ્યાણ ? ૧૦૫

સ્થિતિભ્રષ્ટ થાઓ ભલે, ભલે થતી અતિ હાણ,
વચનફેર કદી નવ થશો, એ જ ખરૂં કલ્યાણ. ૧૦૬

ધર્મ પુણ્યથી નવ મળે, યત્નથકી પણ જેહ,
મળે એહ કર્તવ્યથી, સુજ્ઞ સમજશે તેહ. ૧૦૭

નિર્દોષી દોષી ઠરે પ્રપંચથી કો વાર,
ભલે જગત દોષી ગણે; નહિ પ્રભુને દરબાર. ૧૦૮

ઝખ મારે બધું જગત જો, સત્ય આપણી સાથ;
દૈત્યતણો ડર મૂકીને ભલે ભીડો પછી બાથ. ૧૦૯

અસાર આ સંસારમાં થવું કૃતારથ સાર,
પંથ ધર્મનો પકડજો, તરી ઊતરશો પાર. ૧૧૦

કર્મ રૂડાં એવાં કરો, રીઝે ત્રિભુવન તાત;
લેખું લે તે જે ઘડી, રહે ન ભયની વાત. ૧૧૧

પુનિત કરો કરણી તમે, વાણી પુનિત વિચાર;
વાસ કર્યો વસુધા ભલે, વદે સકળ સંસાર. ૧૧૨

કરે ગર્વ ઊંચ કુળનો, નહિ કુલીનનું કામ;
સજ્જન સુકૃત આદરે, નહિ દુષ્કૃત કો ઠામ. ૧૧૩

ત્રાસ પડાવે અવરને અંતર ધરી ઉલ્લાસ,
પ્રભુ ઊપજાવે તેહને તન મનનો અતિ ત્રાસ. ૧૧૪

જન્મ નથી દીધો અરે લડવા નડવા કાજ;
પરમારથ પ્રીતે કરો, ખરો લાભ એ આજ. ૧૧૫

હોઠેથી હરિ હરિ જપે, અંતર વિષય વિકાર,
રીઝે રામ શી રીતથી? વિગતે કરો વિચાર. ૧૧૬

અનિત્યથી પ્રીતિ કરે, નહિ નિત્યથી પ્રીત,
શઠ સમજે નહિ આપનું કયું હિત અનહિત. ૧૧૭

આજ્ઞા માને સર્વની, નહિ પ્રભુની જન જેહ,
અખિલ જગતનો દાસ એ, નહિ પ્રભુનો જન એહ. ૧૧૮

ગયા સમયનો નહિ કરે સુજાણ શોચ લગાર;
વર્તમાન ને ભાવીનો ભરપૂર શિર પર ભાર. ૧૧૯

રસના તું રસજાણ છે, પરખે સાર અસાર,
હરિ સમરણ અમ્રતતણો લેજે લ્હાવ શ્રીકાર. ૧૨૦

એક ઉપર બીજાતણો ભય નિર્મ્યો નિર્ધાર;
નિર્ભય પદ આ લોકમાં પ્રભુપદ પંકજ સાર. ૧૨૧

નહિ ભજવાનું જે કહ્યું, ભજ્યું તે વારંવાર,
ભજવાનું તે નવ ભજ્યું, કેમ તરીશ તું પાર? ૧૨૨

સૃષ્ટિમાં સરજ્યો તને કરવાં રૂડાં કામ,
કુકર્મનો આદર કરે; પાછળ દુખ પરિણામ. ૧૨૩

નથી કામ કંઇ દામનું, સજતાં સદ્ગુણ સાર,
સુંદર શીખ ધ્યાને ધરો, ઊતરે બેડો પાર. ૧૨૪

શિષ્ય થજો સદ્ગુણીતણા, હરિજન કેરા દાસ,
સખા થજો શૂરવીરના, ઉર ધરી હરિમાં આશ. ૧૨૫

તજ વિરોધ વ્હાલાં વિષે, તજ સમરથશું હોડ,
અબળા, બાળક, વૃદ્ધ ને જડથી વાદ ન જોડ. ૧૨૬

દાતા, ધર્મી, શૂરનાં સુણો ચરિત્ર વિશેષ;
પણ તેના દોષો ભણી લક્ષ ન આપો લેશ. ૧૨૭

મોહજાળ ષટ્પદ પડી બંધનમાં બંધાય,
સંત રૂપી સવિતા મળ્યે, બંધ મુકત તે થાય. ૧૨૮

જંપ નહિ લવ લોહને, વન્હિ નીર પ્રવેશ;
સુખ દુખનો આ જગતમાં, તેવો વેષ વિશેષ. ૧૨૯

હૃદય સદન સોહામણું, જ્યાં શ્રીહરિનો વાસ;
તન નગરી બીજી બધી, ઉગ્ર શૂન્ય આવાસ. ૧૩૦

વિવિધ વેષ ધારણ કરો, નાચો વિધ વિધ નાચ,
ત્રિભુવન પતિ કયમ ત્રૂઠશે, જો ન ભર્યું ઉર સાચ? ૧૩૧

પ્રીછ્યા નહિ પરમાતમા, સચરાચરના સ્યામ,
કામ સિદ્ધિ કોટિ થતાં શી આવે તુજ કામ? ૧૩૨

ધન્ય વદન ને વાણી તે, ધન હરિજનનો વાસ,
માત તાત કુળ ધન સકળ, ધન હરિજનના દાસ. ૧૩૩

ભૂલે તું કિર્તારને ચૂકી ચરણ અનુરાગ,
એથી અધિકું નહિ બીજું જન તારૂં દુર્ભાગ્ય. ૧૩૪

હૃદય ધર્યા નહિ રામને, ધરી ન નીતિ ઢાલ,
કરણી સૂધી નવ કરી, કયમ રીઝે ગોપાળ? ૧૩૫

પ્રેમ ધરી પેખ્યું નહિ જગમોહન પ્રભુ રૂપ,
નેત્ર નહિ એ નિરખવા, જળ વિણુ જેવા કૂપ. ૧૩૬

સત્ય ભક્તિ નહિ ઉર વિષે, નહિ સત્ય વ્યવહાર,
પ્રભુ પ્રસન્નતા ક્યાંથકી? ચિત્ત ચતુર નિર્ધાર. ૧૩૭

નીતિ નૌતમ નવ સજી, તજી ન મોહ જંજાળ,
ભજી ન ભક્તિ ભાવથી; શી ગતિ અંત કરાળ? ૧૩૮

પળ પણુ રક્ષણુ જે કરે વિશ્વતણું વિશ્વેશ,
તે તારૂં કયમ નહિ કરે, જો શ્રદ્ધા ઉર લેશ? ૧૩૯

જેને જોબનમદ નથી, નથી ઉર વિષય વિકાર,
નિરઅભિમાની, નિસ્પૃહી, ધન્ય પુરુષ તે ધાર. ૧૪૦

જોબનમદ રૂપ નદી વિષે જાય તણાયો જેહ,
ભવ આખો ભટકી મરે, તરે ન અંતે તેહ. ૧૪૧

યશ વખાર જો નવ ભરી, લીધી ન દીન આશિષ,
સતપંથે નવ સંચર્યો, કરે ઇષ્ટ કયમ ઇશ? ૧૪૨

મન મરાળ! કયમ ફસી પડ્યું મોહ જાળ મોઝાર?
મુક્ત થઈશ પળ વારમાં, જો વિભુ કરશે બ્હાર. ૧૪૩

નીતિ સત્ય આ સૃષ્ટિમાં નૌકા સુખમય સાર,
એ સબળા સાધન વિના દુસ્તર આ સંસાર. ૧૪૪

વિરહ વેદના કયમ લહે, જ્યાં નહિ વિરહ પ્રસંગ?
લહે ન સાધુશીળને, જે જનનું શઠ અંગ. ૧૪૫

આવી આ સંસારમાં ઉર ઇચ્છે કલ્યાણુ,
પાપતણી તું પ્રાણિયા, ખણીશમાં કદી ખાણ. ૧૪૬

સદ્હેતુ સર છે રચી વિધિએ વસ્તુ અનેક.
વિવેકહીન વાતો કરી નિંદે વિધિ વિવેક. ૧૪૭

ભૂલ્યો નીતિ ધર્મને, ભૂલ્યો ભીતિ ભાન,
ભૂલ્યો આખા ભવ વિષે, એ તે કેવું જ્ઞાન? ૧૪૮

કુટિલ કળિમાં કળી રહ્યો કરી મલિન તુજ મુખ,
ભલી કરી નહિ ભવ વિષે, દેખીશ દારુણ દુઃખ. ૧૪૯

જડ જાતિ ધ્રુવ માછલી રહે ધ્રુવ સન્મુખ,
અભાગી જીવ! તું કયમ રહે કર્તા થકી વિમુખ? ૧૫૦

લીલક વર્ષાકાળની ચાર દિવસની લ્હેર,
સંપત્તિ સર્વ પ્રકારની પલટાતી એ પેર. ૧૫૧

હે માનવી! માનવીતણું માં કર તું અપમાન;
જનનું એ અપમાન નહિ, આત્મતણું અપમાન. ૧૫૨

નાસ્તિક મત ધારણ કરે, પાતકી એહ પ્રમાણ;
રચના તુજ મન તનતણી રચે પ્રભુ વિણ કોણ? ૧૫૩

કામ ક્રોધ મદ આદિને જેણે જીત્યા હોય,
સમરથ શૂરવીર તે સમો જગમાં બીજો ન કોય. ૧૫૪

સિદ્ધિજ્ઞાન સમાન કો આ જગમાં નવ જાણ;
એ સિદ્ધિના બળથકી પ્રભુ શું હોય પીછાણ. ૧૫૫

ગુરુ-નિંદા ગુરુ-દ્રોહના પાતકીને ધિક્કાર;
જીવતાં જગ ફિટકારને પાછળ હાનિ અપાર. ૧૫૬

આજ કાલ કરતાં અરે આયુષ તુજ વહી જાય;
ભરુસો કર માં કાલનો, કાળ કાલને ખાય. ૧૫૭

નીતિ.

ન્યાયી પંથે પરવરો, કરો ન કદી અન્યાય;
ન્યાય મળે નિર્મળ રૂડો, ઉન્હો ન વાયે વાય. ૧૫૮

જેવું વાવશો ભૂમિમાં, લણશો તે અનુસાર;
ઘઉં વાવ્યે ઘઉં નીપજે, જવથી જવ થાનાર. ૧૫૯

ધર્મહીન, નીતિવિહીન, વિનયહીન નર જેહ,
શોભે નહિ સંસારમાં, દીપક વણ જયમ ગેહ. ૧૬૦

વેશ ધરચો ભગવો ખરો, ભજવ્યો જો નહિ ભેખ,
લજવે સાધુ નામને, નહિ એમાં મીન મેખ. ૧૬૧

હાડ છેડ કરવી નહિ નિર્બળ જાણી નેટ;
વાણોતર પણ શેઠનું ફોડી નાંખે પેટ. ૧૬૨

મૂર્તિની નિંદા કરે વણ સમજે મત સાર,
મોટાતણી છબિનો કરે સંગ્રહ ઘર મોઝાર. ૧૬૩

પૂજ્ય પ્રતાપી જે થયા જગતતણા હિતકાર,
સ્મરણ થવા તેઓતણું રચી પ્રતિમા સુખકાર. ૧૬૪

વનિતા વ્હાલી સર્વને, વશ વરને જો હોય;
ખારી જળ ખારા સમી, પતિ વિમુખ જો સોય. ૧૬૫

અવગુણ સામું નવ જુઓ, ગુણનો લેજો સાર;
હાથ ચીકટા થાય છે ખાતાં ઘી કંસાર. ૧૬૬

ભગવદ્ ભજવા કારણે છોડો કાં સંસાર?
જલજ જુઓ જળમાં વસે, નહિ જળસ્પર્શ લગાર. ૧૬૭

વ્હાલપણું જણવે ઘણું, નહિ અંતરમાં વ્હાલ,
વ્હાલ નહિ એ સાલ છે, સમજે ન્હાનું બાળ. ૧૬૮

પ્રજા ઉછરતી આજની ઉછાંછળી અતિ થાય,
ભાગ્યોદયના માર્ગમાં વિઘ્ન વિશેષ મનાય. ૧૬૯

નિરંકુશ અંકુશમાં લાવે જ્ઞાન નિદાન,
ઉપજે અધૂરા જ્ઞાનથી મિથ્યા ઉર અભિમાન. ૧૭૦

સૃષ્ટિ પ્રકાશક સૂર્ય પણ વિઘ્ન આવતાં વાર,
વાદળ દળ વીંટાયલો, નિર્બળ દીસે અપાર. ૧૭૧

વૃદ્ધપણું જ્યારે થશે, ભજીશું હરિનું નામ,
એવો મત ધારણ કરે, મૂઢ મતિનું કામ. ૧૭૨

જે કંઈ આજ કરી શકે, કહે કરીશું કાલ;
દમડી દેવા નવ મળે, જાય થવા ઘોતાળ. ૧૭૩

કાચા જેના કાન છે, સાન વિનાનો તેહ;
ઘોડાનો ગર્ધવ કરે, વ્યગ્ર મતિનો જેહ. ૧૭૪

શંકાશીળ મતિ જેહની, મોટો એહ વિકાર;
જ્યાં ત્યાં શંકા સૂંઘતો વરતે નિજ વ્યવહાર. ૧૭૫

અન્યતણો નથી જેહને ઉરમાં લવ વિશ્વાસ,
અન્યતણા વિશ્વાસની તજવી તેણે આશ. ૧૭૬

જૂઠા જૂઠી જોડીને વાતો કરે અનેક;
ગપ્પીને ગપ્પી મળે, ત્યાં શો પૂછો વિવેક? ૧૭૭

આજ કાલના છોકરા વિના વિવેક વિચાર
સ્વતંત્રતા લેવા જતાં પરાધીન આ વાર. ૧૭૮

ઘર ધંધાની ઘાણીમાં ઘૂમે દિવસ ને રાત,
નવરો નહિ હરિ ભજનમાં, શઠ મતિ જન શાક્ષાત. ૧૭૯

બાળ વિવાહની બેડીમાં નાંખે જે પિતુ માત,
હિત કરતાં અનહિત કરે, વાદ રહિત એ વાત. ૧૮૦

રૂડાને ભૂંડો વદે, મારું નામ વિશેષ,
જેવી કીર્તિ હું કરું, થશે ન તુજથી લેશ. ૧૮૧

નામ એક પણ ભાવમાં ભેદ બહુ દરસાય,
પત્થર તો પત્થર ખરો, (પણ) વિવિધજાતપરખાય. ૧૮૨

કડવો લીંમડો રોપશો, મિષ્ટ કદી નવ હોય,
ધુવો વાર સો સાબુથી, શ્યામ શ્વેત નવ તોય. ૧૮૩

જેને પ્રતિકૂળ જે પડ્યું, દેશે તેને આળ;
વાંક વિના વિધુને, જુઓ, દેશે વિરહિણી ગાળ. ૧૮૪

પદ સેવે મોટાતણા, પોતે વળી મહાન,
ભાગ્ય દોષ કદી નવ ટળે કરતાં લાખ વિધાન. ૧૮૫

દુર્મતિ ધરી દ્રૌપદી પ્રતિ લેવા સતીની લાજ,
પ્રાણ ગયા કીચકતણા, નથી અજાણ્યું આજ. ૧૮૬

જંપ નથી જેને જરા ઘડી વિના ઘડિયાળ,
પ્રમાદ ને આળસ વિષે કાઢે મિથ્યા કાળ. ૧૮૭

ભળે કૃપણુ જન કૃપણુથી, ઉદાર જનથી ઉદાર;
યથા ભાવના મનતણી, તેવો ચિત્ત ચિતાર. ૧૮૮

વિકાર જેના ઉર વિષે, જ્યાં ત્યાં જુએ વિકાર;
વૃત્તિ પ્રતિમારૂપ થઈ ફરતી જ્યાં ત્યાં બ્હાર. ૧૮૯

સજ્જનનું ધોરણ ઊંચું લહે દુષ્ટ જન કેમ ?
કપટી જન મન નહિ વસે સરળભાવના જેમ. ૧૯૦

સૂત્રધાર પદવી ધરે, નહિ સત્રનું ભાન;
ધરે ગતિ મૃગપતિતણી શું શિયાળ કે શ્વાન? ૧૯૧

કહેવાતા મ્હારાજ ને સ્થિતિ ભિક્ષુકની હોય;
શેઠતણી પદવી છતાં ધનહીન જાતે જોય. ૧૯૨

નામ પ્રમાણે કામની જગ બાંધે છે આશ;
પોલ ઢોલનો દેખીને નિશ્ચે થાય નિરાશ. ૧૯૩

સારાના સંગી સકળ, નહિ નરસાના હોય;
સુવર્ણ સંગ્રહ સૌ કરે, નહિ કથીરનો કોય. ૧૯૪

પંગુલ કહે પર્વત ચઢું, અંધ કહે કરું ચિત્ર;
મિથ્યા માને માનવી, પાપી થાય પવિત્ર. ૧૯૫

જેને જેમાં સ્વાદ છે, સમજે તેમાં સાર;
મહિષી સુખ માણે ઘણું પડી ગારા મોઝાર. ૧૯૬

ભ્રષ્ટ થશે જે માનવી, પામે કષ્ટ અપાર,
આ ભવમાં ફિટકારને પરભવ પણુ દુખભાર. ૧૯૭

આપ છિદ્ર બહુ હોય પણુ નવ દેખે લવલેશ,
એક પારકા છિદ્રનો કરે નિષેધ વિશેષ. ૧૯૮

રક્ષણુ ન કરે રામજી, બચવા કોણુ ઉપાય ?
માતા મારે બાળને, અવરથકી શું થાય. ૧૯૯

કાર્ય સિદ્ધિ કદી નવ થશે, જો પ્રભુ છે પ્રતિકૂળ;
સિદ્ધ કામના સ્હેજમાં, જો શ્રીહરિ અનુકૂળ. ૨૦૦

પિતુભક્તિ પિતુ જીવતાં, દર્શાવી નહિ લેશ,
ગાડાં ગમ આગળ કરી, મુવા પછી ધરી ક્લેશ ! ૨૦૧

અન્નતણા સાંસા પડે, પૂરું ન પેટ ભરાય,
વરો કરે ઘર વેચીને, અવસર વૃથા ન જાય. ૨૦૨

વધે અંગ ઉન્માદ જો, ગતિ ગાંડાની હોય,
બંધનમાં પોતે પડે, થશે ન સંગી કોય. ૨૦૩

વાર્યું નહિ હાર્યું કરે, હઠીલા જે જન હોય;
વાળ્યું વારિ નવ વળે, વળે બંધથી સોય. ૨૦૪

વાદ વદે મોટાતણો વિના હામ ને દામ;
સિંહ સાથ બકરી લઢે, શો ઊતરે પરિણામ ? ૨૦૫

દ્રવ્ય છતાં ધનનો ધણી કરે ન જો ઉપભોગ,
એ ધન જેના ભાગ્યનું, કરે અન્ય ઉપયોગ. ૨૦૬

આંખો મીચી કો કહે, મને ન દેખે કોય,
માને નહિ તે માનવી; હાંસી ઊલટી હોય. ૨૦૭

સૂરજ કાં શશીને, જુઓ, નથી જંપવા વાર;
મોટાને મોટી વળી ઉપાધિ હોય હજાર. ૨૦૮

ગળી લાગશે ગાળ પણ, વ્હાલભરી જો વાણ;
ઔષધ કડવું હોય, પણ ગુણ મીઠો નિર્વાણ. ૨૦૯

ગમતું આવે આંખને, ગમે હૃદય ઘણી વાર;
અણગમતું આંખે ચઢે, અંતર ખીજે અપાર. ૨૧૦

સજે સ્વચ્છતા પ્રથમ જો, અંતર થાય પુનિત,
ધરતી ખેડી સજ કરે, પછી વાવે શુભ રીત. ૨૧૧

અતિ સર્વે વર્જિત છે, નહિ રસ અતિમાં રેશ;
બળિ અતિ બળિદાનથી લાભ ન પામ્યો લેશ. ૨૧૨

અતિ બળમદથી રણ વિષે રોળાયો લંકેશ;
ભોજન પણ અતિ થાય, તો વ્યાધિ વધે વિશેષ. ૨૧૩

જીવતદાન કદી આપશો નગુણાને નિર્ધાર,
કહેશે શું એમાં કર્યું ? જોજો ઉર ઉપકાર. ૨૧૪

દયાશૂન્ય જ્યાં હૃદય છે, ધરે દયાની આશ,
પલાળવા પત્થર જતાં કોણ ન થાય નિરાશ? ૨૧૫

ઠીકરી ઘટને ફોડશે; ઠીકરીને શું થાય?
લઘુ જન મોટાને નડે; જોજો જગમાં ન્યાય. ૨૧૬

સ્વારથી લોભી આગળે ન્યાય કરાવા જાય;
ન્યાય કર્યો જ્યમ વાંદરે, તેમ ન્યાય તોળાય. ૨૧૭

લક્ષ્મી આવે પૂછતી, મુખ ધોવા જે જાય,
આશ ધરે નર ભવિષ્યની, પાછળથી પસ્તાય. ૨૧૮

છતોં છત્રી શિર નવ ધરે, સહે સૂર્યનો તાપ,
છતી આંખ મીચી ફરે, મૂઢ મતિ આપોઆપ. ૨૧૯

અરે ન ઊચરે પર દુખે નગુરો છેક નઠોર,
ભલે માનવી પંક્તિમાં, શૃંગ વિનાનું ઢોર. ૨૨૦

વિષય વાસના વિશ્વમાં અનર્થકેરું મૂળ,
રાજપાટ કંઈ છોડી ગયાં, થયાં નિકંદન કુળ. ૨૨૧

વિષય તથા વિષમાં નથી ભેદ, જુઓ, લવલેશ;
એક વર્ણ વધુ સૂચવે વિષથી વિષય વિશેષ. ૨૨૨

વિના વાંક છંછેડશે રાંક લહી જે કોય,
માથાનો મળતાં પછી હાનિ પૂરણ હોય. ૨૨૩

લાભ હાનિ પરખે નહિ, વણ વિચાર વેપાર,
નાવિક જો નહિ નાવનો, કોણ ઊતારે પાર. ૨૨૪

શીખામણ ગુરુમુખતણી, કિંવા બીજો બોધ,
શુભ ફળ નિશ્ચે આપશે, થશે વિઘ્ન અવરોધ. ૨૨૫

દુઃખ ઉપરનું સૌ જુવે, નહિ અંતરનું એક;
ચિંતા કીટ ચિતમાં રહ્યો, હરે હૃદય હીર છેક. ૨૨૬

તોડી પાળ અનેક તેં, પણ નવ બાંધી એક;
નિમગ્ન પાપી પાપમાં, ધર્મી ધર્મ વિષેક. ૨૨૭

સંતોષ્યા નહિ સાધુને, દૂભ્યા જે તે વાર,
ફળમાં બીજું શું મળે? ઝાઝો જગ ફિટકાર. ૨૨૮

રૂપ કરે તે ગુણ નહિ, ગુણ કરે તે રૂપ;
મળે ઉભય જ્યાં એકઠાં, અદ્‌ભુત યોગ અનુપ. ૨૨૯

વણ પાણી વાજી નહિ, હીરાનું પણ તેમ,
વણ પાણીનું માનવી, રસવતી લૂણ વિણ જેમ. ૨૩૦

પ્રબળ હોય જે જેતાણું, ભજવે તેનો ભાવ;
મુસલમાન મુગલાઈમાં, દક્ષણી બાજીરાવ. ૨૩૧

નથી રસિક જેનું હૃદય, ત્યાં શી રસની વાત?
સાંસા ઘરમાં પેસવા, આદર ત્યાં શી ભાત? ૨૩૨

કાષ્ટતણી તલવારથી હઠવે રિપુ હજાર,
શિરોહીની સમશેરથી જીતે ન એકે વાર. ૨૩૩

પરભવમાં સુખ માણવા કરે પ્રાણનો ભોગ,
ભૈરવ જપ ખાઈ મરે, જુઓ કર્મનો યોગ. ૨૩૪

વઢી વઢીને જગતમાં શું લેવું છે લ્હાણ?
પાંડવ કૈરવ યુદ્ધમાં થઈ ઉભયને હાણ. ૨૩૫

પ્રધાન પદવી ભોગવી માન સહિત બહુ વાર,
(તોપણ) ધરે કાંધ પર ધુંસરી, કરે વહન શિર ભાર. ૨૩૬

દીર્ઘ-સૂત્રી કો ના થશો, પરિતાપનું મૂળ,
સમયહાનિના શોચનું, વૃક્ષ વડું દુખ-શૂળ. ૨૩૭

ઉભય પક્ષ યુદ્ધે મચ્યા, નહિ હાર ને જીત,
સંપી સંધિ જો કરે, ભાર રહે ભલી રીત. ૨૩૮

પ્રભુએ વ્હેંચી આપિયું, જેવું જેવું કામ;
દિનમણિ દીપે દિન વિષે, શશી રજનીને ઠામ. ૨૩૯

પ્રવાહ ગાડરિયો વહે, લહે સાચ નહિ જૂઠ,
એક બીજા ઉપર પડે, જુવે ન વાળી પૂઠ. ૨૪૦

બળિયાને હણવા જતાં નિર્બળ ખાશે માર;
પર્વતને પાટુ હણે, ભાગે પગ નિર્ધાર. ૨૪૧

તજી અન્ન આહારનો, કરે માંસનો ભક્ષ,
નહિ સુગંધ દુર્ગંધના ગ્રાહક લેજો લક્ષ. ૨૪૨

મુખ દીઠું જ્યાં નવ ગમે, આંખ લહે ઝટવાર;
વસે એકઠાં કયમ કરી મૂષક ને માંજાર? ૨૪૩

ભાર ન ભાગ્યો જ્યાં લગી, સરે ભારથી કાજ;
વહુથી નિત્ય વઢવા જતાં સાસુ ખોશે લાજ. ૨૪૪

સ્વારથ રૂપી દોરીથી સ્વજન અવર જોડાય,
અર્થ કાજ ટોળે મળે, અર્થ વીત્યે વિખરાય. ૨૪૫

શૈલી સારી ન આવડે, એ તો નિજ અજ્ઞાન;
નિંદે લેખિની પત્રને, જો જો ન્યાય નિદાન. ૨૪૬

કરવી હોયે એક ને વદે અન્યથા વાત,
ચતુર તો ચેતી જશે, નહિ મૂરખ અજ્ઞાત. ૨૪૭

ઊંચ પદવી કદી જો મળે, સ્રજો સર્વથા હિત;
સંભારે સૌ ભાવથી, દે આશિષ અમિત. ૨૪૮

અંતરની આશિષનું, મૂલ કર્યું નવ જાય;
પ્રભુ પાસે હિત આપણું ઇચ્છે હૃદય સદાય. ૨૪૯

બક બક બહુ મુખથી કરે, બોલતણો નહિ તોલ;
પોત પ્રકાશે ઢોલનું, જ્યાં વાગે ઢમઢોલ. ૨૫૦

વણ તેડે વણ નોતરે ભોજનમાં લે ભાગ,
માખી જેવા માનજો નર એ નફ્ટ અભાગ્ય. ૨૫૧

આશા દેતાં પાંચની દશગણું માગે જેહ,
ખિન્ન કરે દેનારને, શ્રદ્ધા હીન જન તેહ. ૨૫૨

મોટાની મોટાઈનો થશો ન લોપ કદાય;
મોટાને લઘુતા સમું અન્ય ન દુઃખ ભણાય. ૨૫૩

જેમ નમે મોટા અધિક, માન વિશેષ પમાય;
જે ઊંચાઈથી જળ પડે, તેટલું ચઢે સદાય. ૨૫૪

મન જેનું નથી મોકળું, પડી કૃપણની છાપ,
ઉદારતા અદ્ભુત કરે, ગયું ન આવે આપ. ૨૫૫

માલ પ્રમાણે મૂલનું માપે છે જન માપ;
હીરા હોય હજાર પણ મૂલ વધુ જ્યમ આપ. ૨૫૬

સિંહ રાજ જ્યમ પશુતણો, ગરુડ પક્ષિગણ રાજ,
માનો નૃપ માનવીતણો, જ્યમ નભમાં રવિરાજ. ૨૫૭

કાં કુટુંબ કાં દેશમાં વિરોધ વ્યાપે જ્યાંય,
બળ તૂટે, સંપત ઘટે, રિપુબળ ફાવે ત્યાંય. ૨૫૮

હરૂ હરૂ નિત્ય ખાઇને ઢોર હરાયું થાય;
એદી આળસુ એ રીતે રળ્યું પારકું ખાય. ૨૫૯

નથી ક્ષમા, નથી સુશીલતા, દયા મયા નથી ઉર,
મદ મલિનતા રહી ઠરી, કેવળ મતિ ગતિ ક્રૂર. ૨૬૦

બાહ્ય સુખ મોટાતણું જુવે જગત સૌ કોય;
ચિતમાં ચિંતા કીટનો તોલ ન પૂરો હોય. ૨૬૧

નિરાંત કોને નવ મળે, જુવો રંક કાં રાય;
જોતાં વાર ઉપાધિનો પવન સર્વને વાય. ૨૬૨

ગયો સમય નહિ આવશે, ગયું ન માનવી તેમ;
શર પાછું કદી નવ ફરે છૂટ્યું ધનુષ્યથી જેમ. ૨૬૩

મતિ ભ્રષ્ટ જેની થશે, કરે અનુચિત કામ;
ગાયતણું મહિષી તળે, મહિષીનું ગૌ ઠામ. ૨૬૪

નિર્દોષી જનને કદી પડે વિપત કો વાર,
પણ પાછળથી તેતણો જગ જોશે જયકાર. ૨૬૫

વાંકાથી વાંકું મળે, જુગતે જોડ મનાય;
પિંગળ કવિતા સંગમાં ડિંગળ નવ સોહાય. ૨૬૬

કુભાંડ જેના અંગમાં, સૂઝે ન સવળી વાત;
સૂતો સિંહ જગાડીને ઉપજાવે ઉત્પાત. ૨૬૭

સો સમજુ સમજાવવા, સરલ રીત સાક્ષાત;
મૂરખ એક મનાવવો, વડી વિષમ એ વાત. ૨૬૮

એવા પણ આ જગતમાં અપકારી જન હોય,
અવલંબન જે ડાળનું, હણુતા જોશો સોય. ૨૬૯

લુચ્ચા ચોર લબાડ શું વિનય કર્યે શું થાય?
હોય હરાયો આખલો, ધોકાથી જ મનાય. ૨૭૦

તન વ્યાધિની વેદના મન વ્યાધિથી વિજાત;
બાહ્ય પીડ સૌ કો જુવે, નહિ ભીતર ભલીભાત. ૨૭૧

નાત્ય જાત્યના કાજમાં લઢે રાગને દ્વેષ,
ધરે મોખરે ધર્મને, ખોટે ખોટો વેષ. ૨૭૨

વિદેશમાં વિચરી કરી કરે પરાક્રમ જેહ,
જ્ઞાતીલા નિંદા કરી નેહ વિષે દે છેહ. ૨૭૩

બહુબોલા બકબક કરી વણસાડે ભલી ભાત,
આરે આવ્યું વ્હાણને બોળે ઊંડે ખાત. ૨૭૪

તન મન જોડી ત્રોડીને રચ્યાપચ્યા વ્યવસાય,
જન એવા પણ હારીને પરિણામે પસ્તાય. ૨૭૫

નિર્ધન ને ધનીનો ખરો ભેદ લહે નવ ભૂર;
ધની ન ધન જો વાવરે, નિર્ધન સમજો ઉર. ૨૭૬

કર્મ અને ઉદ્યમતણો નથી મેળ કો વાર,
મુવો મુષક ઉદ્યમથકી થઈ અહિ આહાર ૨૭૭

નિર્લજ્જને વળગે નહિ કદી પણ લાજ લગાર;
નાગા નરને હોય નહિ વાઘાનો કંઈ ભાર. ૨૭૮

નાગાથી આઘા વસે ભૂપતણા પણ ભૂપ,
નથી ખોટી કહેવત, ખરી, અનુભવસિદ્ધ સ્વરૂપ. ૨૭૯

કામ કર્યાં તેણે કર્યાં વશીકરણનાં કામ;
ઉપાસના સેવાથકી સિદ્ધ કરે મન-કામ. ૨૮૦

સત્સંગતિ સેવે સદા, નહિ સાધુવટ નામ,
શોભે ઉપમા શઠતણી, તીરથવાસી ગામ. ૨૮૧

સુખ ઉપજે નહિ વ્યસનીને વિના વ્યસનં પળવાર;
વ્યસન પિશુનતા પિશુનને, હાલચાલ વ્યવહાર. ૨૮૨

મ્હા મુનિવરની છાપ છે નારદ મુનિની નેટ;
વિરોધનાં મૂળ વાવવા ધંધો ધાર્યો શ્રેષ્ઠ. ૨૮૩

વરને કન્યા નવ મળે, નહિ કન્યા વર જોગ,
નાત્ય જાત્ય નિર્માણથી ભલા ભલાના ભોગ. ૨૮૪

સંસારી સુખ સુધરે, વૃથા સર્વ એ આશ;
નાત્ય જાત્ય બંધનતણો છૂટે ન છોડ્યો પાશ. ૨૮૫

પુણ્ય કર્મની ઉર વિષે ભરી વખાર ભરપૂર,
શસ્ત્ર નહિ શૂરા કને, શું કરશે ત્યાં શૂર? ૨૮૬

વેદવચન નિર્માણ જો, વર્ગ ચાર નિર્ધાર;
આજ હજાર વિભાગનો કયો શાસ્ત્ર આધાર? ૨૮૭

અવગુણિયાને ગુણ કરે, જાશે આટા લૂણ;
તોપણ ગુણી જન ગુણ કરે, ધરે ન ઉર અવગુણ. ૨૮૮

પામર ઓઢે પામરી માગીને કો પાસ,
શોભે નહિ તે શરીરને, વૃથા થશે ઉપહાસ. ૨૮૯

સાખ્ય ભલી ભૂંડી પડે જગમાં એકજ વાર,
શાહુકાર કાં ચોરની, વિચારજો નિર્ધાર. ૨૯૦

પડી સાખ્ય ખોટી, જુઓ, અગસ્તની નિર્ધાર;
ટાળી આજે નવ ટળે; ભાગ્યો મુનિનો ભાર. ૨૯૧

સમય ગયો નહિ આવશે, તેમજ વટ વ્યવહાર;
લાખ ગયા પાછા મળે, સાખ્ય ન કોઈ પ્રકાર. ૨૯૨

વ્હાલામાં વ્હાલી ગણો, શિરોમણિ જે સાખ્ય;
સાખ્ય જતાં સર્વસ ગયું, રાખ્યું તોપણ રાખ. ૨૯૩

ઊછેર સારો હોય જે, ખાનદાન કહેવાય;
જડ જેવા જંગલી, જુઓ, હલકથી છલકાય. ૨૯૪

આભારી જનની, જુવો, કેવી ઉત્તમ રીત!
મયૂર પાછે પગ હઠે જળ પ્રાશી ધરી પ્રીત. ૨૯૫

સૌને અનુકૂળ એ પડે નર ગુણવાન વિશેષ;
દૂભે નહિ કોને કદી, રાગ દ્વેશ નહિ લેશ. ૨૯૬

ભવ સંકટ સાગર વિષે વિભુની સાચી વ્હાર;
બાંહ્ય ગ્રહે જો બાપજી, તરી ઊતરશો પાર. ૨૯૭

વાંકાચૂંકા જગતમાં છે હાસ્યાનો ન્યાય,
સરિતા સરખીથી, જુવો, સીધી ગતિ ન થાય. ૨૯૮

માત તાત ઠાર્યા નહિ, વળી વનિતાને તેમ,
તે ઠારે શું અવરને, કરી જાણે શું ક્ષેમ? ૨૯૯

હતો ઠંડથી ઠરી ગયો, જીવ ગયા સમ જાણ,
સજગ કર્યો જો સર્પને, ધાયો લેવા પ્રાણ. ૩૦૦

મનની જ્યાં મોટપ નથી, ભલે હોય તે ભૂપ,
નિશ્ચે નૃપતિ નામ પણ રંક દીન તદ્રૂપ. ૩૦૧

દેખીતો દીન હોય પણ મન મોટું જો નેટ,
સાચું જો પૂછો મને, શેઠતણો એ શેઠ. ૩૦૨

ટુંકું મન જેનું હશે, કરે શું મોટાં કામ?
જન્મ ગયો ઝુંપડી વિષે, રચે શું ધીંગાં ધામ? ૩૦૩

જન જનની અભિરુચિ, જુવો, ભિન્નભિન્ન નિર્વાદ;
કો ખાટે ખારે રીઝે, કોને ગળપણુ સ્વાદ. ૩૦૪

જુગતુ જોડું હોય જો, શોભે આ સંસાર;
પળિયાં આવ્યે પરણવું, વરવો એ વ્યવહાર. ૩૦૫

આગળ ઉપર વીતશે, જેમ અન્યને આજ,
અંતર એમ વિચારીને જાણો પરદુખ દાઝ. ૩૦૬

કીર્તિનો ઝળકાટ પણુ ટકે નહિ ચિરકાળ,
જીર્ણ થતાં ઝાંખો પડે, (જયમ)સવિતા સંધ્યાકાળ. ૩૦૭

સુકૃતથી કીર્તિ મળે, કીર્તિ એનું નામ;
પણુમાગ્યે આવી મળે, જો વર્તે નિષ્કામ. ૩૦૮

કરો જતન પણુ નહિ જીવે શિશુ જન્મ્યાં સૌ કોય;
બીજ બધાં નથી ઊગતાં, વાવ્યાં જે જે હોય. ૩૦૯

સાધુ સાધુ લઢી મરે, કરે પરસ્પર વેર,
જ્ઞાન ધરાણે જો મૂકે, શો મૂરખમાં ફેર? ૩૧૦

કાચા જેના કાન છે, તે જનને નહિ જંપ;
શંકા ને શંકા વિષે આઠે જામ અજંપ. ૩૧૧

ટેવ પડી જો વ્હેમની, વાતે વાતે વ્હેમ;
શંકા ભૂત સાથે ફરે, વળગણુ વળગ્યું જેમ. ૩૧૨

ઘર નહિ પણુ દર જાણજો, ઘરુણી નહિ જે ઘેર;
કૂપ ખરો પણુ જળ વિના કૂપ નહિ જે પેર. ૩૧૩

લાખ લખે લેખણુથકી, પડે ન દેવો દામ,
હાર જીત જો નામની, દામતણું શું કામ? ૩૧૪

વ્હાલાં થઈને વેરીનો સારે અર્થ વિશેષ;
એક વાર વેરીથકી, નહિ નિત્યનો કલેશ. ૩૧૫

આપ વીતી સૌ જાણશે, પર વીતી નહિ કોય;
પર વીતી જે પ્રીછશે, નર વિરલા તે જોય. ૩૧૬

ભીડ પડે, સંકટ પડે, તજે ન મોટા ટેક;
શું ખડ ખાશે મૃગપતિ ભૂખ્યો છેકાછેક? ૩૧૭

વાત વાયુ લઈ જાય છે, સંતાડો સો વાર;
નાગી નાચી ભોંયરે, ચરચાઈ તે બ્હાર. ૩૧૮

ભીતિ નહિ ભગવાનની, નહિ લજ્જા આ લોક,
નગુરાને નહિ લાગશે કોઈ રીતની ટોક. ૩૧૯

પવિત્ર જનની પાપિયો કરે ખોદણી જેહ,
પોતાને પડવાતણો ખાડો ખોદે તેહ. ૩૨૦

ધરતીએ જોને ધર્યા પુત્રરૂપ પાષાણ,
અણઉદ્યોગી આળસુ જગમાં તેવા જાણ. ૩૨૧

પાપ કરી ફાવે કદી કો કારણસર આજ;
પાછળથી દેવું પડે ટકે ટકાનું વ્યાજ. ૩૨૨

પત્નીને પતિ સમ નથી ધ્યાન જ્ઞાન સુખસ્થાન;
પતિવ્રત પાળ્યે પ્રભુ રીઝે, મળે મુક્તિ ફળ દાન. ૩૨૩

વૃદ્ધપણું આવ્યા પછી પાછું વળી ન જાય,
જોબન ગયું ન આવશે, અનુભવ સિદ્ધ મનાય. ૩૨૪

સિદ્ધ પુરુષના વચનની કરે અવજ્ઞા જેહ,
પરિણામે દુખ પામશે, લેશ નહિ સંદેહ. ૩૨૫

બળાતકારે જે કર્યું, કીધું ન કીધા જોગ;
શેકીને વાવ્યા સમો પરિણામે સંયોગ. ૩૨૬

સ્નેહી ગુણ આગળ કરે, જુવે ન અવગુણ એક;
ગુણને પણ અવગુણ ગણે વેરીતણો વિવેક. ૩૨૭

ઘાવ પડે ઘટમાં ઊંડા, મટે ન તેનો વેગ;
વીતી વીસરે નવ કદી, જો ઊંડો ઉદ્વેગ. ૩૨૮

મનવિકારને નહિ જીતો, જીતે નેટ વિકાર;
વશ વાજી નહિ સ્વારને, વાજી વશ અસ્વાર. ૩૨૯

કામ ક્રોધ મદ આદિ જે મનના મલિન વિકાર,
જે વારે વકરી પડે, કરે અનર્થ હજાર. ૩૩૦

કરે શું ક્રોધાવેશથી, જે જન સત્તાહીન?
પત્થરથી પછડાઈને સાગરજળ પણ ખિન્ન. ૩૩૧

મનગમતા માણે ભલે વિધવિધ ભોગ વિલાસ;
નિર્દોષી નહિ હોય જો, પડે મોહને પાશ. ૩૩૨

થોડામાં સૌ સ્વાદ છે, ભોગ વિષે પણ તેમ;
લપટાતાં લાલચ વિષે ક્ષીણ થશે તુજ ક્ષેમ. ૩૩૩

સદ્‌ગુરુને સેવ્યા નહિ, સંતોષ્યા નહિ લેશ,
જન્મ વૃથા તેનો જતાં પામે ક્લેશ વિશેષ. ૩૩૪

વિનાશ થાવા કાળ જો, મળે નિમિત કો રીત;
ક્યાં ઋષિનો ઉપહાસ ને ક્યાં યદુકુળ અનહિત? ૩૩૫

સુખદુખનાં છે જોટવાં. તાપ તથા જ્યમ છાંય;
સુખદુખ ભેગાં કો સમે, આગળ પાછળ ક્યાંય. ૩૩૬

આશ અચળ સુખની કરે, થશે સફળ તે કેમ?
સાગરપંથે સંચરે, વાય પવન નહિ તેમ. ૩૩૭

ઊછરે જેવા સંગમાં, તન મન તેવું થાય;
ગામડિયો સુધરે કદી, પુરજન પદ ન પમાય. ૩૩૮

કઈનાં કોમળ છે ઘણાં હૃદય કમળ સમ જાણ,
વજ્ર સમાં કઈનાં કઠણ નિર્દય છે નિર્માણ. ૩૩૯

પશુને પણ ગુણ જો કરો, ગુણ ઓશિંગણ થાય;
નગુણા નર નીચ વૃત્તિના ગુણના ચોર ગણાય. ૩૪૦

આડંબર ઉરમાં ભર્યો, કર્યો ન પર ઉપકાર,
આત્મ જ્ઞાની થઈને ફરે, કરશે કોણ સ્વીકાર? ૩૪૧

આત્મ જ્ઞાન વણ કો કદી નવ પેખે પ્રભુ પંથ;
વણ પરણ્યે ક્યમ થઈ શકે કન્યાકેરો કંથ? ૩૪૨

જેણે પોષ્યો પિંડને, ધર્યું ન પરદુખ ધ્યાન,
પૂછો એને જઈ તમે ધર્મતણું કંઇ જ્ઞાન? ૩૪૩

દાઝયો નહિ પરદુઃખથી, ગાજ્યો સાધી સ્વાર્થ,
લાજ્યો લજવ્યો નહિ કદી, ક્યાંથી થાય કૃતાર્થ? ૩૪૪

ભામિની ને ભરતારનો નહિ પરસ્પર પ્રેમ,
દંપતી એ દુખી જાણવાં, સ્વપ્ને પણ નહિ ક્ષેમ. ૩૪૫

સત્સંગતિના બળથકી લઘુ પામે પદ સાર;
સુમન સંગથી કીટ પણ દેવ શિરે ચઢનાર. ૩૪૬

વૃક્ષ-રૂપ સંસારને ફળ કડુ મધુરાં હોય;
જેવી કરણી જેહની, તેવું પામશે સોય. ૩૪૭

મોંઠું મનાવા કારણે વાણી વદે અસત્ય,
જડતાં જડશે લાભ તો, પ્રથમ ખુવે નિજ પત્ય. ૩૪૮

મ્હોડેથી માળા જપે વિના ભાવના વ્યર્થ,
ગુંજારવ જ્યમ ભ્રમરનો, તેવો લેવો અર્થ. ૩૪૯

તૃણથી હલકું તૂળ જુઓ, યાચક તૂળથી તેમ,
વિશ્વેશ્વર વામન થયા બળિરાય ઘર જેમ. ૩૫૦

અવિચળ કીર્તિ આપશે, ગુણ અદ્ભુત જો એક;
હરિશ્ચંદ્ર ને કર્ણનો સત્ય દાનનો ટેક. ૩૫૧

કર્મ કરે કૂડાં ભૂંડાં, ધર્મ હૃદય નહિ લેશ,
વિષયરાગી જન પાપીનું જીવન વ્યર્થ અશેષ. ૩૫૨

યોગ વિના સંન્યાસ જે, દુઃખનું સ્થાન નિદાન;
પ્રભુ પદ સત્વર પામશે યોગ યુક્ત મતિમાન. ૩૫૩

ધૂર્ત્ત વદે આગળ ધપી, સજ્જન સંકોચાય;
લજ્જાહીનને ડર નહિ, લજ્જાળુ લજવાય. ૩૫૪

લલના લજ્જાહીન જે, નફ્ટ જાણ નિર્ધાર;
ભારતોલ તેનો નહિ. કાં ઘરમાં ઘરણ્હાર. ૩૫૫

છોટાએ મોટાથકી વદવો નહિ કદી વાદ;
મૃગલાં ને મૃગપતિતણો શોભે નહિ સંવાદ. ૩૫૬

એક વાર સજ્જન રીઝે, ભૂલે ન ઉર ઉપકાર;
દુર્જનને ગુણ સો કરો, સજે સઘ અપકાર. ૩૫૭

મૃગયા, ને મદિરા, તથા જુગટું, જુવતી, જાળ,
પકડાયે જે પાશમાં, જીવે ન આઝો કાળ. ૩૫૮

સંતતિહીન જયમ વાંઝિયો, દિવસ વાંઝિયો તેમ,
જે દિન સુકૃત નવ કર્યું, કર્યું ન કોનું ક્ષેમ. ૩૫૯

ભૂષણ સજ્જનતા સમું વિદ્યાથકી ન હોય;
સંપતથી નહિ પામશે શૂરવીરતા કોય. ૩૬૦

ઇચ્છે છે એકાંતને ચોર, જાર, કવિ તેમ;
ભાવ પ્રમાણે ફળ મળે, કાં શિક્ષા કાં ક્ષેમ. ૩૬૧

ચતુરાઈ ઢાંકી નવ રહે, રહે ન ઢાંકયું રૂપ,
છાયા છાની નવ રહે, રહે ન ઢાંકયો ધૂપ. ૩૬૨

ચાર દિવસ આદર મળે, ચઢે કંઇકનાં ચક્ષ;
જુવો કાક કૂદકા ભરે પામી શ્રાદ્ધનો પક્ષ. ૩૬૩

ગુણગણના લવ નવ કરી ધરી મતિમાં અભિમાન,
વિદ્યા મળી પણ નવ ફળી, સિદ્ધ એજ અનુમાન. ૩૬૪

યશની ઇચ્છા સર્વને, અપયશની નવ હોય,
કરે તિલક કંકુતણું, કાજળનું નહિ કોય. ૩૬૫

ભક્ત થાય કદી વિમુખ, પણ નહિ ભલા ભગવાન;
માતતાત કદી નવ થશે, થતાં વિમુખ સંતાન. ૩૬૬

વિત્ત ઘટે, અનહિત વધે, રૂઠે દૈવ વિશેષ,
જાર કર્મ કરનારનું કરે ન કર્મ ઉંમેષ. ૩૬૭

પ્રપંચમાં જે પચી રહ્યા, સૂઝે ન સવળી વાત,
જાળ ગૂંથે કૂડ કપટની મથી મથી દિનરાત. ૩૬૮

સો મતવાદી છો બકે તણુઈ મતમાં છેક;
માન્ય સર્વ કો રાખશે, અધિપતિ જગનો એક. ૩૬૯

ભેખ ભેટ કરવાથકી ભૂધર ભેટ ન હોય;
ઘરમાં બેઠાં ગોઠડી થશે પ્રભુથી સોય. ૩૭૦

સૂધી શીખ તેં નવ સુણી, ગણી ન ગુણીની વાત,
ટાણું ગયું ન આવશે, ઘસે હાથ પશ્ચાત. ૩૭૧

સંપતમાં સૌ ભાગિયા, વિરલા વિપત્તિ કાળ;
વિપત્તિ જોઈ વૃક્ષની તજે પક્ષી તત્કાળ. ૩૭૨

ગ્રાહક નહિ જ્યાં ગુણતણો, શોચ કર્યે શો માલ ?
ગ્રાહક નહિ ઘોડાતણો, કયાં હસ્તીનો થાલ ? ૩૭૩

યડ સબધું સુખકારી જો, કરી શકે શું ડાળ ?
પ્રતિકૂળ જગ શું કરી શકે, જો અનુકૂળ ગોપાળ. ૩૭૪

શીખવનાર શું શીખવશે, જો નહિ મતિ વિસ્તાર ?
દોડી દોડી કેટલું પંગુ પગ ભરનાર ? ૩૭૫

મોટા ધારે તે કરે ઘડી પલક મોઝાર;
ધરણીની ધૂળ ગગનમાં વાત વહન કરનાર ? ૩૭૬

સાક્ષર થઈ વિપરીત કરે, નહિ સાક્ષર સાક્ષાત;
સાક્ષર પણ રાક્ષસ રૂપે ઘડે જગતમાં ઘાટ. ૩૭૭

ગર્વ ઊતારે ગર્વીનો પળમાં પ્રભુ નિર્ધાર;
ગર્વ ઊતારયો ઇંદ્રનો ગિરિ ધરી વિશ્વાધાર. ૩૭૮

રાજદંડ સૌ કો જુવે, જુવે ન દૈવી દંડ;
દશ્ય બાહ્ય, નહિ ભીતરની પીડા પીડે પિંડ. ૩૭૯

પડતા ઉપર પાટુનો કરતા કંઇક પ્રહાર,
નિર્દય એવા હૃદયના નર જોશો નિર્ધાર. ૩૮૦

સ્વારથમય સંસારમાં પરમારથું નર નાર,
નભમાં નવ ગ્રહ દીપતા, શોભે તદનુસાર. ૩૮૧

આકર્ષણ છે રૂપમાં, ગુણમાં તેજ પ્રમાણ;
ઉભય એકઠાં જ્યાં મળે, ઉત્તમ એ નિર્વાણ. ૩૮૨

સુધરે નહિ સત્સંગથી, લાગ્યો રંગ કુસંગ;
કસ્તૂરીમાં રાખતાં હિંગ તજે નવ ગંધ. ૩૮૩

સલિલ સંપત જ્યમ વધે, સરોજ ઊંચું થાય;
દાતાનું ધન જ્યમ વધે, દાતારી પરખાય. ૩૮૪

શ્રાવણ કેરાં શરવડાં ટકે ન ઝાઝી વાર;
કાચે ઘટ જો જળ ભર્યું, ઝરી ઝરી ઝરનાર. ૩૮૫

ઘાટ ઘડાયો વિધિથકી, વધે ઘટે નવ તેહ;
તાણ્યે લાંબું થાય નહિ, માપ હાથનું જેહ. ૩૮૬

પ્રભુ કૃપાને પાત્રતા ભરી ઉર ભરપૂર,
સૌખ્ય સાંપડે સ્હેલથી, દુરિત થાય સૌ દૂર. ૩૮૭

કોઇ સુખી નથી જગતમાં, સૌને કંઇ કંઇ દુઃખ;
કોઇને દુઃખ છે દામનું, સંતતિની કહિં ભૂખ. ૩૮૮

ખણી ખાણ કાંચનતણી, જ્ઞાનની ખણી ન ખાણ,
જગને મન ખાટયો ખરો, જગપતિને ન પ્રમાણ. ૩૮૯

નિદ્રા, તંદ્રા, ક્રોધ, ભય, દીર્ઘસૂત્રતા જેહ,
આળસ એ ષડ દોષને તજશે, પંડિત તેહ. ૩૯૦

પતિ પત્ની, માતા પિતા, સેવક સ્વામી, મિત્ર,
ભગિની ભ્રાત, ગુરુશિષ્યમાં ભેદથી વિપત વિચિત્ર. ૩૯૧

રવિ ઉદય સમ ઉદય નહિ, તેજ પ્રતાપ અમાપ,
સર્વોપરિ સત્તાતણી આણ ન થાય ઉથાપ. ૩૯૨

ચંદ્ર ઉદય નહિ જ્યાં સુધી, ટકે પતંગ પ્રકાશ,
શશીની પણ શોભા ઘટે થાતાં અર્ક ઉજાસ. ૩૯૩

ત્યાગ કરી નીર નિર્મળું, મલિન જળમાં ન્હાય,
મલિન સૂકર દુર્જન વળી, મલિન થઈ મલકાય. ૩૯૪

જળનિધિ પાર પમાય છે નૌકાથકી નિર્ધાર;
પાર કોણ પામી શકે મતિ ઉદાર વિસ્તાર? ૩૯૫

દોષ બુદ્ધિ જેમાં ભરી, જુવે દોષમય સર્વ;
પાપી જન કયમ પ્રીછશે, કિયું પુણ્યનું પર્વ ? ૩૯૬

ભેદ ન રાખે રવિ કદી, હોય રંક કાં રાય;
પર્ણકુટીમાં પેસતો, જેમ મ્હેલમાં જાય. ૩૯૭

જેનું જે જે કાર્ય છે, તેજ કરે તો થાય;
રંજન પંકજ પોયણી રવિ શશીં વડે સદાય. ૩૯૮

એક સૂરજ જે કરી શકે, ઉડુગણ દળ નહિ તેહ;
સો શિયાળથી નવ થશે, કરે કેસરી જેહ. ૩૯૯

દર્પણ હોયે મલિન જો, મુખ મલિન દર્શાય;
અંતર એમજ મલિન જો, સર્વ મલિન સમજાય. ૪૦૦

વિના ગુણ કયમ સુખ મળે ? કોણ ગુણી ગણનાર ?
વિના ગુણ કયમ થઇ શકે કુસુમ હૃદય શણગાર ? ૪૦૧

અવસર અનુપમ પામીને સાધન સજે ન સાર.
ભમે લક્ષ ચોરાશીમાં નિ:સંશય નિર્ધાર. ૪૦૨

પદવી ઊંચી પામીને ઉર ધારે અભિમાન,
આચરશે અન્યાય જો, શ્રેય ન હોય નિદાન. ૪૦૩

કોમળતા જ્યમ કમળની, સદય હૃદયની તેમ;
કઠોરતા જ્યમ કોઠની, દુર્જન મનની એમ. ૪૦૪

પાપ કરે જન એક ને અન્ય ભોગવે તેહ;
પાતકીં રાવણ જો થયો, બંધન સાગર દેહ. ૪૦૫

રસાળ સ્થળમાં જે વસે, ધીંગુ ઢોર સદાય;
મરુ ભૂમિની મહિષીંનું કષ્ટ ન તેથીં કળાય. ૪૦૬

રંગ રાગની ધુન મચી, લાખે લેખાં જ્યાંય,
ત્યાં દુખ ને દારિદ્રના વર્ણનથી શું થાય ? ૪૦૭

જેને દુખની દાઝ નહિ, કરશે કેમ નિવાર?
પાણીનું પૂછે નહિ, ક્યાં ભોજન મનવાર? ૪૦૮

કુળાભિમાની! કુળતણું જો અંતર અભિમાન,
સન્મારગ તે પ્રેરજે, તો પામીશ સુખ માન. ૪૦૯

વાંકી ચૂંકી વાતમાં કેમ રહે પતિયાર?
સ્વર ઉદ્ભવ શી પેરથી, જો ન પાંશરો તાર? ૪૧૦

સમ દૃષ્ટિ જેની હશે, છૂપી રહે ન છેક;
સમ પ્રકાશ રવિ શશી કરે, લેજો એજ વિવેક. ૪૧૧

હેમતણું રચ્યું પાંજરૂં આપો અમ્રત પાન,
વિષનો કીડો વિષ વિષે સમજે સુખનું સ્થાન. ૪૧૨

બળિયો નિર્બળથી લઢે, ઉભય રીત્યનો માર;
જીત્યાથી જશ નવ જડે, હાંસી થાતાં હાર. ૪૧૩

થાય એકઠો જ્યાંથકી, ત્યાંજ જઈ ઠલવાય,
મેઘ તથા લક્ષ્મીતણી ગતિ વિચિત્ર ગણાય. ૪૧૪

વનચર મૃગને ધન્ય, જે કરી તૃણનો આહાર
વૈભવ ઉન્મત જીવની ગણે ન ગણતી લગાર. ૪૧૫

સુજાણમાં વડી સાખ્ય ને વિદ્યાવંત વિશેષ,
તૃષ્ણા આશા પાશથી વરુવો દીસે વેશ. ૪૧૬

ગુણ સંપાદન કારણે અવશ્ય કર ઉદ્યોગ;
ગુણહીન માનવી માનજે, જ્ઞાન વિના જ્યમ યોગ. ૪૧૭

બળથી જે અરિને જીતે, અર્ધ જીત તે જાણ;
ક્ષમા કરી અરિ વશ કરે, પૂર્ણ જીત પરમાણ. ૪૧૮

વરણાગી નાગી કરી, આધી કરી કુળ લાજ,
શોભે નહિ સંસારમાં, વણુવરસાદે ગાજ. ૪૧૯

માણિક અમૂલ્ય મૂલનાં જેવાં જગ વખણાય,
માન, પ્રતિષ્ઠા, સુજનતા એથી અધિક ગણાય. ૪૨૦

મળે ગઈ સંપત કદી, ઉદય અસ્ત પછી થાય,
મન તૂટ્યું ફરી નવ મળે, ધ્યાન ધરો અધ્યાય. ૪૨૧

જન્મથકી જીવતાં કદી કર્મતણો વ્યાપાર,
પાછળથી ફળ પામશો કર્મઠતણું નિર્ધાર. ૪૨૨

મિથ્યા સુખ તે સુખ નહિ, ખોટતણો વ્યાપાર;
ખોટું સાચું થાય નહિ નાણું શુદ્ધ નિર્ધાર. ૪૨૩

કાચ અને હીરાતણો ભાવ હોય જ્યાં એક,
સાચ જૂઠનો ત્યાં પછી વિગતે ક્યાંથી વિવેક? ૪૨૪

માન સરોવરથકી જશે પામી હંસ વિષાદ,
સરની શોભા ક્ષીણ થશે, નહિ હંસની નિર્વાદ. ૪૨૫

ગુણીને ગુણીજન સૌ કહે, નગુણો ગુણી ન હોય.
સુણ્યું કદી તરુ અર્કથી તેજ અર્ક સમ કોય? ૪૨૬

જગત રૂપી વિષ વૃક્ષનાં અમ્રત ફળ બે થાય,
એક કાવ્ય રસ ને બીજો સજ્જન સંગ સદાય. ૪૨૭

જન અપવાદથી નવ બચ્યા યદુકુળ રઘુકુળ નાથ,
તો પછી ક્યાં રહી અવરની ગણુતરીમાં કો ગાથ? ૪૨૮

આળ ચઢાવ્યું ચોરીનું જદુપતિને પણ શીષ,
આળ ઊતારણ કારણે મણિ લાવ્યા જગદીશ. ૪૨૯

વ્રત શ્રદ્ધા જે કરી શકે, શું કરશે તે કોય?
કુમાર કૈલૈયો હણ્યો સાધુ કાજે જોય. ૪૩૦

ધૂત ભૂત સમ જાણજો, પેઠું પેરે જાય;
વ્યસન ગળે જે કંઈ પડ્યું, છોડ્યું નવ છોડાય. ૪૩૧

પોતે પોતાને ભૂલે, માને ભૂલ ન તોય;
જેમ પડ્યો મણિકંઠમાં, ભૂલી શોધે કોય. ૪૩૨

અક્ષર એકે જ્ઞાનનો પામ્યો જેથું જેહ,
એવા પણ ગુરુને દૂભે, પાતકી પૂરો તેહ. ૪૩૩

દુષ્ટ તુષ્ટ ઘડીં પલકમાં, ઘડી પલક પલટાય,
પ્રસાદ પણ એ પુરુષનો ભયનો ભાર ભણાય. ૪૩૪

આળ ચઢાવે અન્ય પર, પાપી દુર્જન જેહ,
કાળ જુવે તે કૂડને, પ્રોંછે ન પાપી દેહ. ૪૩૫

ધૂળનો ઢગ પણ કામનો, જુવો ધૂળિયો કોટ
વેરીથી રક્ષણ કરે ચૂકાવીં વેરી ચોટ. ૪૩૬

કુળ વડું શા કામનું? વિદ્યા વડી મપાય,
કુળથી દીસે સોગણી વિદ્યા વડી સદાય. ૪૩૭

તુચ્છ મતિ મંત્રીતણી, ઉદાર નહિ આચાર,
યશ વૃદ્ધિની આશ ક્યાં રાજ્ય વિષે રતીભાર? ૪૩૮

ગજ શોભે દરબારમાં. શૂરવીર રણ મોઝાર,
ઉભયતણા ગ્રાહક રૂડા નૃપતિ ગુણ ભંડાર. ૪૩૯

ક્ષિતિપતિની પદવિ છતાં તદ્વત નહિ આચાર,
ભૂષણ તે દૂષણ થશે, લાજ જશે નિર્ધાર. ૪૪૦

ધણીંમાં ધણીંપણું હોય જો, સુણે સદા હિત વાત,
શીખ સરળ સેવકતણી સુણી થાય રળિયાત. ૪૪૧

સત્ય બોધ દેનાર ને સત્ય વાત વદનાર
અમાત્ય એવો નૃપતિનો વર્તાવે જયકાર. ૪૪૨

સાંભળીં હિતતણીં વાતને થાય અનાદર ચિત્ત,
મંદ ભાગ્ય તે માનજો, જુવે ન હિત અનહિત. ૪૪૩

ન્યાય નહિ, નીતિ નહિ, નહિ ધર્મ પ્રતિપાળ,
આયુર્દા એ રાજનો ક્ષીણ, નહિ ચિરકાળ. ૪૪૪

રાજ અને ઘરબારને લાગુ પડતી વાત,
ઘોળ સળો પેસે જરા, વધશે પછીં વિખવાદ. ૪૪૫

સારથિ શૂરવીર હોય, તો રણમાં આપે ધીર,
હાર થતી અટકાવીને રણ જીતાડે વીર. ૪૪૬

બાજી ઉત્તમની હોય પણ જો સારથિ નિર્માલ્ય,
હારતણો ભય રાખીને બધો બગાડે તાલ. ૪૪૭

જેનું જે જે કામ છે, તેથી નિપજે તેહ;
પ્રધાન પાર ઉતારશે, નહિ રાજાથી જેહ. ૪૪૮

રાજા થઈને રાજનું, પ્રજાતણું પણ હિત
પ્રમાદથી જો નવ કરે, પરિણામે અનહિત. ૪૪૯

અનુકરણ રાજાતણું પ્રજા વિષે પ્રસરાય;
રાય રૂડી કરણીથકી પ્રજા રુચિ ત્યમ થાય. ૪૫૦

પિતુ માતુ તુલ્ય નૃપતિ જે, કરે પ્રજા પ્રતિપાળ,
પ્રજા પાથરે પ્રાણને, વાંકો થાતાં વાળ. ૪૫૧

રત્ન જડિત મુકુટ ધરે મહારાજ અધિરાજ,
ભાર વહે ચિંતાતણો સકળ પ્રજા સુખકાજ. ૪૫૨

જો પૃથ્વી રૂપ ગાયનું દોહન ઇચ્છે ભૂપ!
પ્રજારૂપી ગૌ વચ્છનું કર પોષણ સુખ-રૂપ. ૪૫૩

સ્વામી જે નવ સાંભળે સેવક જન હિત વાત,
ઉધાર નહિ અનહિત તણો, મત સાચો સાક્ષાત. ૪૫૪

શઠ સેવક સ્વામીતણા દુખથી દુખી ન હોય,
પંખી લીલા ઝાડનાં ઉડે સૂકાતાં સોય. ૪૫૫

સચિવ સ્વામી ભક્ત જે, તજે ન સ્વામી સંગ;
આદિ મધ્ય ને અંતમાં રોમ રોમ એક રંગ. ૪૫૬

દાન માન આશ્રયતણો ઉદાર દાતા ભૂપ,
વૃષ્ટિદાતા સૃષ્ટિનો જેમ સુરેશ અનુપ. ૪૫૭

ઉદારતા ગુણ યોગથી નૃપતિ પદ સોહાય;
કૃપણ વૃત્તિ જે નૃપતિમાં, દૂષણ દીર્ઘ મનાય. ૪૫૮

ગુપ્ત રાખતાં મંત્રને અર્થ સમર્થ સધાય;
ભેદ ભાગતાં મંત્રનો પ્રયાસ નિષ્ફળ જાય. ૪૫૯

એ સત્તા જે રાજ્યમાં, પ્રજા અધિક પીડાય;
મળે શશી રવિ એકઠા, ગ્રહણ યોગ નભ થાય. ૪૬૦

પ્રેમ.

ધનથી જે નવ નીપજે, બળ કળથી નવ હોય,
પ્રેમ કરે તે પલકમાં; જગમાં જોશો સોય. ૪૬૧

શોક વિવશ થઈ રામ પણ ફરે પૂછતા વૃક્ષઃ
દેખાડો દયિતા મને, (જો) ચઢી તમારે ચક્ષ. ૪૬૨

પ્રેમ પંથ બહુ વિકટ છે, સરલ સુજ્ઞને હોય;
પૂરા ને શૂરાતણો સુખનો સાગર સોય. ૪૬૩

દ્રવ્ય આદિ સાહિત્યથી સુખ સંપત અતિ હોય;
પ્રેમ ન પામે અવરનો લાખો દેતાં કોય. ૪૬૪

પ્રેમ મળે પ્રેમજથકી, સાધન બીજાં વ્યર્થ;
પુષ્પ સુગંધી પુષ્પથી, અન્યથી સરે ન અર્થ. ૪૬૫

પ્રેમી જનની પાંપણે અશ્રુ પડતાં એક,
પૂછો પ્રેમી હૃદયને, શોક સિંધુ છે છેક. ૪૬૬

વચન એક પણ વ્હાલનું, અધિક ગ્રંથથી એજ;
પ્રેમી જનને પૂછશો, ઉત્તર આપે એજ. ૪૬૭

મુખ મૂકે નિશ્વાસ કો પામી પ્રેમ પરિતાપ;
પ્રેમી જન પ્રીછી શકે ઉગ્ર એજ સંતાપ. ૪૬૮

પૂરણ ભાગ્યોદય થકી મળે પ્રેમનું રત્ન;
મોંઘી મણિ એ નવ મળે કરતાં લાખો યત્ન. ૪૬૯

જીવતા જન નિર્જીવ છે, (જો) પ્રીછે ન સાચો પ્રેમ;
પરમ સાર છે પ્રેમમાં, અવર ભિતરતું ક્ષેમ. ૪૭૦

પ્રતિમા પત્થર રૂપ છે વિના સ્થાપના સોય;
માનવી નહિ માનવી વિષે, પ્રેમ વિહીન જે કોય. ૪૭૧

પુનિત ધર્મ છે પ્રેમનો, પુનિત પ્રેમ વ્યવહાર;
પ્રેમ પયોનિધિમાં બૂડ્યા, તર્યા તેજ સંસાર. ૪૭૨

ગાથા પ્રેમની ગહન છે, જો સમજે શુભ પેર;
શ્રેષ્ઠ શિખર છે પ્રેમનું કાંચન રૂપ સુમેર. ૪૭૩

મધુ અમૃત ક્યાં શોધવું? પડ્યું પાધરૂં તેહ,
પ્રેમ વિષે ભરપૂર ભર્યું રહે સર્વદા જેહ. ૪૭૪

જેને જેશું પ્રીત છે, ઠરે જઈ તે ઠામ;
ભ્રમર ભમી ભમી જાય છે પદ્મ પાસ અભિરામ. ૪૭૫

મયૂર રીઝે મેઘથી, સાગર શશીથી તેમ;
પરમ ધામ વિશ્રામનું અનુપમ અવિચળ પ્રેમ. ૪૭૬

અમૃત ભર્યું શશીમાં ખરું, રવિમાં ભર્યું જ્યમ તેજ;
સત્ય સુધા આ લોકમાં પ્રેમ વિષે છે એજ. ૪૭૭

મીન રહે નહિ જળ વિના, વાદળ વિના ન મેહ;
રસિક હશે નરનાર જે, પ્રેમ વિહીન નહિ તેહ. ૪૭૮

વનની વેલડી પણ જુઓ પ્રેમ વિષે છે લીન;
પ્રીતે પતિ સેવા કરે સંગ રહી તલ્લીન. ૪૭૯

તાણી તોડી અંગને રક્ષે પતિનું અંગ;
જીવ જતાં લગી નવ મૂકે સતી પતિનો સંગ. ૪૮૦

ભલી ભેટ તો ભાવની, અવર ઊતરતી નેટ;
વિદુર ઘેર ભાજી જમ્યા યાદવ કુળ પતિ શ્રેષ્ઠ. ૪૮૧

વ્હાલ થકી વશ થાય છે ન્હાના મોટા સર્વ;
પ્રભુ પણ ભૂખ્યા પ્રેમના, સહે ન કોનો ગર્વ. ૪૮૨

પ્રેમ દ્રોહ જેણે કર્યો, નહિ માનવી પશુ જાત;
પશુ પણ પ્રેમ ન છોડશે, (માટે) પશુથી અધમ વિજાત. ૪૮૩

પાધરું પ્રેમી જનતણું જો દર્શન નવ થાય,
તો પછી છબિ નિહાળીને મનનો પ્રેમ પળાય. ૪૮૪

પ્રેમ તથા અમૃત વિષે નથી ભેદ લવલેશ;
પ્રેમ સુધા પૃથ્વી વિષે કાપે કોટિ ક્લેશ. ૪૮૫

લાખો કોટિ આપતાં જેવી ભેટ ન હોય,
ભેટ તેવાં છે પ્રેમની, વિરલા સમજે સોય. ૪૮૬

પ્રેમ પયોનિધિ હૃદયમાં ઊછળે વારંવાર;
પાત્ર પ્રેમનું ઝીલીને માને ભાગ્ય શીકાર. ૪૮૭

સ્પર્શ અલૌકિક પ્રેમનો, હર્ષ ન વર્ણ્યો જાય;
હોય યંત્ર ગતિ માપવા, માપ્યો તે ન મપાય. ૪૮૮

ભેટ પ્રેમની મ્હોર છે વચન વ્હાલનું સત્ય;
પિંડ પડે પણ પ્રેમની પ્રેમી ખુએ ન પત્ય. ૪૮૯

બાહ્ય ભેટનું સુખ નથી તેટલું ઉર મોઝાર;
હૃદય હૃદયની ભેટનો આપે પ્રેમ ચિતાર. ૪૯૦

વિયોગ વ્હાલાંનો થતાં રડે હૃદય જે વાર,
વજ્ર હૃદય જેનું હશે, ચમકે જોઈ ચિતાર. ૪૯૧

આંખો તે રડતી નથી, રડે હૃદયનો પ્રેમ;
રોમ રોમ સાક્ષી પૂરે, પ્રેમ પ્રેમ છે ક્ષેમ. ૪૯૨

જ્યાં બંધન છે પ્રેમનું, જીવ ઠરે તે ઠાર;
ભમી ભ્રમર ફૂલવાડીમાં ઠરે કમળ મોઝાર. ૪૯૩

પ્યાસ હોય પાણીતણી, દૂધથી નષ્ટ ન થાય;
લૂખાં લાડ લાખોથકી પ્રેમ પ્યાસ નવ જાય. ૪૯૪

સુખ દુખ પ્રેમી જનતણાં શું સમજે જડ જાત?
વિષભક્ષક શું સમજશે સુધા સ્વાદ ભલી ભાત? ૪૯૫

રચ્યો પચ્યો જે પ્રેમમાં, જીવન મુક્ત નર તેહ;
સદા સજીવન તે રહે, લહે ન સુખ દુખ હેહ. ૪૯૬

વ્હાલાંતણા વિયોગનું દુખ વરણ્યું નવ જાય;
વીતે તેને વેઠવું, અન્ય ન એક ઉપાય. ૪૯૭

સરલ વાત છત છોડવી, સરલ રાજ્યનો ત્યાગ;
ત્યાગ વિકટ વ્હાલાંતણો, જ્યાં તલ્લીન અનુરાગ. ૪૯૮

મળ્યો ન જેને જન્મમાં મનનો માન્યો મિત્ર,
માનવી પણ નહિ માનવી, ચિત્રકારનું ચિત્ર. ૪૯૯

આકર્ષણ અદ્‌ભુત જુઓ પ્રેમતણું પરમાણુ;
ક્યાં મયંક ક્યાં પોયણી, ક્યાં સરોજ ક્યાં ભાણુ? ૫૦૦

પ્રેમ પયોનિધિમાં બૂડ્યા, તર્યા; બૂડ્યા નવ તેહ;
પ્રભુ પદ પામે સ્હેજમાં, પ્રેમે પરવશ જેહ. ૫૦૧

આ જગમાં અમ્રત જુઓ પડ્યું પાધરૂં પાસ,
પાન કરે પ્રેમી જનો; વૃથા અવરની આશ. ૫૦૨

રામ રઘુકુળ ભાણુ જે, ભાળી ભીલડી ભાવ
અજીઠાં ફળ આરોગિયા પ્રીછી પ્રેમ પ્રભાવ. ૫૯૩

જેમાં જેની રસિકતા, તન મન ત્યાં તલ્લીન;
સરોજ શું ષટ્‌પદ જુઓ પ્રેમ વિષે પરવીણ. ૫૦૪

પ્રેમ સર્વદા પાળવા જો સમજો ભલી ભાત,
ક્ષીર નીરને પૂછજો પ્રેમ ધર્મની વાત. ૫૦૫

શોચ પરસ્પર પ્રેમીનો પ્રીછે પ્રેમી જીવ;
સુખ દુખ સજીવન પ્રાણીનાં શું સમજે નિર્જીવ? ૫૦૬

વિયોગ દૃષ્ટિદોષ છે, જ્યાં પરિપૂરણ પ્રેમ;
વિયોગ એ તો તનતણો, પણ નહિ મનનો એમ. ૫૦૭

પ્રિયતમ વસ્તુ જ્યાં હશે, તનમન ત્યાં તલ્લીન;
ભ્રમર ભોગી જયમ કમળમાં, ચાતક ચંદ્રાધીન. ૫૦૮

પ્રેમતણા રસનિધિતણું મૂલ કર્યું નવ જાય;
અમૂલ્યનું મૂલ જો કરે, ન્યાય નહિ અન્યાય. ૫૦૯

ભલે વૈદ તુજ પાસ છે, ભેષજનો ભંડાર;
પ્રેમ-પીડના રોગનો શું જાણે ઉપચાર? ૫૧૦

સર્વ રોગની શાંતિના રચ્યા અનેક ઉપાય;
વ્યાધિ વિરહ વિદારવા વૈદ્યરાય નિરુપાય. ૫૧૧

દીપકથી અધિકો ઘણો રવિમાં દ્યુતિ પ્રકાશ.
પણ પતંગને નવ રુચે રવિશું મોહ વિલાસ. ૫૧૨

હરિ વિરહથી ગોપીની અંતર વ્યથા અપાર;
અકથ કથા છે પ્રેમની વદશે શું વદનાર? ૫૧૩

જેને રસનિધિ પ્રેમનો હોય ન અનુભવ સાર,
કઇ પેરે તે પામશે પ્રેમ કથાનો પાર? ૫૧૪

છૂટે જેના નામથી જડ ચૈતનની ગાંઠ,
છૂટે નહિ તે પ્રભુ થકી ગૂઢ પ્રેમની ગાંઠ. ૫૧૫

મંત્ર જંત્ર વશીકરણની વાતો વદે અનેક;
પ્રેમ સમું પ્રૌઢું નથી વશીકરણ વડું એક. ૫૧૬

જેહ પ્રેમથી વ્રજવધૂ જુએ મળે ઘનશ્યામ,
તેહ પ્રેમને સૌ કરે વારંવાર પ્રણામ. ૫૧૭

ક્ષીણ કળા ને શરીરનો, શશી, પ્રતિપક્ષે દોષ;
તોપણ તારી પ્રીતમાં ચકોર ચિતને શોષ. ૫૧૮

ભેદે કાષ્ઠ કઠોરને, નહિ મૃદુ પંકજ કોય;
પ્રીત રીત એ ભ્રમરની વિશ્વ વખાણે સોય. ૫૧૯

ગર્વ.

પર્ણ એક પણ વૃક્ષનું નથી હલવવું હાથ;
તદપિ તું છોડે નહિ આપ ગર્વની ગાથ! ૫૨૦

અલ્પ મતિ, વળી શક્તિ લઘુ, સીમા બંધન સાજ,
મુજ સમો નથી સૃષ્ટિમાં, મૂઢજન જાણે આજ. ૫૨૧

હું મારું ધાર્યું કરું, વૃથા એજ અભિમાન;
મૂગો કહે ગાયન કરું, કોણ ધરે તે કાન? ૫૨૨

ગર્વ કરે શી વાતનો તુજ કળ બળનો લેશ ?
પરવાળાં કૃત દ્વીપનો કેવો ખેલ વિશેષ ! ૫૨૩

જેને જેનો ગર્વ છે, પ્રભુ ઉતારે તેહ;
મૂર્ખ ન માને તે છતાં, ધર્મ વિમુખ જન જેહ ૫૨૪

બાર ગામની મુખથકી મારે મોટી ફૂલાશ;
ધાતુપાત્ર નહિ ઘર વિષે; કેવો ગર્વ પ્રકાશ ? ૫૨૫

સર્વ કહે, ગયું ગર્વથી રાવણ કેરું રાજ્ય;
મૂકાતી મનથી નથી (તોપણ) પાપ મૂળ પતરાજ. ૫૨૬

અભિમાનનો ધર્મ છે, ગગને ચઢે અપાર;
પછડાયે પાછળથકી, હસે સર્વ સંસાર. ૫૨૭

અભિમાનીના અંતરે ભર્યો સળગતો સાજ;
ભભકો થઈ ભડકો થશે નિમિત્તથી કો કાજ. ૫૨૮

દૈવેચ્છા.

દૈવેચ્છા રૂપ દોરીને સ્વાધીન સૌ સંસાર;
રમિયે જેમ રમાડવા ઇચ્છે જગદાધાર. ૫૨૯

અણ-ધાર્યા આવી પડે વિઘ્ન અનેક પ્રકાર;
કોણ જાય છે જાચવા ? વિગતે કરો વિચાર. ૫૩૦

ઇષ્ટ થવા ઇચ્છે સકળ, અનિષ્ટ નવ કો વાર;
(તો પણ) ઊંધું ગાડું ખાડમાં પડે પલક મોઝાર. ૫૩૧

ભાવી ભાવતું નિજ કરે, ટકે ન કોનો ટેક;
કાંચનમૃગ પાછળ પડ્યા વીસરી રામ વિવેક; ૫૩૨

કૃષ્ણ પ્રભુ, માથે મુકુટ, જાદવકુળના ભાણ;
જાદવકુળ નિર્મૂળ થયું, તીખાં ભાવી બાણ. ૫૩૩

સાનુકૂળ પ્રભુ શ્રીહરિ, પડે સર્વ પોબાર;
વાંકો પાસો પાડતાં સીધો પડે શીંકાર. ૫૩૪

હોય વિધિ વાંકો જહાં, અવળું પળમાં થાય;
ઘાટ ઉપરથી પગ ખસે, ડૂબકાં જળમાં ખાય. ૫૩૫

ડૂબતાં ડૂબતાં કંઇ બચે, વિભુની સાચી બ્હાર;
પ્રમાણ એ પરિણામનાં જગમાં જડે અપાર. ૫૩૬

પ્રભુ પોતે ગમતું ઘડે, નિમિત્ત આપણું નામ;
સેવક મટી સ્વામી થવું, એ તો અનુચિત કામ. ૫૩૭

લાખ કરો અભિલાખ, પણ ફળવા પ્રભુને હાથ;
સફળ અફળ પળમાં થતા, જો રૂઠે જગનાથ. ૫૩૮

વૃષ્ટિ રૂડી વરશી ને ઉપજ્યું ધાન્ય અપાર;
પ્રભુને ગમતું નહિ હશે, શું લણશે લણનાર? ૫૩૯

ઝૂલુ જંગલી દેશમાં વિચર્યો ફ્રેંચ કુમાર;
ત્યાં મરવું સર્જ્યું હશે; કોથી થાય નિવાર? ૫૪૦

મહારાણીનો પ્રતિનિધિ પ્રતાપી મેયો જેહ,
ક્યાં ઍંડામન બેટમાં પડવો તેનો દેહ? ૫૪૧

યુરોપ જેથી ધ્રૂજતો, વિજય ભર્યો મ્હાવીર;
વાંકા વાસર આવતાં નષ્ટ નામ રણધીર. ૫૪૨

સીતા જેવી સતી કૃતી, વિધિ વાંકો જે વાર;
સંકટની સીમા થઈ લંકા ગઢ મોઝાર. ૫૪૩

રામ સરીખા રાજવી, શેષ સરીખા વીર,
વિપત્તિ પડી શિર તેમને, ધરું ન લખતાં ધીર. ૫૪૪

જીવનદોરી આપણી જગજીવનને હાથ;
ટકે, ન ત્રોડે જ્યાં સુધી જીવનપતિ જગનાથ. ૫૪૫

માણસ ધારે એક ને દુજું ધારે દૈવ;
ખેતર પાક્યું, તીડ પડે, જો જાગે દુર્દૈવ. ૫૪૬

થવા સિદ્ધ મનકામના, જન મન શુભ અભિલાષ;
યત્ન કર્યાથી જો ફળે, ફળે સર્વની આશ. ૫૪૭

યત્ન સર્વદા નવ ફળે, એ અનુભવ સાક્ષાત;
પ્રભુને ગમતું જોટલું, પાર પડે ભલી ભાત. ૫૪૮

આરંભ્યાં અળગાં થતાં, અણધાર્યાં અથડાય;
તોપણ નહિ નિર્માણને માને મૂર્ખ કદાય! ૫૪૯

ગેબી ગોળા વાગતાં કરે શું સેના સાજ?
મૂગા થઈ જોયા કરે મૂછાળા મ્હારાજ. ૫૫૦

આજે ભરતી સુખતણી કાલ નહિ એ તાલ;
અણધારી ચિંતા ઊઠે, પડે પેટમાં ફાળ. ૫૫૧

રાજ્ય મળો, રિદ્ધિ મળો, મળો સકળ સુખ સાજ;
રતિ ગતિ વિપરીત જો થશે, ડૂબે પલકમાં આજ. ૫૫૨

અવશ્ય ભાવી ઊપજે, નેટ ન થાય નિવાર;
સીતા દ્રૌપદી આદિનો રહ્યો ન દુખનો પાર. ૫૫૩

મૂછો મરડે તું ભલે અંતર ધરી અભિમાન;
ભાવી જો ભૂલાવશે, ભૂલીશ પળમાં ભાન. ૫૫૪

યદપિ મહાશય મથી મરે, આશય સરે ન એક;
હરિ ઇચ્છા અનુકૂળથકી આશય ફળે અનેક. ૫૫૫

સુધારૂપ સુખનિધિ મૂકી, દુખરૂપી દવમાં ધાય;
વિધિ વાંકો જે વારમાં, ભીંતે જઈ ભુટકાય. ૫૫૬

વૈરાગ્ય.

નાટક સમ સંસાર છે, વિધવિધ જ્યાં વ્યાપાર;
જોતા જોતામાં જશે ચાલ્યો સર્વ ચિતાર. ૫૫૭

સંધ્યાની સંધિ સમે વાદળ રંગ વિચિત્ર;
થાય લોપ ઘડી પલકમાં, ત્યમ માયાનું ચિત્ર. ૫૫૮

કેશ થયા ધોળા, તથા શિથિલ થયાં સૌ ગાત્ર;
માયા કૂપમાં જે પડ્યો, લહે ન દિન કે રાત; ૫૫૯

સુખ દુખના વંટોળમાં અથડાવું દિન રાત;
વિષ અમ્રત ભેગાં ભળ્યાં, જોશો તે ભલી ભાત. ૫૬૦

જોગી જતીને નહિ મૂકે, નહિ ભૂપના ભૂપ;
સુખ દુખ વળગ્યાં સર્વને, જ્યમ છાયા ને ધૂપ. ૫૬૧

તીરથમાં ટોળે મળે લોકતણા બહુ થોક;
વેરાતાં પછી વાર નહિ, નહિ હર્ષ નહિ શોક. ૫૬૨

જગ તીરથ યાત્રાતણો ઠાલો પોલો ઠાઠ;
સમય આવતાં સર્વકો વિચરે નિજ નિજ વાટ. ૫૬૩

મ્હેલ વિષે વસનાર ને પર્ણકુટી વસનાર,
મૃત્યુલોકનાં માનવી મારગ એક જનાર. ૫૬૪

ચિદાનંદના ચરણનું શરણ સાધ્ય સુખરૂપ;
થાય ઉપાધિ રહિત જે, ભૂપતણો તે ભૂપ. ૫૬૫

અનિત્ય સુખના લોભમાં તન મન તોડે નિત્ય;
આળસ ભગવદ્ ભજનમાં, મૂઢ રૂઢ એ રીત. ૫૬૬

નાટકભૂમિ લેખજો સકળ જગત વ્યવહાર;
ભજવી નિજ નિજ ભાગને માનવી લોપ થનાર. ૫૬૭

બાહ્ય અરિથી લઢી મરે ખેંચી મમત અપાર;
અંતર અરિને નવ હણે, ક્યાંથી જંપ લગાર? ૫૬૮

વનમાં જઈ વાસો કરે તજી સર્વનો સંગ;
વિરક્તતા મનની નથી, રચે ન ભક્તિ રંગ. ૫૬૯

તૃષ્ણા તનમનથી તજી, ભજી નિરંતર રામ,
તૃણવત્ જાણે જગતને, મતિ જેની નિષ્કામ. ૫૭૦

તત્વ વસ્તુ આ વિશ્વમાં જડે ન જોતાં એક;
મરવું તરીલાં તાર્ણીને વેઠી વિપત્તિ અનેક. ૫૭૧

માનવી પૂતળા રૂપ છે, કરે નૃત્ય ઘડી ચાર;
નાટ્ય ભૂમિ તજી તે જશે જોતાં જોતાં વાર. ૫૭૨

ઊંચ નીચ કો છે નહિ દેવ તણે દરબાર;
માનવી સૌ માટીતણાં ભસ્મીભૂત થનાર. ૫૭૩

મારું મારું ઉચરે, નહિ તારું તલભાર;
કાંતો તે તજીને જશે, કાંતો તું તજનાર. ૫૭૪

ચાર ઘડી સુખ પામવા કરે ઉપાય અનેક;
જન્મ સફળ કરવા વિષે પ્રમાદ છેકાછેક. ૫૭૫

આજ ભાગ્યની પળ હશે, પળ બીજી દુર્ભાગ્ય;
આજ શીતળતા સદનમાં, ઊઠે કાલ કદી આગ્ય. ૫૭૬

ડૂબકાં મારે કૂપમાં રેંટતણી ઘટમાળ;
તેવી ભવસાગર વિષે કાળ ચક્રની જાળ. ૫૭૭

કરે કેમ સ્થૂળ શરીરનો વણસમજે વિશ્વાસ?
કદળી વનનો પોપટો ઊડી જાશે આકાશ. ૫૭૮

માયામાંથી ઊપજ્યું, માયા માંહિ સમાય;
વિશ્વતણી રચના જુઓ, ઊપજે ને લય થાય. ૫૭૯

લાવ્યા સાથે કંઇ નથી, નહિ આવે કંઇ સાથ;
હાથ ન આવે કંઇ અરે! ભરે પવનથી બાથ. ૫૮૦

પોલે પોલો ખેલ છે, ઠીક ઠર્યો છે ઠાઠ;
અવસાને શમસાનમાં સુવા પથારી કાષ્ઠ. ૫૮૧

આયુષ્ય તારું અલ્પ છે, તે પણ નહિ નિશ્ચિત;
ચાર ઘડીની ચાંદની, તે પણ અભ્ર સહિત. ૫૮૨

આયુષ્ય વેગે વહી જશે, થશે ન ધાર્યાં કામ;
પાંદડું ને આંસુ ખરે, દેહનું એ પરિણામ. ૫૮૩

પૂર ચઢી પાણીતણું ઝટપટ ઊતરી જાય;
પાત થશે આ પિંડનો થાતાં જીવ વિદાય. ૫૮૪

આયુષ્ય પરપોટા રૂપે ફૂલી ફૂટી જાય;
અગ્નિમાં ફૂંકી મૂકે કાંચન સરખી કાય. ૫૮૫

થાવે નેટ નિમેષમાં આ તન કેરો નાશ;
જાય ઊડી આકાશમાં પોપટ તજી ઘરવાસ. ૫૮૬

એક પલકમાં પ્રાણિયા ! ઊડી જાય તુજ શ્વાસ;
કળી ખીલી કુમળાય છે, જીવન આશ નિરાશ. ૫૮૭

ઉપમા જુઓ વરાળની, છાયાનો આભાસ,
આયુષ્ય પ્રત્યે છે ઉચિત; વિશેષ વીજ પ્રકાશ. ૫૮૮

રૂપક નીર પ્રવાહનું આયુષ્ય ઉચિત ભણાય;
વ્હેતું વ્હેતું વેગથી મૂળમાં પાછું જાય. ૫૮૯

જન્મ થતાં આંસુ ઝરે; મરણ થતાં મુંઝાણુ;
વચમાં પણ સુખની ઘડી કહો ભોગવે કોણ? ૫૯૦

ષડ શત્રુ આ શરીરના આપે પીડ અથાગ;
આંખો ચોળી રિપુ રહે, જો ઊપજે વૈરાગ. ૫૯૧

પંચ તત્વનું પૂતળું, થાતાં તત્વ વિકાર,
નષ્ટ થાય પળ એકમાં, ક્ષણ ભંગુર સંસાર. ૫૯૨

દારુણ દુખથી છે ભર્યો અસાર આ સંસાર;
મટકી કાચી માટીની, ક્ષણભંગુર નિરધાર. ૫૯૩

કમળપત્ર પ્રતિ જળ જુઓ ગતિ ચપળ ધરનાર;
તરલ તેમ આયુષ્ય જુઓ, ક્ષણભંગુર સંસાર. ૫૯૪

જન્મી તેં આ જગતમાં ભર્યો પાપનો ભાર;
ફરી ફરી ફરવું પડે, ધરી ધરી અવતાર. ૫૯૫

પર્વતને પાડું હણે જોબન વયમાં જેહ,
ગલિત ગાત્ર છે ઘડપણે, માનવી એનો એહ. ૫૯૬

દારુણ દુખમય જગત છે, ત્યાં સુખની શી ગાથ?
મુખ મીઠું ક્યાંથી થશે, જ્યાં પીવાનો ક્વાથ? ૫૯૭

રસનિધિ હરિના નામમાં, નથી અવરમાં લેશ;
જાગૃત થઈ જોને હજુ થયા શ્વેત શિર કેશ. ૫૯૮

અસાર આ સંસારમાં, ડગલે ડગલે દુઃખ;
ડરવું શું પછી દુઃખથી, જ્યાં સ્વપ્નાવત્ સુખ; ૫૯૯

ચલિત વિત્ત, યૌવન ચલિત, ચલિત જીવન સંસાર;
ચલિત ચલિતની ચાલ આ; અસ્થિર સર્વ ચિતાર. ૬૦૦

પંખેરૂ પિંજર થકી ઊડી પલકમાં જાય;
જીવ ઊડી ઝટ જાય છે તજી ત્વરિત ત્યમ કાય. ૬૦૧

વસુધા, વસુ, વૈભવ વળી ગયાં ન કોઇની સાથ;
આવ્યા ઠાલા હાથથી, જાવું ઠાલે હાથ. ૬૦૨

પરિણામે પામે સરવ નાશ નાશ ને નાશ;
જૂઠા એવા જગતની ધૂળ પડી સૌ આશ! ૬૦૩

શ્રદ્ધા.

શ્રદ્ધા સુખનું ધામ છે, હામ વધે ઉર માંય;
દુખ દાવાનળ દેખીને ડરે ન કંપે કાય. ૬૦૪

શ્રદ્ધા રૂપી સુકાનનો નથી જેને આધાર;
ભવ રૂપી સાગર વિષે પામે કદી ન પાર. ૬૦૫

પળ પળ તારું પ્રભુ ભરે, કરે સદા સંભાળ;
ડરે ન શ્રદ્ધા તોયપણ તારી કદી તત્કાળ. ૬૦૬

પ્રકૃતિ.

પ્રકૃતિ પાધરી થાયછે, નેટ ન નિર્મૂળ હોય;
સિંહ સ્નાનો કદી થાય પણ અજા સમાન ન સોય. ૬૦૭

રૂડો ભૂંડો નવ થશે, ભૂંડો રૂડો ન થાય;
જેની જેવી પ્રકૃતિ, તે રીતે વરતાય. ૬૦૮

ગોરાને કાળો કહે, હું તુજથી છું શ્રેષ્ઠ;
ગોરાનો કાળો થશે, ફીટે ન કાળો નેટ. ૬૦૯

સુરાપાનીને પૂછશો, સુરા સુધાથી શ્રેષ્ઠ;
જેને જે હેવા પડ્યો, ટળે ન ટાળ્યો નેટ. ૬૧૦

જેને જેવો જન્મથી સહી રહ્યો અભ્યાસ,
ઠેઠ સુધી એ વેઠમાં ઉર માણે ઉલ્લાસ. ૬૧૧

ટકટકની જ્યાં ટેવ છે, ટકટક તે કરનાર;
ફટ ફટ ધાણી ફૂટશે, ફેર નહિ પડનાર. ૬૧૨

સુધરે જાતિસ્વભાવ પણ જડમૂળથી નવ જાય;
તામસી ગમ મારે ઘણી,(તોપણ)રાતો તાતો થાય. ૬૧૩

અંતરના ઊર્મિતણો જ્યાં છે પૂર્ણ અભાવ,
મરડી મરડી કેટલો પલટયો જાય સ્વભાવ? ૬૧૪

પ્રકૃતિ જેની જે પડી, રહે ન છાની છેક;
નગુરા નરને ક્યાં થકી કોય વાતનો ટેક? ૬૧૫

યત્ન કરો કોટિ કદી, પ્રકૃતિ ફરે ન કોય;
મખમલ રેશમથી મઢો, કૌવચ કૌવચ હોય. ૬૧૬

સરવર સુંદર જળ ભર્યું, કરી તેહનો ત્યાગ
જળ પ્રાશન કરવા જશે, કુંભ વિષેથી કાગ. ૬૧૭

ખળની ખળતા શું કરે, જો છે સુશીળ સ્વભાવ?
કોયલ ઊછરી કાગથી તજે ન સુસ્વરભાવ. ૬૧૮

સ્વભાવ જેનો જે પડયો, તજ્યો ન સ્હેજે જાય;
જુવો જવાસો ઘન વિષે શોચ કરી સૂકાય. ૬૧૯

પ્રધાન ગુણ જે જેહમાં, તજ્યો ન સ્હેજે જાય;
દુર્જનથી મત્સરતણો ત્યાગ કરયો નવ થાય. ૬૨૦

સિંહ યદ્યપિ બાળ પણ મદગળ પર ચઢી જાય;
સ્વભાવમાં જડયું શૌર્ય જે, પ્રગટ પાધરૂં થાય. ૬૨૧

મન.

સુખ દુખ નથી કંઇ અવરમાં, શાસ્ત્ર વદે છે વાણ;
મન કારણ સુખદુખતણું, સમજો ચતુરસુજાણ. ૬૨૨

મન મેલું, મન નિર્મળું, મન દાતા, મન શૂર,
મન વેરી, મન મિત્ર પણ, મન કોમળ, મન ક્રૂર. ૬૨૩

છબિ લેવી સ્હેલી સકળ, મનની કઠણ અપાર;
પળ પળમાં રૂપ પલટતું; કથશે કોણ નકાર ? ૬૨૪

મનનું માપ શું થઈ શકે ? હોય અથાગ ઉદાર;
મ્હેલ ચણે મનથી ઘણા ઘડી પલક મોઝાર. ૬૨૫

રહ્યું નથી સુખ રાજ્યમાં, જંગલમાં નવ જાણ,
સુખ સદા મન મ્હેલમાં; નિર્મળ મત નિર્માણ. ૬૨૬

દયા.

દર્પણના સાધનથકી, નિજ મુખ દર્શન થાય;
હોય દયાની લાગણી, પરદુખ પાર પમાય. ૬૨૭

રાડ સુણે નહિ રંકની ધરી અનુકંપા ઉર;
હોય દયા નહિ વ્યાઘ્રને, કહે સર્વકો ક્રૂર. ૬૨૮

જન મન રંજન એ કરે, રીઝે એ શું રામ;
દયા રૂપ જે હ્રદયમાં સત્વગુણ અભિરામ. ૬૨૯

દયા હીન જે માનવી, પત્થર જાત પ્રમાણ;
પત્થર પણ પીગળે કદી, નહિ નિર્દય જન જાણ. ૬૩૦

દયા ન ધારી હ્રદયમાં, ધરી ન પરદુખ દાઝ;
દેવ–દયા પછી માગતાં, સરે કેમ તુજ કાજ ? ૬૩૧

'અરે' કદી અંતર વિષે, પરદુખથી નવ હોય;
અંતર એ પત્થર સમું કથે કવિ સૌ કોય. ૬૩૨

પશુ પક્ષી પણ પીછતાં આપ આપની પીડ;
સુરા તથા પરમારથું પીછે પારકી પીડ. ૬૩૩

દુર્જન.

દુર્જન આ સંસારમાં દુખ કરવામાં શૂર;
રંજાડી રાજી થતા સજ્જનને ભરપૂર. ૬૩૪

નીતિ હૃદયે નવ ધરે, નહિ ધર્મનો મર્મ,
કર્મ કૂડાં અતિ આચરે, જમડા તોડે ચર્મ. ૬૩૫

અંતર ઈર્ષ્યાએ ભર્યું, કર્યું ન કોનું હિત;
ઠરી ઠામ કયમ બેસશે દુર્જનકેરું ચિત્ત? ૬૩૬

મૃગલાં, મીન, સજ્જન, જુવો, નિર્દોષી નિર્વાણ;
પારધી, માછી, દુષ્ટ જન, કરે તેમની હાણ. ૬૩૭

દ્વેષ વૈર ઉરમાં ધરે, વિષાદ માંહિ ઉલ્લાસ,
બળ્યા કરે નિજ હૃદયમાં; બેસે કયમ કરી હાશ? ૬૩૮

દ્વેષી તેજસ્વીતણા, વિઘ્ન વિષે સંતોષ,
જન એવા આ જગતમાં કુટિલપણાના કોશ. ૬૩૯

સજ્જન ને દુર્જનતણો ભેદ ઉઘાડો એક;
એક પ્રભુ સનમુખ સદા, અન્ય વિમુખ છે છેક. ૬૪૦

દુર્જનનું દુર્જનપણું પ્રગટ પાધરું થાય;
લસણતણી દુર્વાસના નવ ઢાંકી ઢંકાય. ૬૪૧

નિજ સ્વારથને સાધવા રચે પ્રપંચ અનેક;
સ્વારથ સરતાં સર્વને દુર્જન દૂભે છેક. ૬૪૨

દોષ દોષ ને દોષમય જુવે સર્વ સંસાર;
દુર્જન જુવે ન આપમાં ભર્યો દોષભંડાર. ૬૪૩

અધિકાર-અભિમાન.

મદોન્મત્ત થઈ માણતા, ધરી અધિક અભિમાન;
ચાર દિવસની ચઢતીમાં ભૂલે કેવળ ભાન. ૬૪૪

શાર્દૂલ કેરી સોડમાં શિયાળ બેઠું હોય;
સેહ પડે સ્વામીતણી, સમજે નિજની સોય. ૬૪૫

વિકાર જો અધિકારનો પેઠો અંતર માંહ્ય,
પ્રસંગ પડતાં પાધરો દેખાદે જ્યાં ત્યાંય. ૬૪૬

મનસ્વિભાવ.

શું દેશે દેનાર ને શું લેશે લેનાર?
હરિ આપે ને હરિ હરે; અવરતણો શો ભાર? ૬૪૭

લ્હે લાગી પ્રભુ નામની, તેને મન સૌ સ્હેજ;
લાભ હાનિ સરખાં લહે, મનસ્વિ લક્ષણ એજ. ૬૪૮

સજ્જન દુર્જન.

સજ્જન ને દુર્જનતણો મળે ન રૂડો મેળ;
કઠોરતા બાવળતણી, ક્યાં કોમળતા કેળ? ૬૪૯

અગવડ હોય હજાર ને હોવે કષ્ટ વિશેષ;
સજ્જન શિરમાં માં લખો માન ભંગનો ક્લેશ. ૬૫૦

સજ્જનને જે કાંઇ કરો અલ્પ તમે ઉપકાર,
ઉત્સુકતા ઉરમાં ધરે કરવા પ્રત્યુપકાર. ૬૫૧

માત, તાત, ગુરુ, સ્વામી ને પુત્ર, ભ્રાત વળી મિત્ર
અંતરથી આદર દિયે, સજ્જનતણું ચરિત્ર. ૬૫૨

સજ્જન જન રંજન વિષે, ઉર ધારે આલ્હાદ;
અંતર ઠારીશ અવરનું, ઠરશે તુજ નિર્વાદ. ૬૫૩

સજ્જન આ સંસારમાં સુખનું સાધન સાર;
સુંદર સુશીળ સ્વભાવથી સર્જે સદા ઉપકાર. ૬૫૪

*દુર્લભ આ જગમાં દીસે સુજન સમાગમ શ્રેષ્ઠ;
ખાણ ન માણીકની મળે જ્યાં ત્યાં જોતાં નેટ. ૬૫૫

શીખ સરળતા શરથકી, ગતિ તજ કુટિલ ધનુષ્ય;
પ્રથમ ગતિ સજ્જન ધરે, બીજી ધૂર્ત મનુષ્ય; ૬૫૬

શુદ્ધ સુજનતા જો શીખો, શીખો કેસર પાસ;
વાટચે કૂટચે નવ તજે કેસર રંગ સુવાસ. ૬૫૭

સુણો સ્નેહી સદ્ભાવથી કમળ કુલીનતા સાર;
જીવન હરે રવિ તોય પણ રવિ શું મિત્રાચાર. ૬૫૮

સજે ભલાઈ સર્વદા, સુજન જગત સુખરૂપ;
બાળો તોપણ અગર તો આપે ગંધ અનુપ. ૬૫૯

સજ્જન સંતાપ્યા સદા, રંજન કર્યા ન રેશ;
દુર્જન ! કરણી દુષ્ટથી થશે હિત ક્યમ લેશ ? ૬૬૦

કર્મ.

દેશો દોષ ન કોઇને ખીજ કરી કો રીત;
દોષ દીજિયે કર્મને, જો હોવે અનહિત, ૬૬૧

સુખ દુખ વ્હેંચી આપિયું, જેવું જેનું કર્મ;
દૈવતણા દરબારમાં વિમળ ન્યાય ને ધર્મ. ૬૬૨

મહાજનોને પણ જુઓ ભોગવવાં નિજ કર્મ;
જુઓ ચંદ્ર ને સૂર્યનો કાશદકેરો ધર્મ. ૬૬૩

કર્મ ! ગતિ ન્યારી અરે, વારી જઉં બહુવાર;
વાર વાર વંદું તને,* તુજ બળ અપરંપાર. ૬૬૪

રાજદંડ સૌ કો જુવે, કર્મદંડ નવ કોય;
વિક્રમ સરખા વીરનાં કાંડાં કાપ્યાં જોય. ૬૬૫

ઋણાનુંબંધ.

આ ભવના સંબંધ સૌ ક્ષણભંગુર ઉલ્લોલ;
ઊપજે ને શમી જાય છે, જેમ વાત વંટોળ. ૬૬૬

પુત્ર કહે નથી પુત્ર ને તાત કહે નથી તાત;
વૈર ભાવ જો હોય છે, ઊપજે છે ઉત્પાત. ૬૬૭

શૂરવીર તથા કાયર.

કરે પરાક્રમ શૂરવીર, નહિ કાયરનું કામ;
પાપી કદી ન પામશે, ધર્મી અક્ષર ધામ. ૬૬૮

શૌર્ય વિનાનું માનવી, વણ જીવન વ્યવહાર,
શીળ વિના નરનાર સમ, શોભે નહિ સંસાર. ૬૬૯

શરણું શૂરવીરનું ભલું, શરણાગતની ઢાલ;
શિર સાટે રક્ષણ કરે, ચળે ન શૂર કો કાળ. ૬૭૦

ધીર વીર કાયરતણી પ્રસંગ પડતાં વાર
થાય પરીક્ષા પાધરી, નહિ શંકા તલભાર. ૬૭૧

કરે નવીનતા ધીરવીર, રચે કામ અદ્‌ભુત;
કરે નામ પરિયાતણું કુળમાં જાત સપૂત. ૬૭૨

સુણી સિંધુડો શૂરને શૌર્ય ચઢે ભલી ભાત;
વાનો તો વરને ચઢે, બીજાની શી વાત? ૬૭૩

શૂરવીર થઈ શત્રુને જો શરણે તે જાય,
સિંહ પડ્યો પિંજર વિષે બકરી તુલ્ય મનાય. ૬૭૪

ધાર્યું પાર ઊતારશે શૂરવીર નર મતિમાન;
શૌર્ય હીન સૌ જનતણું વૃથા જાય અભિમાન. ૬૭૫

પરશુરામની ફરશિયે કર્યો ક્ષત્રી સંહાર;
રમણ ભ્રમણ પળ એકમાં કરે પ્રતાપ પ્રહાર. ૬૭૬

પ્રતાપી નરને છેડતાં હોય નેટ ઉત્પાત;
સૂતો સિંહ જગાડતાં ઘડશે તનની ઘાત. ૬૭૭

પુષ્પ વિનાની વાડી જયમ, નીર રહિત નવાણ;
શૌર્ય વિનાનો પુરુષ પણ નહિ શોભે નિર્માણ. ૬૭૮

ભાગ્ય.

જે છે જેના ભાગ્યનું, નિશ્ચે તેને જાય;
કણ કોઠારે જે ભર્યા, મુષક બેઠા ખાય. ૬૭૯

ખેડૂતો ખેતી કરે, તેમાં સૌનો ભાગ;
તીડ તથા પંખીતણો ફાવે લાગ અથાગ. ૬૮૦

ત્રિભુવન-પતિ શંકરતણા લલાટ મધ્ય નિવાસ;
તોપણ ક્ષીણતા શરીરની શશીને દ્વાદશ માસ. ૬૮૧

કૃપા નેટ નૃપતિતણી, હોય અધિક વિશ્વાસ;
નિર્ધનતા નવ છૂટશે, જો નહિ ભાગ્યપ્રકાશ. ૬૮૨

યત્ન સાથ અદૃષ્ટનો સવળો જો સંયોગ,
યત્ન સફળ સ્હેજે થતાં કહે કૃષ્ણ ઉદ્યોગ. ૬૮૩

વેઠી કષ્ટ વિદેશનું રળી લાવે ધન માલ;
જો નહિ એના ભાગ્યનું, વણસે તે તત્કાળ. ૬૮૪

રાત્ય દિવસ રખડી મરે, પેટ ભરે કરી વેઠ;
રતિતણી રેખા વિના થાય કેટલા શેઠ? ૬૮૫

ભાગ્ય વિના ભટકી મરે, અર્થ સરે નહિ એક;
ઘરમાં બેઠા પણ સરે એક ન અર્થ અનેક. ૬૮૬

સાગરથી ઊપજ્યો, જુવો, શરીર વર્ણ શુભ શ્વેત,
વિષ્ણુ હસ્તમાં વાસ પણ હૃદય વક્રતા વેધ. ૬૮૭

કુળ આકૃતિ શીળ નવ ફળે, વિદ્યા આદિ પ્રયાસ;
સમય પામી સંચિત ફળે વણચિંતની આયાસ. ૬૮૮

સમય.

સમય ઉપર સૌ કામનું, સમય વીત્યે નિર્માલ્ય;
અંકુર કુમળાયા પછી જળ સીંચ્યે નહિ ફાલ. ૬૮૯

આજ ગઈ નહિ આવશે કરતાં કોટિ ઉપાય;
સમય સમું નથી ધન બીજું, એ મત સત્ય મનાય. ૬૯૦

સમય ઉપર સૌ શોભિતું, ટાણા વિણ નહિ તેમ;
મંગળ મંગળ સમયનાં ગીત ગવાશે જેમ. ૬૯૧

માયા.

માયા કાજે માનવી હણે કંઇકના પ્રાણ;
કસ્તૂરી કાજે જુવો થાતી મૃગની હાણ. ૬૯૨

માયાથી વશ થાય છે જુવો સકળ સંસાર;
સિંહ સરીખા પ્રાણી પણ માયા વશ પડનાર. ૬૯૪

માયા મોહની રૂપ છે, ચળે મુનિવર ચિત્ત;
બ્રહ્મા ભોળાનાથ પણ ભૂલ્યા થઈ ભ્રમિત. ૬૯૫

આતિથ્ય.

અતિથિ આવ્યો આંગણે, કરો રૂડો સત્કાર;
હેમ દાન ગજ દાનથી આદર વધે અપાર. ૬૯૬

અતિથિ આવ્યો આંગણે નવ પામે સન્માન,
એ ઘર તો નહિ ગૃહસ્થનું, તોલ કરે મતિમાન. ૬૯૭

સ્વાર્થ.

કથા શ્રવણ પ્રતિદિન કરે, પાળે નિયમ વિશેષ;
સ્વારથ આગળ સામટો ભૂલે સકળ ઉપદેશ. ૬૯૮

સ્વારથનાં છે સૌ સગાં, માત તાત પરિવાર;
વ્હાલ કરે સુત એક શું, કરે અવર ઘર બ્હાર. ૬૯૯

સઠ.

જેની જેવી મતિ ગતિ તેવી રુચે વાત;
ગમે ન ગોષ્ઠી જ્ઞાનની શઠ જનને સાક્ષાત. ૭૦૦

પાજીથી પાનું પડ્યું, રાજી ક્યમ રહેવાય ?
હાજી કરી ઝખ મારિયે, પાજી રાજી ન થાય. ૭૦૧

ધૂર્ત કરે સાધુ સમો પર ઉપદેશે વેષ;
સ્વારથ સારુ સેંકડો કરે કુકર્મ વિશેષ. ૭૦૨

કાળ.

મૃત્યુ જન્મ્યું જન્મથી, રહે ન જીવથી દૂર;
લાગ ફાવતાં લઈ જશે જીવને હરિ હજૂર. ૭૦૩

ભૂખ્યાને ભોજન મળે, ત્વરિત તૃપ્ત તે થાય;
ભૂખ્યો કાળ સદાવડો, ધૂર્ત ન કદી ધરાય. ૭૦૪

શોધ્યો મળે ન ક્રૂર પણ કાળ સમો કો ક્રૂર;
પ્રલય કરે પળ પળ વિષે, દયાઅંશ નહિ ઉર. ૭૦૫

જન જન્મે જે વારથી, જન્મ કાળનો હોય;
પૂંઠે પડ્યો એ પારધી, પાછો ફરે ન સોય. ૭૦૬

માણે સુખ વિલાસ કાં ? દુખ દારુણ દેખાય;
માનવી ને મૃત લોકમાં મૃત્યુ સામું થાય. ૭૦૭

આયુષ્ય અરધું જાય છે નિદ્રા માંહિ નિદાન;
કાંઇક વ્યાધિ ઉપાધિમાં, અલ્પ શેષ રહ્યું આન. ૭૦૮

આ સંસાર અરણ્યમાં ત્રિવિધ તાપનો ત્રાસ;
વિરામનો વારો નહિ; કાળતણો શિર વાસ. ૭૦૯

ભલે જીવે સો વર્ષ પણ સ્થિર નિવાસ નહિ સત્ય;
તરી તરીને પણ બૂડવું, સત્ય ન થાય અસત્ય. ૭૧૦

કાળતણો કો કાળ તેં સ્રજ્યો ન સરજનહાર!
આશ ધરત કો કાળ પણ, થશે કાળ સંહાર. ૭૧૧

મોહ.

મધમાખી પુડો રચી ભરે મધુ તે માંહ્ય;
ઘર માંડી નર નાર ત્યમ ભરે મોહ મધુ ત્યાંય. ૭૧૨

મોહ વમળ આ ભવ વિષે બોળે નાવ અપાર;
ધર્મ નાવમાં બેસશો, તરી ઊતરશો પાર. ૭૧૩

પોપટ! પિંજરમાં પડી અકળાયે શું થાય?
પડ્યો મોહમાં પ્રાણિયો, પ્રભુ છોડ્યે છોડાય. ૭૧૪

નીતિ, ધર્મ, હરિચરણમાં અધિક મોહ અનુરાગ;
એજ મોહ સુખભરણ છે, એજ મોહ વીતરાગ. ૭૧૫

વચન.

સાટમારથી છે વિષમ વચન પ્રહાર વિશેષ;
ઘા રૂઝાશે મારનો, વાણીનો નહિ લેશ. ૭૧૬

વચન વિચારી બોલજો, અમ્રત વિષ તે માંહ્ય;
વાસ ઉભયનો એકઠો, વ્હાલ વૈરનો ત્યાંય. ૭૧૭

રાજ્ય અપાવે વચન પણ, રાજ્ય તજાવે તેહ;
સમર્થ એવી વાણી છે, દીધી પ્રભુએ જેહ. ૭૧૮

વાણીનો મહિમા વડો, કવિ શું કરે વખાણ?
વાણીતણા પ્રતાપથી રીઝે રઘુકુળ ભાણ. ૭૧૯

*વાણીથી આ વિશ્વમાં રમણ ભ્રમણ જે થાય,
સુખ દુખ સાગર ઊભરે, વાણી જેમ વદાય. ૭૨૦

લથડે કો કદી પગથકી, હસ્ત પાય મરડાય;
જે જન લથડે જીભથી, પરિપૂરણ પછડાય. ૭૨૧

વીસરે છે નિજ વચનને મહાજનો કો વાર;
પણ સાંભરી તે આવતાં પાળે પણ નિર્ધાર. ૭૨૨

વિવેકની વાણી ભલી વદે, વડા જન જેહ;
ટેવ તોછડી વાણીની, પાજી પામર તેહ. ૭૨૩

કનિષ્ઠ મુખ અંધો કહે, મધ્યમ મુખ સુરદાસ,
ઊંચ વદે સુરદાસજી; જો જો વાણી વિલાસ. ૭૨૪

સુધરો કે બગડો ભલે અનેક મોટાં કાજ,
પણ પણનું રક્ષણ કરો, જવા ન દેશો લાજ. ૭૨૫

વચન વચનમાં ફેર છે; રસિક મધુર એક હોય,
એક બાણ વૃષ્ટિ સમું પીડાકારી જોય. ૭૨૬

વાણી મધુરી નવ વદે જન મન રંજન જેહ,
મૌન ભલું એથી મોટું, દૂભે ન કોને તેહ. ૭૨૭

કાગ ઉલૂક રાસભતણી નિંદ્ય વાણી અતિ નેષ્ટ;
શુક સારિકા પિકતણી વાણી મધુરી શ્રેષ્ઠ. ૭૨૮

નદી ન શોભે નીર વિના, માનવી વણ મર્યાદ,
વિવેક હીન ન શોભશે વાણી પણ નિર્વાદ. ૭૨૯

સુધા ભલે શશીમાં ભરી, માનની મુખ મોઝાર;
સુધા સરસ વાણી વિષે, સજ્જનનો શણગાર. ૭૩૦

પરોપકાર.

ઝાડ જુવો જડ જાતિ પણ કરી જાણે ઉપકાર;
ફળ ફૂલ છાયા દે ભલી રીઝી મન મોઝાર. ૭૩૧

વારવાર વંદન કરૂં, ચંદન ચારુ વૃક્ષ!
પરોપકારે તુજ સમું દીઠું ન બીજું દક્ષ. ૭૩૨

જડ જાતિ જેવી જુઓ, સજે સકળ ઉપકાર;
વેઠી કંપ અજંપને તાપ ત્વરિત હરનાર. ૭૩૩

ઉદારતા.

આપ્યું તો તેનું ભલું, જેની મતિ ઉદાર;
જીવ ચોરીને આપવું, આપ્યું જેવું ઊધાર. ૭૩૪

દાતાની દમડી ભલી, નહિ કૃપણનો કોશ;
ભોજનમાં ભાજી ભલી, જો આદર સંતોષ. ૭૩૫

ચાતક માગે બિંદુ, પણ આપે મેઘ વિશેષ;
ઉદાર નરની રીતિ એ, નહિ સંશય લવલેશ, ૭૩૬

સત્ય.

સત્ય સમાને સુખ નથી, અસત્ય સમ નથી દુઃખ;
તદપિ ઝાઝા જગતમાં વર્તે સત્ય વિમુખ. ૭૩૭

ભલે છાપ સરકારની એકથી માંડી અનેક;
સાખ્ય શિરોમણિ સત્યની, ચઢે સર્વથી છેક. ૭૩૮

ભર્યું હળાહળ અંતરે, બોલે મીઠા બોલ;
સત્ય સર્વદા સત્ય છે, રહે ન ઢાંક્યું પોલ. ૭૩૯

અશ્વમેધના પુણ્યથી સત્ય વધે નિર્ધાર;
સત્ય સ્વરૂપ છે પ્રભુતણું, વેદ વદે ઉચ્ચાર. ૭૪૦

જેના અંતરમાં નથી સત્ય શીળ લવલેશ;
ભલે માનવી જાત, પણ, ઇતર પ્રાણીનો વેષ. ૭૪૧

પ્રતાપી.

પ્રતાપીની વાણી જુદી, રાંકડી રાંકની હોય;
થાય ગર્જના સિંહની, બકરી બેં બેં જોય. ૭૪૨

અસ્ત થાય છે સૂર્યનો, તોપણ તેજ સહિત;
થતાં પરાભવ સિંહનો થશે ન માન રહિત. ૭૪૩

સજ્જન મહાશય પુરુષની પાછળ કીર્તિ ધાય;
છાયા રૂપ સંગે ફરે, પતિવ્રતા પેખાય. ૭૪૪

ટેક.

માન નહિ, મનવાર નહિ, જ્યાં નહિ મીઠી દૃષ્ટ;
ટેક તજી ત્યાં નહિ જવું, ભલે પડે બહુ કષ્ટ. ૭૪૫

કાંચનની વૃષ્ટિ કદી ભલે થતી કો ઠામ;
ટેક એક જેને હૃદે, મૂકે ન મનની મામ. ૭૪૬

આશા તૃષ્ણા.

અવલંબન આશાતણું લઘુ મોટાને હોય;
તગડે તૃષ્ણા ટટ્ટુને યથાશક્તિ સૌ કોય. ૭૪૭

આશથકી અટકી રહે અલિ ગુલાબને મૂળ;
વસંત ફાલ્યે ફૂલશે ફરી આ ડાળે ફૂલ. ૭૪૮

આશ કરે શા કામની, ફળે ન જે તુજ આશ?
સ્વાતિ બિંદુ કયમ પડે વિના મેઘના માસ? ૭૪૯

આશ રૂપી આકાશનો અલખ અમિત વિસ્તાર;
દુઃખમાં દાટયો જે પડયો, ધરે આશ આધાર. ૭૫૦

આશ સમો નથી મિત્ર કો, શત્રુ આશ સમાન;
આશ ઉન્નતિ મૂળ છે, આશ નાશનું સ્થાન. ૭૫૧

ઇષ્ટ આશ અભિલાષનો અસ્ત અધિક દુખદાય;
હૃદયતણા રવિ અસ્તથી ઉલ્લાસ ઉપડી જાય. ૭૫૨

શૃંગાર.

ન્યાળી સલૂણી સ્વરૂપને, શશી ચમક્યો સાક્ષાત;
અન્ય પ્રગટિયો પૃથ્વીમાં, હશે થયો મુજ પાત. ૭૫૩

પછી વિચારમાં વિધુ પડયો, ચિતમાં ક્ષોભ પમાય;
લજવાઈને લાંછનથકી વાદળ વિષે છુપાય. ૭૫૪

જોઈ અધિકતા વર્ણની ચંદ્ર અધિક લજવાય;
ગૌર વર્ણ ગોરીતણો નહિ વરણ્યો તે જાય. ૭૫૫

કોમળતા કામિનીતણી જોઈ કમળ કુમળાય;
વાસ કર્યો વારિ વિષે જાણી લજ્જા જાય. ૭૫૬

કદળી સુવે ન સુખથકી, ઊભી રહે સદાય;
જોઈ મૃદુતા જુવતીની જંપ ન ધરે જરાય. ૭૫૭

ભ્રમર કમળની ભ્રાંતિથી મુખ ઉપર લોભાય;
કમળમુખી સખીને પૂછે, સખીથી ભેદ ભગાય. ૭૫૮

કવિવર ભૂલી ભાખતા, બાળા મારે બાણ;
બાણ નહિ એ ખાણ છે પ્રેમ સુધા પરમાણ. ૭૫૯

ગોરી કેરા ગાત્રનું આકર્ષણ અભિરામ;
જે જોઈ મોહિત થયા મુનિવર પણ નિષ્કામ. ૭૬૦

ગોરીની મૂર્તિ ઘડી વિધિને પડયો વિચાર;
સ્પર્ધાથી સોસઈ જશે, સ્વર્ગતણી સૌ નાર. ૭૬૧

વિધુવદની મૃગનયનીનાં લોચન તરલ લલિત;
મોહ મહોદધિ રૂપ જે હરે ચતુરનાં ચિત્ત. ૭૬૨

વદન કમળ પર એ જુવો, તિલ કહે સૌ કોય;
મુજ મનમાં શંકા નથી, ભ્રમર ભોગી એ હોય ૭૬૩

રૂપ નગર દૃગ જોગિયો, ફેરી ફરે સદાય;
આદર પામે જે સ્થળે, સંતોષી હરખાય. ૭૬૪

દૃગ સમાન આ જગ વિષે કહો અન્ય કો ચોર;
ચોર હરે છે વિત્તને, ચિત ધનનાં દૃગ ચોર. ૭૬૫

લોચન તૃપ્ત ન થાય છે પામી રસ રૂપ દાન;
તૃપ્ત થાય લોભી કદી, પ્રેમી ન તૃપ્ત નિદાન. ૭૬૬

સજ્જન સાચી વાત એ નિશ્ચય રહિત વિવાદ;
વણ રસના રૂપ રસતણો ચાખે ચક્ષુ સ્વાદ. ૭૬૭

અંજન તે અંજન નથી, સુંદર દૃગ શણગાર;
કામકંઠ શું શોભિતી શ્યામ સુરેખ શીકાર? ૭૬૮

વિરહિણી વિધુ પ્રત્યે વદે:—કર નહિ આજ ઉજાશ;
પામું પતિદર્શન, પછી કરજે લાખ પ્રકાશ. ૭૬૯

રવિ શીતળ શશીવત્ જુવો, સત્ય વાદ વદું આજ.
વિયોગી દંપતી જ્યાં મળે, ભલે તપે રવિરાજ. ૭૭૦

નિરખી લોચન માળીએ લતા સુઅંગી નામ;
લીધી ચૂંટી છબિ કળી, ધરી હૃદય રસ ઠામ. ૭૭૧

પગલાં ત્રણ જેનાં, જુઓ, ત્રિભુવનમાં ન સમાય,
ધન રાધા તે રાખતી અંતરમાંહ્ય સદાય. ૭૭૨

તૃષિત નયનની તૃપ્તિ જો ધ્યાન ધર્યાથી હોય,
તૃષા જાય ઝાકળ જળે, પિયે નીર પછી કોય? ૭૭૩

અંતર ઉપમા કળી, જુઓ, મૃગલોચનની જ્યાંય;
સિંહ સરીખું બળ વસે, મૃગલોચનની માંહ્ય. ૭૭૪

બરછી, ઢાલ, તરવાર પણ, કામ ન આવે એક;
માર પડે દૃગ બાણનો, પોત ગમાવે છેક; ૭૭૫

પાછી પાની નવ કરે રણ સંગ્રામે જેહ,
અબળાના માર્યા મરે; શું નથી વિસ્મય એહ? ૭૭૬

શસ્ત્રથકી જે નવ બીહે, રિપુ શું રાખે રંગ;
દૃગ સરોજ રૂપી શરથકી થરથર કંપે અંગ. ૭૭૭

પ્રયાણ કરતાં પ્રીતમને વદે વનિતા વાતઃ—
ચકોરરૂપ મુજનયનની ચંદ્ર! ઘડો માં ઘાત. ૭૭૮

કહો, જસોદા, વ્રજ વિષે કેમ નિભાવ થનાર?
દધિ ચોરી લઘુ વય વિષે ચિત ચોરે આ વાર. ૭૭૯

સંધ્યા.

સમીર મધુરનું સુખ મળે સંધ્યા સમય અનુપ;
વિશ્રાંતિ શાંતિ રુચે જતાં ઉપાધિ ધૂપ. ૭૮૦

પશુ પંખી સંધ્યા સમે આવે નિજ નિજ ઠામ;
થાક ઊતારે દિવસનો, મળે મધુર વિશ્રામ. ૭૮૧

સાંજ સમય છે સંધિનો, રાત દિવસ બે પાસ;
લડી મરતાં શું વારવા વચમાં કીધો વાસ? ૭૮૨

વિપત્તિ.

વિપત થતાં કો વારમાં ઊપજે અધિકો બોધ;
કોણ પોતીકાં પારકાં, રહેજે થાશે શોધ. ૭૮૩

સુખ મિથ્યા સંસારનાં વિપત વિષે વરતાય;
અવલંબન ખરું હરિતણું પ્રીતે પછી પરખાય. ૭૮૪

વાસ થશે વનમાં કદી, વિપત પડે જે વાર;
જંગલમાં મંગળતણા ઠામ ઠામ ઉપચાર. ૭૮૫

બોધ ગૂઢ બહુ આપશે વક્તા રૂપે વૃક્ષ;
નદી, નાળાં, પાષાણ પણ પુસ્તક રૂપ પ્રત્યક્ષ. ૭૮૬

મૂકે ન કોને વિપતડી, વિશ્વ વૈરિણી જેહ;
રામ, કૃષ્ણુ, હરિશ્ચંદ્રને નડી નેટ છે તેહ. ૭૮૭

સમય વિચારી વિપતનો નિવારી નાંખો તેહ;
વન વિચર્યા પાંડવ, જુઓ, કષ્ટ સહી અતિ દેહ. ૭૮૮

જીવાત્મા.

ગંગાજળ ગાગર વિષે ગંગા નવ લેખાય;
અંતર્યામી આતમા પ્રભુ પોતે ન મનાય. ૭૮૯

આત્માને પરમાતમા એકજ, ભિન્ન સ્વરૂપ;
તરંગ સાગર એક, પણ જોતાં ઉભય સ્વરૂપ. ૭૯૦

દેહ તથા તુજ આતમા ગુણસ્વરૂપમાં ભિન્ન;
વિણુ વિવેક અજ્ઞાની મૂઢ થાય ગર્વથી ખિન્ન. ૭૯૧

ધૈર્ય.

ધીરજ રૂપી ધનતણી બલીહારી બહુ મૂલ્ય;
પ્રસાદી પ્રભુની એ પૂરી, સાચા સુખનું મૂળ. ૭૯૨

ભલે પડે સંકટતણા શિરપર મોટા ધોધ;
હડે ન ધીરવીર અંગથી, કરે ન ઠાલો ક્રોધ. ૭૯૩

ચિંતા.

ચિંતા કંટક રૂપ છે, ખટકે પારાવાર;
મોટા ને નાના બધા વેઠે ચિંતા ભાર. ૭૯૪

રવિ તાપથી તપ્ત જન પામે છાંય વિરામ;
ચિંતા રૂપી તાપથી, કહો, કહિં વિશ્રામ ! ૭૯૫

કટાક્ષ કથન.

રાંક ભલી ભારત ભૂમિ, વિદિત સર્વ સરકાર;
ધોળે દહાડે ધાડનો લંડન પુરી પ્રસાર. ૭૯૬

બીજી કરતાં બાધ નહિ, પુરુષને કો વાર;
વરાય નહિ વિધવા થકી; જોજો ન્યાય વિચાર. ૭૯૭

હુતો ને હુતીતણું, આજ થયું છે રાજ;
રમ્યાં જમ્યાં જ્યાં દંપતી, બીજાની શી દાઝ? ૭૯૮

જગલાને ભગલો કહેઃ—આપણથી સૌ હેઠ;
ભૂત સરીખા ભાગશે, પાકી આપણી પેઠ. ૭૯૯

સત્તાથી સૌ કો કહે, કંપે સુણીને નામ;
સાહેબ પોલીસના થકી, કહે, ન પડશો કામ. ૮૦૦

જડસાને જડસો કહેઃ—આપણ સુખી સદાય;
ધરી ન કોઈ જન તણી ચિંતા ચિત્ત કદાય. ૮૦૧

માયાનો મહિમા વડો વિશ્વ વિષે વિખ્યાત;
સાહેબલોકો શ્વાનનાં કરે જતન ભલી ભાત. ૮૦૨

પત્થર કો કાળે ગળે, નિર્દય ગળે ન નેટ;
મોટપ માને મનથકી પાકું મારી પેટ. ૮૦૩

પાળી પોષી પુત્રને પરણાવે શુભ પેર;
વધૂને વશ વર્તી કરે માત તાત શું વેર. ૮૦૪

નામ વડું બહુ વકીલનું, રચ્યાં રુચિર બહુ ધામ;
ભાવ ન પૂછે કો પછી, જો નવ ગાંઠે દામ. ૮૦૫

વિષધર વીંટાઈ રહે સદૈવ ચંદન સંગ;
ત્યાગ કરે ક્યમ વિષને? વ્યાપ્યું અંગો અંગ. ૮૦૬

જે ચૈતન સંયોગથી શરીર કરે સંચાર,
હરિ તે ચૈતન ક્યમ હરે વપુનો કરી વિકાર? ૮૦૭

કારણ ક્લેશ વિશેષનું મૃત્યુ જગ મોઝાર;
નાશ ન તેનો ક્યમ કરે અરે તું વિશ્વાધાર? ૮૦૮

કામ કરે દૂષણ ભર્યું વડા પુરુષ કો વાર;
ભૂષણ રૂપ ભાસે ભલું, જગત વદે જયકાર. ૮૦૯

શંકર સેવે ભાંગને, વિષ ધર્યું વળી કંઠ;
બીજો કરવા જાય, તો પડે પલકમાં પંડ. ૮૧૦

પર પીડા પર્વત સમી કરી કાઢે ઉપહાસ;
લેશ લેશ પણ વાગતાં પીડા કરે પ્રકાશ. ૮૧૧

દેખાતી ભૂલ દૈવની કોણ લાવશે લક્ષ?
કંટક ડાળ ગુલાબની, ચંદ્ર કળા ક્ષીણ પક્ષ. ૮૧૨

ચોર કરે ચોરી જરા, શિક્ષા પાત્ર સદાય;
મધુપ ચોર ફૂલમધુતણો, જુવો, ન જરી દંડાય. ૮૧૩

સરજનહાર! સ્રજ્યા તમે અનેક કોટિ જીવ;
રક્ષક થઈ જગના તમે સંહારો ક્યમ શિવ? ૮૧૪

ત્યાગી કો કરતાં નથી નિજ શિશુને માબાપ;
બ્રહ્મચારી કરી બાળને ધરમાં ઘાલે આપ. ૮૧૫

મૂડી સોંપી મુનીમને લાખ ટકાની નોટ;
લેખું લેશે ક્યાંથકી અધિકું એનું શેઠ; ૮૧૬

અહંબ્રહ્મ અભિમાનમાં રખે ભૂલતો ભ્રાત;
ક્યાં કણ એકજ તેજનો, ક્યાં સવિતા સાક્ષાત? ૮૧૭

અરે જીવ! શું સત્ય છે તુજ અંતર તલભાર?
સત્ય હોય, તો દેહને દૂભે ક્યમ પળવાર. ૮૧૮

જેના રૂડા પ્રતાપથી માણી મોજ અનેક;
ત્યાગ કરે એ તનતણો, જીવનો જુવો વિવેક! ૮૧૯

ગાંડી કહી ગુજરાતને નિંદે વિના વિચાર;
ધર્મ પુણ્યની ભૂમિનો ફૂટ જેને ફિટકાર. ૮૨૦

ઇચ્છે પણ શું કરી શકે, જો ન રૂઢિ વ્યવહાર?
ભાલ ન ચોઢે ચાંદલો બાપડી વિધવા નાર. ૮૨૧

કેવી વાત વિચિત્ર છે? કોય ન કહે અસાર;
સ્પર્શ દોષ ભોજન સમે, નહિ પછીથી પળ વાર! ૮૨૨

વર્ણાશ્રમના ધર્મનો બોધ કરે આ વાર;
ચાર વર્ણની ચારસો; કિયો શાસ્ત્ર આધાર? ૮૨૩

તનમન વારે તુજ ઉપર પતંગ તેનું નામ;
તેને બાળી મારવો, દીપક તારું કામ! ૮૨૪

હે શશી! ચકોર પીડની નથી ધરતો તું દાઝ;
એ પાપે તુજ જાય છે અમાંસને દિન લાજ. ૮૨૫

જેના બળ પર ઝૂઝીને ભક્ષ કરે અંગાર;
બાળે ચંદ્ર ચકોરને, પછી કોનો આધાર? ૮૨૬

સુંદર બોધક કાવ્યમાં દુર્જન શોધે દોષ;
સુવર્ણને પીતળ કહે દ્વેષી રાખી રોષ. ૮૨૭

બેડી ઘાતકી રાજની તૂટે કદી કો વાર;
બેડી રૂઢિ રાજની તોડી નહિ તૂટનાર. ૮૨૮

નિંદા.

મોટા થઈ નિંદાતણા જો રસિયા તે હોય,
પિશુનતણા પોષક ખરા, ફેર ન એમાં કોય. ૮૨૯

નિંદા ખૂણે પેશીને છાની છપની થાય;
છે હડકાઈ પાપણી, પડદામાં પકડાય. ૮૩૦

ચોરીનો કરનાર ને માલ હાથ ધરનાર;
તેવો નિંદાખોર ને નિંદાનો સુણનાર. ૮૩૧

પ્રમાણિકપણું.

મોટી પદવી માનમાં નહીં રાજ દરબાર,
નથી રહ્યું પંડિત વિષે, પરમાણિકપણું સાર. ૮૩૨

ભલે પ્રૌઢ પદવી મળી, સંપત સર્વ પ્રકાર;
પરમાણિકની પેંઠ નહિ, તે જનને ફિટકાર. ૮૩૩

પરમાણિકપણું પુરુષમાં સત્ય અનુપ શૃંગાર?
પરમાણિક જનનો પ્રીછો પરમ પુનિત અવતાર. ૮૩૪

શોક.

શોકતણો અર્ણવ ભૂંડો, તર્યો ન કો તરનાર;
નૌકા નિર્બળ થઈ જતાં કયમ કરી ઊતરે પાર? ૮૩૫

ગયું ન આવે માનવી કરતાં શોક અપાર;
ઉર વેધક ભેદક અરે, વિષમ એજ વિચાર. ૮૩૬

વજ્જર પત્થર જેવી પણ હોય છાતી ઘડી વાર;
સજળ થાય તે શોકથી, સુણી શોક ઉદ્ગાર. ૮૩૭

શોકતણું બળ વર્ણવા કોણ શક્તિ ધરનાર ?
સ્થાવર જંગમ રડી પડે જોતાં જોતાં વાર. ૮૩૮

શોક ભરેલી છબિતણો જોતાં કરુણ ચિતાર
શોક છવાયે હૃદયમાં વ્યાપી શોક વિચાર. ૮૩૯

દિનકર પણ દુખમય દીસે, દીસે નિશા ભયકાર,
જગત ડૂબ્યું દુખમાં દીસે, થાતાં શોક અપાર. ૮૪૦

અન્યોક્તિ.

અરે વૃક્ષ ! તું શિદ ધરે સંપતતણું અભિમાન ?
વસંત જાતાં વહી જશે સંપત સાથે માન. ૮૪૧

મોટો માને મનથકી સાગર ! ભલે તું આપ;
તૃષા ન છીપે તુજથકી, ક્ષાર ભર્યું તુજ આપ. ૮૪૨

નથી વર્ષા ઋતુરાજ આ, તરુવર ! ધાર વિચાર;
અનુકૂળ ઋતુ વળી આવતાં થાશે કષ્ટ નિવાર. ૮૪૩

અરે સુમન ! તું શું ધરે રૂપ સૌરભ અભિમાન ?
ચાર ઘડીની ચાંદની, તેવો ઠાઠ નિદાન. ૮૪૪

નથી ટકવાનો રંગ આ ગુલાબનો ચિરકાળ;
મધુકર ! તું મધુલાળમાં લપટાતાં સંભાળ. ૮૪૫

હે સાગર ! તુજમાં ભર્યું અથાગ જળ અભિરામ;
તૃષા સમે નહિ કામનો; શું પછી તારું કામ? ૮૪૬

પાદપૂર્તિ.

મૃગથી ભાગે મૃગપતિ, વાત વિચારી એહ;
નિર્બળને હણુવાથકી નવ શોભે મુજ દેહ. ૮૪૭

કવિ ઉક્તિ રાજન પ્રતિ;-તુજ યશ કમળ વિશાળ;
નભ પણ તેમાં ભ્રમર રૂપ છાયું દીસે રસાળ. ૮૪૮

પ્રપંચ.

ગહન પ્રપંચી મનતણો પાર ન સઘ પમાય;
ખાડ ખરાબો જળ તળે ક્યાંથી સ્હેજ કળાય? ૮૪૯

પ્રપંચમાં જે પચી રહ્યો, ગણે ન ગુણ ઉપકાર;
ભલા ભલા ઉપકારીનો કરે અબુધ અપકાર. ૮૫૦

સ્વદેશ મમતા.

સ્વદેશ સેવા નવ સજી, કર્યું ન કિંચિત હિત;
કોણ પછી સંભારશે સ્વદેશમાં ભલી રીત? ૮૫૧

સાખ સ્વદેશ હિતેચ્છુની, સત્ય શિરોમણિ સાખ;
સ્વદેશ હિત વૃદ્ધિતણો અભિલાષ ઉર રાખ. ૮૫૨

માન ભલે સરકારનું, ભલે પદવી શૃંગાર;
શોભે નહિ એ સર્વથા, જો નહિ દેશ સ્વીકાર. ૮૫૩

પરચૂરણ.

રાજા જે કંઈ કરી શકે, બીજો શું કરનાર?
શાળા કરી અંત્યજતણી વટપુર શ્રી સરકાર. ૮૫૪

પાપ પ્રગટ છાનાં વળી, તેવાં પાપ અમાપ;
હૃદયભંગનું જાણજો સર્વ પાપનો બાપ. ૮૫૫

કાળ પડ્યો કેડે તને, છોડે નહિ કો પેર;
તોપણ તું નથી ચેતતો, તુજ મતિ નથી તુજ ઘેર. ૮૫૬

પાપી મતિ જેની પૂરી, ધરે ન કિંચિત ધર્મ;
શિષ્ય ભાગ્યહીન હોય જે, લહે ન સદ્ગુરુ મર્મ. ૮૫૭

ભભૂત ધરી છે ભાલમાં, આડંબર અદ્ભુત;
એક વસો નહિ સત્યનો, જોશો તૂતે તૂત. ૮૫૮

માન વિનાનું દાન પણ ફળે નહિ ભલી ભાત;
કાણા વાસણમાં ભર્યું વહે નીર સાક્ષાત. ૮૫૯

સુખદુખના ભોક્તા થશો કરણી મતિ અનુસાર;
જેવું વાવો ભૂમિમાં, લણશો તેજ પ્રકાર. ૮૬૦

ભાગ્ય સર્વનું ન્યારું છે, નહિ સરખું નિર્ધાર;
ઈર્ષ્યા કરવાથી તને શું જડશે કંઇ સાર? ૮૬૧

પ્રીત કરી પાળી નહિ, પાળ્યો નહિ નિજ બોલ;
હૃદય ન નિર્મળ તેતણું; કહું કશીને તોલ. ૮૬૨

કુશળ પર ઉપદેશમાં, નિજ અવળી કૃતિ નેટ;
જાણ્યું પણ પાળ્યું નહિ, જ્ઞાન નહિ એ વેઠ. ૮૬૩

લાલચમાં લપટઈ જતાં મચ્છ પડયો જ્યમ જાળ;
લાલચ મૂકી જાય નહિ, ઝડપે કાળ કરાળ. ૮૬૪

હાસ્ય કરો નહિ મર્મનું, નીપજે નેટ વિનાશ;
હાંસી કરતાં શિવતણી થયો દક્ષનો નાશ. ૮૬૫

મુનિ ઋષિના પણ મત નથી મળતાં આઠે અંગ;
અજ્ઞાનીનો ક્યાં થકી અનુમતિતણો પ્રસંગ? ૮૬૬

વધે વિનય અંતર વિષે, વિવેકનો વિસ્તાર;
મહિમા એવો જ્ઞાનનો, મનનો મદ હરનાર. ૮૬૭

ઉત્તમ કુળમાં અવતરી વરતે ભ્રષ્ટાચાર;
કુળ મહિમા ક્યાં પછી રહ્યો? કરો વિશેષ વિચાર. ૮૬૮

કપટ ભર્યું જે હૃદયમાં, જુએ જગત તે રૂપ;
જેની જેવી ભાવના, સુખ દુખ તે તદ્રૂપ. ૮૬૯

જન્મભૂમિ જનની રૂપે, બાળ ધરે નહિ વ્હાલ;
પુત્ર-ભક્તિ-હીનતાતણું એ જનને શિર આળ. ૮૭૦

મળે કૃપણને ધન કદા, ભોગવશે નહિ ભોગ;
દ્રાક્ષ પાકના સમયમાં રહે કાગ મુખ રોગ. ૮૭૧

સંપી જો વસશો સદા, સુખનું ઉઘડે દ્વાર;
ભેગી ભારી ભાગતાં લાગે ઝાઝી વાર. ૮૭૨

મદન ગમન તન મન થતાં ભૂલે તન મન ભાન;
પરવશ જીવને કયમ રહે પુણ્ય પાપનું જ્ઞાન? ૮૭૩

સ્વર મધુર વશીકરણના, કવિ શું વદે વખાણ?
મોહનની મુરલીથકી વશ ગોપી નિર્વાણ. ૮૭૪

પોતાનાં તે પારકાં, સગાં પિયરનાં જેહ;
હોય પરાયાં સાસરે, વ્હાલાં કરવાં તેહ. ૮૭૫

જેહ પરાયા ઘરતણી આવે પરણી ઘેર;
ઘરની ધણિયાણી થઈ, પૂછવો પછી શી પેર, ૮૭૬

નવ કીધું કદી પુણ્ય, પણ કર્યું ન કંઇપણ પાપ;
નહિ લાભ વેપારમાં, નહિ ખોટ પરિતાપ. ૮૭૭

માન્યું લઢવું મન થકી, મિપ મળે તે વાર;
આંગળી ઘોચે આંખમાં, જો ઇચ્છે લઢનાર. ૮૭૮

જજો ખોટ પૈસાતણી, થજો અવર ઉત્પાત;
ખોટ ન માણસની થજો, રડે હૃદય દિનરાત. ૮૭૯

સ્વારથી આ સંસારમાં જોશો ઝાઝે ભાગ;
જ્ઞાની જન વિરલા જડે, મૂરખ વૃંદ અથાગ. ૮૮૦

જુદ્ધ જીભનું જો જુઓ, જાજો નગર બજાર;
યુદ્ધ ખરા યોદ્ધાતણું રણભૂમિને ઠાર. ૮૮૧

ઘર બાંધે જે માનવી, ટકે પેઢી બે ચાર;
થાય હતો ન્હોતો, જુવો, ઘડીમાં ઘર રચનાર. ૮૮૨

માનવીકેરા કામનો ભલે થાય કદી નાશ;
પણ પ્રભુકૃત જે માનવી, તેનો કેમ વિનાશ? ૮૮૩

નવે ખંડ ધરતી ફરે સાગર ઊતરી પાર;
ધરતીની સીમા ખરે સાંભરશે ઘરબાર. ૮૮૪

થતાં મરણુ સ્નેહી સગાં, કરે અતિ કલ્પાંત;
દયા નહિ કંઇ દૈવને; સ્થાપિત એ સિદ્ધાંત. ૮૮૫

દૂધ હોય દશમણુ કદી, લવણુ હોય પાશેર;
મિશ્ર થતાં ધૂળ સૌ મળે, કહો જમે શી પેર? ૮૮૬

જેવી જુગતી હોય જ્યાં, ઉપમા તે દેવાય;
ગળપણુમાં સાકર તણી, કડુમાં નિંબ ભણાય. ૮૮૭

બાઇ બાપુ છે લાડનાં વિનય યુક્ત જયમ વેણુ;
ખીજતણાં જુદાં, જુવો, કટુ ક્રોધનાં કહેણુ. ૮૮૮

તન મનમાં દુખ વ્યાધિ ને આધિ ઉપાધિ નામ;
સેળભેળ છે સર્વ તે, ભિન્ન ભિન્ન કો ઠામ. ૮૮૯

કોઇ આર્પીને રીઝતું, કોઇ પાર્મીને દાન;
જેની જેવી મતિ ગતિ, તેવું પ્હોચે ધ્યાન. ૮૯૦

કમળ ચઢે કૌસ્તુભથકી, તેનો કહું વિચાર;
મણિ વિષ્ણુ વક્ષસ્થળે, પંકજ શિર શણુગાર. ૮૯૧

જંગલમાં સુખ જે જડે, નહિ મ્હેલમાં તેહ;
નવરા ને નિશ્ચિંત થઈ અનુભવ કરજો એહ. ૮૯૨

વૃંદ વૃક્ષનાં પેખવાં, સુંદર જળ ફળ તેમ;
વિનોદ પક્ષી વર્ગનો, એ વનનું સુખ ક્ષેમ. ૮૯૩

બાળ વયે જ્યાં ઊછર્યા, ખાધું પીધું સાથ,
રમ્યા રમત, તે સમયની ગમતી સરવે ગાથ. ૮૯૪

દરિદ્રતાના દુ:ખનો કથ્યો ન જાયે ક્લેશ;
જળ માપ્યું જ્યમ જાય નહિ સાગરનું લવ લેશ. ૮૯૫

જાય તળે, ઉપર ચઢે, ફરે ઘાણી જ્યમ ગોળ;
જગનો જોશો ખેલ જો, જેવો છે ચગડોળ. ૮૯૬

જેની જેવી મતિ ગતિ, તે ધોરણ અનુસાર
તોલ કરે સૌ જગતનો, અવરન એક વિચાર. ૮૯૭

મનના રંગ વિચિત્ર છે, ગણ્યે ન આવે પાર;
વહુ વ્હાલી પરણાવતાં, પછીથી ભિન્ન વિચાર. ૮૯૮

ગુણ પણ અવગુણમાં ખપે, જો મર્યાદ રહિત;
કીર્તિનો ખપ જો કરો, વર્તો વિનય સહિત. ૮૯૯

વિવેક હીન જે માનવી, હલકો હોય અમાપ;
ખિન્ન કરે તે અવરને પામી આપ પરિતાપ. ૯૦૦

સમય પ્રમાણે સાધના કરે સર્વેકો લોક;
સાવધાન નહિ સમય પર, વાવ્યું જાશે ફોક. ૯૦૧

તુજ રચના પ્રભુ ! રસભરી, જડે ન જોડી આન;
દૃગ મધુપ સાધુતણાં કરે સુધારસ પાન. ૯૦૨

મદથી મતઆલો થયો, મદથી પામે નાશ;
મધુથી મદનું વિષ વડું, તેવો વડો વિનાશ. ૯૦૩

કર સાહસ ઉત્સાહથી, પણ નહિ વિના વિચાર;
સાહસ કરતાં શેઠનાં મરત પુત્ર ને નાર. ૯૦૪

અર્થ સરે છોટાથકી, મોટાથી નહિ જેહ;
ટળે તૃષા કૂપ જળ વડે, નહિ સાગરથી તેહ. ૯૦૫

પદ્મ પોયણીનો જુઓ રવિ શશી સાથે સ્નેહ;
જેમાં જેનું મન વસે, હસે હર્ષથી તેહ. ૯૦૬

પાતકી પાપી કર્મથી પોખે છે નિજ પેટ;
કરોળિયો કૂડકપટથી મારે જંતુ નેટ. ૯૦૭

સારું પણ રહેતું ભલું, સીમામાં સૌ સાર;
અકરાંતે જમવા જતાં ભોજન કરે વિકાર. ૯૦૮

સુખ દુખનું મૂળ શોધતાં જડે એટલો સાર;
કર્મબીજ જેવાં હશે, ફળ તે તે અનુસાર. ૯૦૯

વણુ સ્વારથ માયાતણી જુઓ વિલક્ષણ જાળ,
પક્ષી પશુ પણ પ્રેમથી સંભાળે નિજ બાળ. ૫૧૦

ઐતિહાસિક દૃષ્ટાંત.

પ્રતિકૂળ પેખી સમયને સમર્થ પાંડવ ભ્રાત
બાર વર્ષ વનમાં રહ્યા, ધરો ધ્યાન એ વાત. ૫૧૧

જન જડ મતિનો હોય જે, તેને શો ઉપદેશ?
કુબેર શીખ દેવા જતાં રાવણ ક્રોધાવેશ. ૫૧૨

દેખી અન્યનું દુખ તમે ધરો હૃદયમાં દાઝ;
કૃષ્ણઉરે કરુણા વશી લહી ખિન્ન કુરૂરાજ. ૫૧૩

સંકટ કોટિક શિર પડે, તોય ન તજવો ટેક;
પરજાળ્યો, પણ મારુતિ અરે ન ઉચર્યો એક. ૫૧૪

મોટા નિજ પણ પાળવા પડે ન પાછા ભ્રાત!
પરશુરામે જો કર્યો ક્ષત્રી સર્વનો ઘાત. ૫૧૫

હોય પરીક્ષા મિત્રની પડતાં આપત કાળ;
વિપ્ર સુદામાને થયા સાનુકૂળ ગોપાળ ૫૧૬

કરે કોપ મોટા કદી, શાંત વિનયથી હોય;
થયા શાંત બળદેવજી કુરુવિનયથી સોય. ૫૧૭

---

૫૧૨ રાવણ ત્રણે લોકને સંતાપતો હતો. તેને કુબેર શીખામણ દેવા ગયો, ત્યારે રાવણે તેને ઊલટો બાંધી કેદ કર્યો હતો. ૫૧૩ કુરુરાજ—ધૃતરાષ્ટ્ર; કૌરવો મહાભારતના યુદ્ધમાં પડ્યા, ત્યારે ધૃતરાષ્ટ્રે બહુ કલ્પાંત કર્યું હતું, જે વખતે કૃષ્ણે તેમના દુઃખમાં ભાગ લીધો હતો. ૫૧૪ મારુતિ—હનૂમાન ૫૧૬ મૂઠી તાંદુળ લેઇ શ્રીકૃષ્ણે સુદામાને અખૂટ વૈભવ આપ્યો હતો. ૫૧૭ બળદેવજી ક્રોધના આવેશમાં હસ્તિનાપુરને ખેંચી યમુનામાં નાંખતા હતા, તે વખતે કૌરવોએ વિનયનાં વાક્યો વડે તેમને શાંત પાડયા હતા.

મોટા વૈર ન ધારતા થાતાં હાનિ અપાર;
વૈર ન વાળ્યું વિધિસુતે કૈશિકનું નિર્ધાર. ૯૧૮

નહુષતણો અતિ ગર્વથી થયો સ્વર્ગથી પાત;
તો માનવી અભિમાનથી પાત થશે સાક્ષાત. ૯૧૯

ક્રૂર મૂઢમતિ પુરુષથી લઢ્યે ન આવે પાર;
શાંત કર્યો જ્યમ કંસને દેવકી હણતાં વાર. ૯૨૦

ચડચો ગર્વના તોરમાં, લહે ન બોધ લગાર;
બાંધવ શું રાવણ રૂઠ્યો, લીધો ન સાર વિચાર. ૯૨૧

બળિયાને બળિયો મળે, તોજ જાય ઉન્માદ;
વઢતાં સહસ્ત્રબાહુ શું ઊતર્યો રાવણ નાદ. ૯૨૨

હામ ન હારે ધીરવીર વઢતાં વેરી સંગ;
અંજની સુત જઈ લંકમાં રાખ્યો સ્વામી રંગ. ૯૨૩

દ્યૂતથકી દુખિયા થશે ભલા ભલા ભડવીર;
ઓઠાં પાંડવ નળતણાં ધરજો ધ્યાને ધીર. ૯૨૪

મહા પુરુષની માગણી સ્વીકારજો નિર્ધાર;
દીધા માગ્યા દશરથે કૈશિક સાથ કુમાર. ૯૨૫

---

૯૧૮ વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્ર મારી નાંખ્યા છતાં વસિષ્ઠ તેનું વૈર ન વાળતાં શમ ગુણ ધરી રહ્યા હતા. વિધિસુત=બ્રહ્માના પુત્ર વસિષ્ઠ. ૯૧૯ સ્વર્ગનું રાજ્ય મળવાથી નહુષને ગર્વ થયો ને તેણે વૃદ્ધ ઋષિયો પાસે પોતાની પાલખી ઊપડાવી, તેથી તેનો પાત થયો હતો. ૯૨૦ દેવકીને સાસરે વળાવતાં ‘ આનો પુત્ર તને મારશે ’ એવી આકાશવાણી થતાં કંસ દેવકીને મારવા તત્પર થયો હતો. વસુદેવે પુત્ર જનમતાં વાંતજ તેને આપી દેવાની કબૂલત આપી તેના મનનું સમાધાન કરી દેવકીનો જીવ ઊગાર્યો હતો. ૯૨૨ સહસ્ત્રબાહુ=સહસ્ત્રાર્જુન. તેણે રાવણને હરાવી કેદ ર્યો હતો.

સુણે વચન નહિ સુહૃદનાં, વેગે થાય વિનાશ;
વિદુર વચન નહિ માનતાં કૈરવ કુળનો નાશ. ૯૨૬

વડાતણી નિંદા વડી કરો ન કોઇ કાળ;
કાળ થયો શિશુપાળનો કૃષ્ણ હાથ તત્કાળ. ૯૨૭

પાળે, શિષ્ય સુપાત્ર જે, ગુરુ વચન નિર્ધાર;
ગુરુસુતને સજીવન કર્યો જદુપતિ વચનાધાર. ૯૨૮

અપૂર્વ અદ્ભુત કાર્યથી યશ મળશે અદ્ભુત;
સાગર સો જોજનતણો ઠેકયો મારુત સુત. ૯૨૯

વણ શક્તિ કો કાર્યની ભરો ન કદી એ હામ;
ત્રિપુરારિ તપ ભંગથી થયો ભસ્મ બળી કામ, ૯૩૦

દયા નહિ, દંડજ ઘટે દુર્જય દુષ્ટ પ્રસંગ;
પરવરી પ્રભુ પાતાળમાં નાથ્યો નાગ નીશંક. ૯૩૧

સેવા સ્વામી દુષ્ટની કરો વિચારી કોય;
રાવણ દૂત શુક શી રખે દશા દોહ્યલી હોય. ૯૩૨

વેરીની પડતી વિષે ભલે સજો ભલી સાજ;
ઇંદ્રે જેમ કબંધની કરી રૂડી રક્ષાય. ૯૩૩

---

૯૨૬ પાંડવોને ગામ ગરાસ આપી મહાભારતના યુદ્ધની ખુવારી અટકાવવાની વિદુરે સલાહ આપી હતી. પણ તે ન માની કૈરવો લઢ્યા ને માર્યા ગયા. ૯૨૭ રાજસૂય યજ્ઞને અંતે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની પૂજા કરી, ત્યારે શિશુપાળે તેમની બહુ નિંદા કરી; જે ઉપરથી શ્રીકૃષ્ણે સુદર્શન ચક્ર વડે તેનું મસ્તક કાપી નાંખ્યું હતું. ૯૨૮ કૃષ્ણ તેમના ગુરુ સંદીપન ઋષિના ગત થયેલ પુત્રને ગુરુપત્નીના કહેવાથી જીવતો કરી લાવ્યા હતા. ૯૨૯ દક્ષયજ્ઞમાં સતીએ પ્રાણ કાઢયા પછી મહાદેવજી તપ આદરી બેઠા હતા. તેઓ તપ છોડે ને પાર્વતી સાથે પરણે એટલા માટે તેમની સમાધિ છોડવવા દેવોએ કામને મોકલ્યો હતો. તે મહાદેવના ત્રીજા નેત્રના અગ્નિથી બળીને ભસ્મ થયો હતો. ૯૩૧ નાગ–કાળીનાગ. ૯૩૨ સુગ્રીવને રાવણનો સંદેશો કહેતાં શુકને વાનરસેનાએ બાંધીને બહુ માર માર્યો હતો. ૯૩૩ ઇંદ્રે કબ

વિષય મોહમાં ફસો પડે, તૃપ્ત ન હોવે તેહ;
યયાતિયે યાચ્યો અરે તરુણુ તનુજનો દેહ. ૬૩૪

ભોગ ભોગ શું ભજી રહ્યા ? ક્ષણુ ભંગુર સૌ ભોગ;
લોપ થયા બળિ રાયના સકળ ભોગના ઓઘ. ૬૩૫

કષ્ટ પરસ્પર પેખીને ઊપજે ભાવ સમાન;
જેમ રામ સુગ્રીવ વિષે પ્રગટ્યો સ્નેહ નિદાન. ૬૩૬

દૈવ ગતિ ન્યારી દીસે, કળી શકે નહિ કોય;
જનક પિતા, પતિ રઘુપતિ સતી એવી દુખી સોય. ૬૩૭

મહત્ત્વની ઇચ્છા ઉરે, સેવો સબળું સ્થાન;
બાળચંદ્ર શિવ ભાલમાં, એથી અધિકું માન. ૬૩૮

મહાત્મ જન સેવ્યાથકી મહાન પદવી પમાય;
અધમ વૃત્તિના વાલ્મીકી મુનિવર સત્ય મનાય. ૬૩૯

પરનારીના લોભથી પામ્યા કંઇક વિનાશ;
રાવણુ, વાલી, કીચક જ્યમ પડી કામને પાશ. ૬૪૦

અરિ જૂથમાં એકલા માં જાશો કદી કોય;
પાત થયો અભિમન્યુનો કૌરવ દળમાં જોય. ૬૪૧

પ્રસિદ્ધિમાં નવ આવવું દુઃખદશામાં પ્રાય;
ઋતુપર્ણુને પુર રહ્યો ગુપ્ત જુઓ નળ રાય. ૬૪૨

ધનો શિરચ્છેદ કીધો, ત્યારે તેને ભક્ષ્ય ભક્ષણુ કરવા ઇંદ્રે દયા કરી છાતીમાં મુખ આપ્યું હતું. ૬૩૪ યયાતિ રાજાએ વિષયભોગથી તૃપ્ત ન થતાં જુવાન થવા પોતાના પુત્રોની જુવાની માગી હતી. ૬૩૫ બળિરાજા સરખા ધર્મવિજયી ત્રણે લોકના રાજાના વૈભવનો પણુ વામનજીથી અંત આવ્યો હતો. ૬૩૯ વાલ્મીકી શૂદ્ર સ્ત્રીના સંબંધે લૂંટફાટ અને હિંસા કરી કાળ ગાળતા હતા, તે પાછળથી મહર્ષિના સમાગમે સાત્વિકવૃત્તિના મુનિ બન્યા હતા. ૬૪૨ રાજ્ય હાર્યા પછી દમયંતીથી છૂટા પડી નળરાજા ઋતુપર્ણુરાજાને ત્યાં

કુળધર્મ કદી ક્રૂર, પણ તજો ન તે નિર્ધાર;
ક્ષત્રીવટ જ્યમ નવ તજ્યો અર્જુન કોઇ પ્રકાર. ૯૪૩

પ્રીછી પાત્ર કુપાત્રને ફળ દેવું નિર્ધાર;
સુરા દીધી જ્યમ અસુરને, સુધા વિબુધને સાર. ૯૪૪

મદ્ય પાન કો માં કરો, મદ્યે સદ્ય વિનાશ;
જુવો થયો જાદવતણો મદ્યપાનથી નાશ. ૯૪૫

મહત્ કાર્ય મોટાથકી, અન્યથી હોય ન સિદ્ધ;
ઉપાડી લાવ્યા મારુતિ ઓષધિ ગિરિ સહિત. ૯૪૬

નમ્ર તથાપિ ધૂર્તનો કરો ન કો વિશ્વાસ;
વૃક અસુરે વર મેળવી કરી ઉમયાની આશ. ૯૪૭

દુષ્ટ રાયના રાજ્યમાં માં કરજો કો વાસ;
લંકાધીશ સાથે થયો અસુર સકળનો નાશ. ૯૪૮

નિર્દોષી ઉપર કદી કરો વિચારી કોપ;
અંબરીષને શાપતાં ઋષિ પામ્યા પ્રભુ કોપ. ૯૪૯

બાહુક સારથિને નામે ગુપ્ત રહ્યો હતો. ૯૪૩ મહાભારતના સંગ્રામમાં વડીલ અને સગા સંબંધી સાથે લઢવું ભૂંડું લાગવા છતાં ક્ષત્રિય ધર્મને વળગી રહી અર્જુને ભીષ્મ પિતામહ વગેરે સામે યુદ્ધ કર્યું હતું. ૯૪૬ લક્ષ્મણને મૂર્છા આવી હતી ત્યારે તેમની મૂર્છા વાળવા હનૂમાન સુષેણે મગાવેલી ઔષધિનો આખા પર્વતને ઊપાડી લાવ્યો હતો. ૯૪૭ વૃક અસુર–એનું બીજું નામ ભસ્માસુર હતું. તેણે મહાદેવ પાસેથી વરદાન મેળવ્યું હતું કે જેને માથે હું હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય. પછી પાર્વતીજી ઉપર તેની દકુષ્ટિ થવાથી એ વરદાનના બળે મહાદેવને તે બાળવા જતો હતો. પરંતુ વિષ્ણુ ભગવાનના છળથી તેના હાથે તેનો પોતાનોજ નાશ થયો. ૯૪૯ પરમ વૈષ્ણવ અંબરીષ રાજા ઉપર વિના કારણ ક્રોધ કર્યા માટે ભગવાને દુર્વાસા ઋષિ પાછળ સુદર્શન ચક્ર મૂક્યું હતું.

શરણાગતને નવ તજો, ભલે જાય કદી શિર;
રક્ષા કરી તક્ષકતણી સુરપતિયે ધરી ધીર. ૯૫૦

દુષ્ટ કામ કો નવ કરો, પ્રભુ નવ સાંખે તેહ;
ભગિનીસુત સંહારતાં પડ્યો કંસનો દેહ. ૯૫૧

સુજન મહાજનનો કરો રાજકાજમાં યોગ;
વસિષ્ઠ મુનિ ઋષિ આદિનો રામે કર્યો નિયોગ. ૯૫૨

વેશ ઉપરથી વર્તજો જનના મનના ભાવ;
જેમ જરાસંધે લહ્યો કૃષ્ણ ભીમ છળ દાવ. ૯૫૩

હિરણ્યકશિપુ જ્યાં ગયો, દેવ નમ્યા સપ્રણામ;
ભૂંડાથી ત્યમ ભાગજો નેષ્ટ ગણીને નામ. ૯૫૪

મૃત્યુ ટાળ્યું નવ ટળે કરતાં લાખ ઉપાય;
પડી પરિક્ષિત રાયની સર્પ દંશથી કાય. ૯૫૫

ભાસ જગતનો સ્વપ્નવત્ દીસે મૃગજળ રૂપ;
જીવનમુક્ત એ જ્ઞાનથી જનક વિદેહી ભૂપ. ૯૫૬

સમારંભમાં નવ જશો વણ તેડ્યે કો સ્થાન;
તાત સદન જાતાં થયું સતીનું અતિ અપમાન. ૯૫૭

છળ બળથી પણ દુષ્ટનો ફેડી નાંખો ફંદ;
કાળયવન હરિયે હણ્યો, કરી નિમિત્ત મુચકુંદ. ૯૫૮

---

૯૫૦ જનમેજયે સર્પસત્રમાં જ્યારે નવકુળ નાગ હોમવા માંડ્યા હતા ત્યારે તક્ષક જઈ ઇંદ્રાસને વીંટાઈ ઊગર્યો હતો. ૯૫૧ ભગિનિસુત–દેવકીના પુત્ર. ૯૫૩ બ્રાહ્મણને વેષે ભિક્ષાને બ્હાને યુદ્ધની ભિક્ષા માગવા ગયેલા શ્રીકૃષ્ણ અને ભીમને જરાસંધે ઓળખી કાઢ્યા હતા. ૯૫૭ તાતસદન–દક્ષ પ્રજાપતિને ઘેર; સતી–પાર્વતીનું પૂર્વજન્મનું નામ. ૯૫૮ કાળ-યવનથી નાસતાં શ્રીકૃષ્ણ ભૂલથાપ ખવડાવી શત્રુનો ઘાટ ઘડવા પર્વતની ગુફામાં દીર્ઘ નિદ્રા કરતા મુચકુંદ ઉપર પોતાનું પીતાંબર ઓઢાડી ચાલતા થયા. પછી કાળયવન ત્યાં આવ્યો તેણે પીતાંબર ઉપરથી કૃષ્ણ અહિં સૂઈ ગયા છે એમ ધારી લાત મારી

અરિને જીત્યો હોય, પણ રહો ન તેથી નીશંક;
જરાસંધને જીતીને રહ્યા ન કૃષ્ણ નચિંત. ૯૫૯

મ્હાશયને માં છેડજો, અસહ્ય એનો કોપ;
ભસ્મ થયા સુત સગરના થતાં કપિલનો કોપ. ૯૬૦

ગર્વ કરો માં કો તમે, હોય ગર્વથી હાણ;
જેમ ગયા રાવણતણા વાનર દળથી પ્રાણ, ૯૬૧

ટેક એક કદી નવ તજો પડતાં વિપત પ્રહાર;
ધ્રુવજી તજી ઘરબાર જ્યમ વિચર્યા વન મોઝાર. ૯૬૨

માનિનીને અતિ માનથી વ્યાપે માન અપાર;
જેમ વલ્લવી ગોપીને ઊપજ્યો ગર્વ વિકાર. ૯૬૩

વાદ કરો નહિ શઠથકી, હસી કાઢો નિર્વાદ;
શૃગાલનો જ્યમ નવ ધર્યો હરિયે ઉર બકવાદ. ૯૬૪

મુચકુંદને જગાડ્યો. એટલે કાળયવન વરદાનના પ્રભાવને લીધે મુચકુંદના નેત્રના અગ્નિથી બળીને ભસ્મ થઈ ગયો. ૯૫૯ જો કે કૃષ્ણે મથુરા પર ચઢી આવનાર જરાસંધને સત્તર વાર હરાવ્યો હતો, તોપણ તેથી નચિંત ન રહેતાં ફરીને તેના હુમલાનો ત્રાસ ટાળવા પોતે મથુરા મૂકી પશ્ચિમ સમુદ્રમાં દ્વારકા વસાવી રહ્યા હતા. ૯૬૦ સગર રાજાનો અશ્વમેધનો ઘોડો હરી જઈ ઈંદ્રે કપિલ મુનિની પૂંઠે બાંધ્યો હતો. ત્યાં સગરના પુત્રો ઘોડો શોધતા આવી ચઢયા. તેમણે કપિલ મુનિને અશ્વ ચોરનાર માની બહુ અપમાનનાં વચન કહ્યાં. તેથી ગુસ્સે થઈ મુનિયે તેમને બાળી ભસ્મ કરી નાંખ્યા. ૯૬૨ અપરમાનાં કડવાં વચન સાંભળી ધ્રુવજી બાલ્યાવસ્થામાં પણ પોતાનો ટેક રાખી વનમાં તપ કરવા ગયા હતા. ૯૬૩ રાસમાંથી એક ગોપીને લેઈ ભગવાન એકાએક અદૃશ્ય થયા હતા. ભગવાને સાથે લીધાથી તે ગોપીને બહુ ગર્વ થયો. તેથી તેણે ભગવાનને કહ્યું કે હું થાકી ગઈ છું, માટે તમે મને ખભે બેસાડો. ૯૬૪ 'ભગવાન તો હું જ છું, તું તો ઢોંગી છે' એવું જ્યારે મિથ્યા ડોળ કરતો શૃંગાલરાજા

શત્રુ હોય કદી મિત્રનો, નિજ વેરી સમ જાણુ;
સુગ્રીવશત્રુ વાલીના રામે લીધા પ્રાણ. ૯૬૫

હોય અધિક અપરાધ, પણ ક્ષમા કરે ધીર વીર;
દ્રોણસુતના જયમ કર્યા યુધિષ્ઠિરે ધર્મ ધીર. ૯૬૬

ભીમે દુર્યોધનતણો કર્યો અધિક ઉપહાસ;
વિરોધ બીજ એ વાવતાં ઊપજ્યો ભારત ત્રાસ. ૯૬૭

પુણ્ય કર્મ એવું કરો હોય ઘણાંનું હિત;
ભગીરથ સુરસરી લાવતાં પાવન થયા અમિત. ૯૬૮

પરદારાનું અપહરણ ક્લેશ વૈરનું મૂળ;
વિધુ તારાને હરી જતાં દેવ ક્લેશ વ્યાકુળ. ૯૬૯

અલભ્ય વસ્તુ સાધવા કરો ન હઠ કો વાર;
ગાય ન પામી વસિષ્ઠની, કૌશિક ક્રોધી અપાર. ૯૭૦

આપ શત્રુના શત્રુ શું સજો મિત્રતા સાર;
કૌરવ પક્ષે કર્ણથી સજ્યો સ્નેહ નિર્ધાર. ૯૭૧

હાનિ કિંચિત હોરીને હરજો મોટી હાણ;
અલકાપુરી બચાવવા પુષ્પક દીધું વિમાન. ૯૭૨

હામ ન હારે શોકથી ધીર વીર નર જેહ;
હઠયો ન અર્જુન યુદ્ધથી પડતાં સુતનો દેહ. ૯૭૩

બોલ્યો, ત્યારે શ્રીકૃષ્ણે તેને હસી કાઢયો હતો. ૯૬૬ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચે પુત્રોને પાંચ પાંડવ ધારી ઊંઘતા મારી નાંખ્યા હતા, તે બાબત અર્જુન જ્યારે અશ્વત્થામાનો શિરચ્છેદ કરવા જતો હતો, ત્યારે યુધિષ્ઠિરે તેને અટકાવી અશ્વત્થામાના અપરાધ ક્ષમા કરી તેને છોડાવ્યો હતો. ૯૬૯ વિધુ-ચંદ્ર. ૯૭૦ વસિષ્ઠ પાસે કામદુધા ગાય હતી, તે પડાવી લેવા વિશ્વામિત્રે બહુ યત્ન કર્યો હતો, પણ તે વસિષ્ઠના તપોબલ આગળ ફાવ્યા ન હતા. ૯૭૨ રાવણે કુબેરને જ્યારે હરાવ્યો, ત્યારે પુષ્પક વિમાન આપી તેનું મન મનવી અલકાપુરીનું આખું રાજ્ય જતું બચાવ્યું હતું. ૯૭૩ સુત-અર્જુનનો પુત્ર અભિમન્યુ.

માનીતું સ્વામીતણું, દેજો તેને માન;
સતભામાને નારદે આપ્યું પુષ્પ નિદાન. ૯૭૪

વિચારી નારી જાતનો લેજો કો નિઃશ્વાસ;
શાપ થયો જ્યમ ચંદ્રને, તમને ઉપજે ત્રાસ. ૯૭૫

દેશો દંડ અદંડ્યને, પાછળથી પસ્તાય;
માંડવ દંડ્યાથી થયા શૂદ્રતનુજ યમ રાય. ૯૭૬

જો નિજ મસ્તક ભય ભમે, કરો ન નિદ્રા ઘોર;
શતધન્વાએ મારિયો સત્રાજિતને ઠોર. ૯૭૭

વિકટ કામ પણ વિનયથી જ્યમત્યમ કરી સધાય;
શુક્ર પાસ રહી કચ શીખ્યો મૃતસંજીવન વિદ્યાય. ૯૭૮

સુહૃદપણાનો સ્હેજમાં થાય ભંગ કો વાર;
દ્રુપદ રાય ને દ્રોણનું ઉદાહરણ ઉર ધાર. ૯૭૯

રણમાંથી પાછો ફરે, ફરે સર્વ ધિક્કાર;
જેમ પ્રદ્યુમનનો થયો કૃષ્ણથકી તુછકાર. ૯૮૦

---

૯૭૫ ચંદ્ર રોહિણીને વશ થઈ બીજી છવીસ સ્ત્રિયોની સંભાળ સરખી લેતો નહિ, તેથી તેને ક્ષયનો શાપ થયો હતો. ૯૭૬ બાળચેષ્ટામાં ન્હાના જીવજંત માર્યા માટે માંડવ ઋષિને મોટપણે અઘટિત શૂળીની શિક્ષા નિર્માણ કર્યાને લીધે ઋષિયે યમ રાજાને શાપ દીધો હતો, કે તું મૃત્યુલોકમાં શૂદ્ર થઈ અવતરીશ. તે ઉપરથી યમરાજાને દાસીપુત્ર વિદુરનો અવતાર લેવો પડ્યો હતો. ૯૭૭ સ્યમંતક મણિ પડાવી લેવા શતધન્વાએ ઊંઘતા સત્રાજિતનો વધ કર્યો હતો. ૯૭૮ બૃહસ્પતિનો પુત્ર કચ વેષ બદલી શુક્રાચાર્યને ત્યાં રહી તેમની પાસેથી મૃતસંજીવની વિદ્યા શીખી લાવ્યો હતો. ૯૭૯ અભ્યાસકાળમાં ગુરુભાઈ હોઈ મિત્ર છતાં દ્રુપદ રાજા થયા પછી તેની પાસે દ્રોણાચાર્ય મૈત્રીનો દાવો કરતા ગયા, ત્યારે દ્રુપદ રાજા ઉપહાસ કરી બોલ્યો કે રાજા અને ભિક્ષુકને મૈત્રી કેવી? ૯૮૦ પ્રદ્યુમ્ને કૌરવકુળની કન્યા લક્ષ્મણાનું હરણ કર્યું તેને લીધે કૌરવ સાથે ભારે લડાઈ થઈ, તે પ્ર-

નીચ કનેથી પણ શીખો સુબોધ ગુણુ નિર્ધાર;
દત્તાત્રે ગુરૂ બહુ કર્યા કરી ગ્રહણુ ગુણુ સાર. ૯૮૧

સમરથ સાથે છળ કરી સુખી ન થાય કદાય;
કપટ કરી જ્યમ કૃષ્ણુ શું બ્રહ્મ દેવ પસ્તાય. ૯૮૨

મિથ્યા સાખ ન કદી પૂરો, હાણુતણી એ ખાણુ;
કામદુધા શાપિત થઈ પુરાણુમાંહિ પ્રમાણુ. ૯૮૩

સવાઈ થાતાં સપૂતની તાત હૃદય હરખાય;
જીત થતાં લવ કુશની રામજી રંજન થાય. ૯૮૪

હિતેચ્છુ જન આગળ કરો, વાત વિપતની જેહ;
કરી કુંતિયે કૃષ્ણુ શું, જે કંઇ વીતી તેહ. ૯૮૫

શરણું લ્યો હરિ ચરણુમાં, જ્યમ દ્રૌપદી ગજરાજ;
વિપત હરીને વેગથી પ્રભુ દેશે સુખ સાજ. ૯૮૬

દૈવેચ્છાથી જે મળે, કરો ગ્રહણુ નિર્ધાર;
શુક્રસુતાને જ્યમ કરી યયાતિયે સ્વીકાર. ૯૮૭

સંગે ગદાપ્રહાર થતાં પ્રધુમ્ન જ્યારે પીઠ ફેરવી પાછો હઠયો, ત્યારે કૃષ્ણે તેનો બહુ તિરસ્કાર કર્યો હતો. ૯૮૨ કૃષ્ણ ન્હાનપણુમાં ગાયો ચરાવતા હતા, ત્યારે તેમના ઐશ્વર્યની પરીક્ષા લેવા બ્રહ્મા વત્સનું હરણુ કરી ગયા. તે વખતે ભગવાને પોતાની માયાથી નવાં વાછડાં નીપજાવ્યાં. તેથી બ્રહ્માનું અભિમાન ઊતરી ગયું ને તેઓ મનમાં બહુ પસ્તાયા. ૯૮૩ મહાદેવનું કારમું જ્યોર્લિંતિગ ઉત્પન્ન થયું હતું, તેનો તાગ જોવા એક તરફ બ્રહ્મા ને બીજી તરફ વિષ્ણુ ગયા હતા. તેમને તેનો તાગ જડયો નહિ, તે છતાં બ્રહ્માને તાગ જડયો એવું કહ્યાથી કામદુધા શાપિત થઈ હતી. ૯૮૭ શુક્રની પુત્રી શર્મિષ્ઠાને સખિયે કુવામાં નાંખી દીધી હતી, તેને મૃગયાએ ગયેલા યયાતિ રાજાએ કાઢી. તે વખતે શર્મિષ્ઠાએ કહ્યું કે તમે મારો હાથ ઝાલ્યો માટે પતિ થઈ ચૂકયા તે ઉપરથી યયાતિયે બ્રાહ્મણુની પુત્રી છતાં તેનું પાણિગ્રહણુ

જ્ઞાન ગ્રહણ કરજો તમે સદા સર્વદા નેટ;
પ્રલ્હાદે ઉર જ્યમ ધર્યું રહી માતને પેટ. ૯૮૮

કાવ્ય અને કવિ.

કવિતા કરી જાણી નહિ, ધૂણ્યું ન શિર સુણી કાવ્ય;
સરસ દેહરૂપ નગર, પણ વિના સરોવર વાવ. ૯૮૯

કવિની ઋદ્ધિ સિદ્ધિનો અખૂટ ભરચો ભંડાર;
અધિક પછી શું રાજ્યથી, જહાં કાવ્ય અધિકાર ? ૯૯૦

ૐકાર શિક્કો કાવ્યનો, ટંકશાળ મતિરૂપ;
નીકળે નાણું ત્યાંથકી; ઉત્તમ જેહ અનુપ. ૯૯૧

મ્હોર થાય મ્હારાજની, કવિવરની પણ તેમ;
કવિ મ્હોર નૃપ મ્હોરથી આપે અધિકું ક્ષેમ. ૯૯૨

પલટી શકશે કાળને યથા નૃપતિ નિર્ધાર;
આણ કવિ વર્તાવતા કાળ ઉપર બહુ વાર. ૯૯૩

ચરણ ધરીને આંતરે વિશ્વ સકળ વિશ્વેશ;
કવિ ચરણ વિસ્તારથી મણા ન રાખે લેશ. ૯૯૪

સ્વતંત્રતા કવિરાજની મહા નિરંકુશ નેટ;
રાજપાટને તુચ્છ લહે, લહે માનધન શ્રેષ્ઠ. ૯૯૫

કવિતા મોટી માવડી, સાચા સુખનું સ્થાન,
ક્લેશ હરણ, શાતા ભરણ, કરુણા કરણ નિદાન. ૯૯૬

અમરાપુરીમાં નવ મળે અચળ અનુપ ઉલ્લાસ,
તેવો મનસાપુરીમાં કવિતા કરે પ્રકાશ. ૯૯૭

કવિતા કરી જાણી નહિ, સુણી ન જે હરખાય,
કવિતા ત્યાં કોડી સમી વણ મૂલે વેચાય. ૯૯૮

કર્યું હતું. ૯૮૮ પ્રહ્‌લાદ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે નારદજીએ તેમને ઉપદેશ કર્યો હતો.

કવિતા માત પ્રતાપથી હરિ ગુણ યશનું ગાન,
રજની દિન રટતાં શીખી ટળ્યું તિમિર અજ્ઞાન. ૯૯૯
લાખો કોટિ દામથી લાભ સરે નહિ જેહ,
કવિતા રૂપી અભ્રથી વરસે અમ્રત મેહ. ૧૦૦૦
કલ્પ વૃક્ષ મારે મતે કાવ્ય માત ભલી ભાત;
તન મન ધન તુજમાં વસે સંતત મારી માત ! ૧૦૦૧
પૂરણ ચિત્ત પરોવતાં કાવ્ય ચરણ મોઝાર,
હરિ ચરણ દર્શન થતાં વંદું વારંવાર. ૧૦૦૨

આશીર્વચન.

ભરતખંડની ભૂમિનો વધો પ્રતાપ વિશેષ;
ચઢતે પ્હોરે જયમ વધે દ્યુતિમાં પૂજ્ય દિનેશ. ૧૦૦૩

સમાપ્તિ.

ગીતિ.

ગરવા ગુર્જર દેશે રાજનગર નગર નૌતમ વિરાજે,
જ્યાં જન પાવનકારી સરિતા સાબરમતી રુચિર રાજે. ૧
માણિકચોક તહિં છે નગરનું જે નાક લોકમાં કહાવે;
ત્યાં શુભ સાંકડીશેરી સજ્જનપ્રેરી સમીપ સોહાવે. ૨
ગુણસાગર નાગર ને અન્યવર્ણ વળિ વસે જેમાં;
સેવકરામતણા સુત સદન કરીને વસે સુખે તેમાં. ૩
સ્નેહી સુશીલ સંગે બાલ્યાવસ્થા વિષે ભલી ભાતે
ભાવે વિદ્યા સેવી મતિ ગતિ પ્રેરી જ્ઞાનની વાતે. ૪
ટેકી નેકી વિવેકી કચ્છનરેશ્વર સમીપ આ ટાણે
મંત્રી પદ અવલંબી ભુજ વસી પ્રભુ યશ સુકાવ્યથી વખાણે. ૫
સદ્ગુરુ ઇષ્ટ પ્રતાપે સંવત [૧]શશી [૫]બાણ [૯]ભક્તિ [૧]ભૂ વર્ષે
છોટાલાલ સહસ્રી આશ્વિન માસે રચી પૂરા હર્ષે. ૬
વાંચે એહ વિવેકે જન જે, જુગતે કરે મનન મનમાં,
શુભ મારગ તે પામે, વામે અજ્ઞાન આવરણ ક્ષણમાં. ૭

પુસ્તકોની યાદી

[illegible] પ્રસિદ્ધ થયેલાં [illegible]

[illegible] ની આજીવિકાનું [illegible]

[illegible] ઇ. સ. [illegible]

[illegible]

શ્રેષ્ઠી [illegible] પ્રાકૃતાદિ [illegible] [illegible]

શ્રાવકધર્મ [illegible] …… [illegible]

ગુજરાત [illegible] ([illegible]) [illegible]

ગુજરાતની [illegible] ([illegible])

[illegible] ([illegible])

[illegible] ([illegible]) ……

[illegible]

[illegible] પ્રાકૃત [illegible]

([illegible])

સંસ્કૃત [illegible] ([illegible]) ……

અર્ધમાગધી ([illegible]) ……

છંદોલક્ષ પંચાધ્યાયી ([illegible]) ……

મળવાનાં ઠેકાણાં

મુંબઈ—પંડિત જેઠાલાલ [illegible] ભુલેશ્વર [illegible]

[illegible]

[illegible]—ભદ્ર, હરિલાલ [illegible] બુકસેલર.